
કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ તંત્રી : બચુભાઈ રાવત
વર્ષ ૩૭·અંક ૧૧ ૪૪૩ નવેમ્બર ૧૯૬૦



૭૨મી જન્મજયંતી
૧૪ નવેમ્બર ૧૯૬૦

‘નેહરુને જેમણે પોતાના વિરોધી કે દુશ્મન ગણ્યા છે તેઓ પણ નેહરુથી મુગ્ધ થયા વિના રહી શક્યા નથી... નેહરુએ ઘણું સુખ ભોગવ્યું છે, ઘણું દુઃખ પણ ભોગવ્યું છે. પરંતુ એ નિષ્કામ કર્મયોગી સુખદુઃખની લાગણીથી પર છે. જિંદગીનાં શ્રેષ્ઠ વર્ષોમાંથી દાયકા કરતાં વધુ વર્ષ જેલમાં કષ્ટ અને માનસિક યાતનામાં ગાળ્યાં; પ્રિયતમા પત્ની ગુમાવી; જે દેશની અખંડતા અને સ્વતંત્રતા માટે તેઓ આજીવન લડ્યા તેના ભાગલાનો સ્વીકાર કરવો પડ્યો; ભાગલાને પરિણામે અમાનુષી અત્યાચાર જોવા પડ્યા. તેમ છતાં આ દેશના ભવ્ય ભાવિમાં અડગ વિશ્વાસ રાખીને તે પુરુષાર્થમાં ઓતપ્રોત રહ્યા છે. ભારતે જે ભવ્ય સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેનો વધુમાં વધુ યશ કોઈ એક વ્યક્તિને આપી શકાતો હોય તો તે આજ નેહરુના ફાળે જાય છે.’ —સોડમ

અનુક્રમણિકા

નવેમ્બર ૧૯૬૦ • અંક ૪૪૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

મૅટ્રિક વજનો ફરજિયાત

તા. ૧લી ઑક્ટોબર, ૧૯૬૦થી નીચે જણાવેલા વિસ્તારોમાં, લેવડદેવડના તમામ વ્યવહારમાં ફક્ત મેટ્રિક વજનો જ ઉપયોગમાં લેવાના રહે છે. વેપારધંધા માટેનાં તમામ મેટ્રિક વજનો પર, તોલ અને માપના સત્તાવાળાઓ દ્વારા યોગ્ય રીતે છાપ મારેલી હોવી જોઇશે. આ સિવાયના અન્ય કોઈ પણ વજનોનો ઉપયોગ ગેરકાયદેસર ગણાશે.

આન્ધ્ર પ્રદેશ : વિશાખાપટ્ટણમ્, કૃષ્ણા, ગુન્તુર, કુર્નૂલ, હૈદરાબાદ, વારંગલ, તથા નિઝામાબાદના જિલ્લાઓ તેમજ રાજ્યમાંનાં તમામ નિયમિત (રેગ્યુલેટેડ) બજારો.

આસામ : નવગોંગ જિલ્લો તથા ગૌહત્તી ગામ.

બિહાર : ભાગલપુર અને રાંચીના વિભાગો (ડીવિઝન્સ) તથા પટણા અને તિરહુર વિભાગોમાંના મ્યુનિસિપલ તેમજ જાહેર કરાયેલા (નોટીફાઇડ) વિસ્તારો.

ગુજરાત : અમદાવાદ, રાજકોટ અને વડોદરા, એ શહેરો, તથા રાજ્યમાંનાં તમામ નિયમિત બજારો (રેગ્યુલેટેડ મારકેટ્સ).

કેરાળા : કાળીકોડ, એર્નાકુલમ, તથા ક્વીલોનના જિલ્લાઓ.

મધ્યપ્રદેશ : સેહોર, ઇન્દોર, ગ્વાલિયર તથા જબલપુરના જિલ્લાઓ તથા રાજ્યમાંનાં તમામ નિયમિત બજારો.

મદ્રાસ : મદ્રાસ, ચિંગલપુર, દક્ષિણ આર્કટ, અને ઉત્તર આર્કટના જિલ્લાઓ તથારાજ્યમાંનાંતમામનિયમિતબજારો.

મહારાષ્ટ્ર : મુંબઈ, પૂના, નાગપુર, ઔરંગાબાદ, શોલાપુર, કોલ્હાપુર, આકોલા, અમરાવતી, વર્ધા, યેવતમલ, એ શહેરો તથા રાજ્યમાંનાં તમામ નિયમિત બજારો.

મ્હેસુર : બૅંગ્લોર, રાયચુર, ધારવારના જિલ્લાઓ તથા રાજ્યમાંનાં તમામ નિયમિત બજારો.

ઓરિસ્સા : બેરહામપુર, કટક અને સાંબલપુર ગામો.

પંજાબ : અમૃતસર, જલંદર, લુધિયાણા, અંબાલા, પતિયાળા, ગુરગાંવના જિલ્લાઓ તથા રાજ્યમાંનાં તમામ નિયમિત બજારો.

રાજસ્થાન : અજમેર, બિકાનેર, જોધપુર, જયપુર, કોટા, તથા ઉદયપુરના જિલ્લાઓ.

ઉત્તર પ્રદેશ : મીરત, આગ્રા, લખનૌ, બરેલી, મોરાદાબાદ, વારાણસી, કાનપુર, ઝાંસી, અલ્લાહાબાદ, તથા ગોરખપુર એ ગામો.

પશ્ચિમ બંગાળ : કલકત્તા અને હાવરાના મ્યુનિસિપલ વિસ્તારો.

દિલ્હી : આખું દિલ્હી.

હિમાચલ પ્રદેશ : મંડી અને સિરમુરના જિલ્લાઓ.

મણિપુર : ઇમ્ફાલ ગામ.

ત્રિપુરા : અગરતલા ગામ.

આંદામાન અને નિકોબાર ટાપુઓ : પોર્ટબ્લેર ગામ.

પોંડિચેરી : આખું પોંડિચેરી.

★

નીચેના વેપારધંધાઓ તથા ઉદ્યોગોમાં, લેવડદેવડના વ્યવહારમાં મેટ્રિક પદ્ધતિનાં તોલ અને માપનો ઉપયોગ ફરજિયાત છે.

શણ, સુતરાઉ કાપડ, લોખંડ અને પોલાદ, ઇજનેરી, ભારે રસાયણો, સિમેન્ટ, ખી કુ, કાગળ, રીફ્રેક્ટરીઝ, બિનલોહ ધાતુઓ, તથા રબર-ઉદ્યોગો, વનસ્પતિ, સાબુ, ઊનની બનાવટો, રૂના ફોરવર્ડ મારકેટોનું નિયંત્રણ તથા કૉફી બોર્ડના લેવડદેવડ વ્યવહારમાં.

મેટ્રિક પદ્ધતિ

સરળતા અને એકસમાનતા માટે

ભારતસરકાર દ્વારા પ્રકાશિત

ડીએ ૬૦/૪૦૬



[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]


આ ભવિષ્યવાણી હતી!

"કુદરતના ખજાનામાં ગુજરાતની આ સમૃદ્ધિ આડે હજી તો તકદીરનાં તાળાં છે. લક્ષ્મીને હોડમાં મૂકી નસીબ સાથે ખેલવા ગુજરાત પાવરધું છે. પ્રકૃતિનાં પારખાં લેવાની. માણસની અક્કલે છેલ્લામાં છેલ્લી હદે ખીલવેલા વિજ્ઞાનની ચાવી વડે એલદિલીથી એ પાંદડું ખેસવવા ગુજરાતમાં પ્રયત્નો થાય, ગુજરાતનું નસીબ ખૂલી જાય, ધરતીનું એ ધન ઊભરાઇ ગુજરાતમાં એ પેટ્રોલિયમનું પૂર વહેવા માંડે,—તો હિંદને સમૃદ્ધ કરતાં ગરવી ગુજરાતનો જગતમાં જયવારો બોલી જાય તેમ છે." ('કુમાર' એપ્રિલ ૧૯૪૯, પાનું ૧૦૦)

ગુજરાતના ભૂગર્ભના ઘેરા ઊંડાણમાં, જ્યાં પેટ્રોલિયમ સંભવી શકે તેવી, આર્ય કલ્પના ત્રેતાયુગના પડોનો વિસ્તાર દર્શાવતી, ગુજરાતની ભૂસ્તરીય રચના સંબંધે રામસિંહજી રાઠોડનો સચિત્ર લેખ 'ગુજરાતમાં પેટ્રોલિયમ' આજથી અગિયાર વર્ષ પર 'કુમારે' આપેલો. એમાં, પેટ્રોલિયમની અછતમાંથી ઊભરવા નવાંનવાં ક્ષેત્રો વિકસાવવાન. ઇલાજો સાથની જે શુભ ભાવના ઉપરના શબ્દોમાં ભવિષ્યવાણીની જેમ, વ્યક્ત કરી હતી—આજે એ સુવર્ણગંગા વહેતી થઈ છે.

(કિલ્લા પારડી)—હરીશભાઇ મં. સંઘાડિયા

[*આજ સુધી સંકોચને લીધે અમે નહિ વ્યક્ત કરેલી આ લાગણીના ટેકામાં હવે આ સામે અમે એ અંકમાં આપેલો એક નકશો પ્રકટ કરી સંતોષ લઇએ છીએ.-તંત્રી]



ગુજરાતના ભૂગર્ભમાં જ્યાં પેટ્રોલિયમ સંભવી શકે તેવાં, આર્ય કલ્પના ત્રેતાયુગના પડોનો વિસ્તાર દર્શાવતી ગુજરાતની ભૂસ્તરીય રચના

★ અંક ૪૪૧માં 'કંકાવટી' વિભાગમાં 'ગણિતશાસ્ત્રી લીલાવતી'ના લેખની થોડી ભૂલો પ્રત્યે લક્ષ દોરું?

ભાસ્કરાચાર્ય દક્ષિણના પંડિત નહોતા, પરંતુ તેમનું જન્મસ્થાન પાટણની નજીક 'વીજલવીડ' ગામ હતું. શંકર બાળકૃષ્ણ દીક્ષિત કૃત 'ભારતીય જ્યોતિષશાસ્ત્રના ઇતિહાસ'માં આને લગતી ઘણી માહિતી આપી છે.

ત્રીજા ફકરામાં 'ચોઘડિયું' શબ્દ વાપર્યો છે તે અસ્થાને છે. ચોઘડિયાં ફક્ત યાત્રા પૂરતાં જ ઉપયોગી ગણાય છે. તેથી ભાસ્કરાચાર્ય જેવા મહાન ફલિત-ગણિત-જ્યોતિષી શુભકાર્ય માટે 'ચોઘડિયાં' જેવું સ્થૂલ મુહૂર્ત લે, તે સંભવિત નથી. ઉપરાંત, તે સમયે ચોઘડિયાં અસ્તિત્વમાં હશે કે કેમ તે વિષે યે શંકા છે. તે સમયમાં વધુમાં વધુ પ્રચાર 'હોરા'નો હતો એમ જૂનાં શાસ્ત્રો પરથી જણાય છે. ચોઘડિયાની મુદત તો દિનમાનના આઠમા ભાગ સુધી, એટલે કે લગભગ દોઢ કલાક સુધીની છે, એટલે તરત ચોઘડિયું વીતી જાય તે અસંભવિત છે. તે જગ્યાએ મુહૂર્ત શબ્દ પણ—ખરો અર્થ જોતાં, અને ફકરો ચોથો જોતાં -ન વાપરી શકાય. 'ઇષ્ટ પલ' વધારે યોગ્ય રહે.

ઉપરાંત 'લીલાવતી' ગ્રંથ લીલાવતીએ જ લખ્યો છે, એવું કોઈ પ્રમાણ મળતું નથી. તે ગ્રંથ ભાસ્કરાચાર્યે જ લખ્યો છે ને તેને પોતાની પુત્રીના સ્મરણાર્થે 'લીલાવતી' એવું નામ આપ્યું છે એવી હકીકત ઘણાક ગ્રંથોમાં મળી આવે છે. ભાસ્કરાચાર્યે 'સિદ્ધાંત-શિરોમણિ' નામનો મહાન ગ્રન્થ ચાર ખંડમાં લખેલો, તેનો પહેલો ખંડ 'લીલાવતી', બીજો 'બીજ-ગણિત', ત્રીજો 'ગણિતાધ્યાય' અને ચોથો ખંડ 'ગોલાધ્યાય' છે. 'લીલાવતી'માં મુખ્યત્વે પાટીગણિત, ઘનમૂલ, ઘનફલ વગેરે અંકગણિતનું જ જ્ઞાન છે, ગણિતશાસ્ત્રનું નહિ.'

આ વિષે અન્ય જાણકારો પ્રકાશ પાડશે તો ઘણો જ આનંદ થશે.

(મુંબઇ) —હરીશ મકવાણા

મારે ગઈ કાલે નિશાળમાં 'શરીર-વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર'ની પરીક્ષા હતી. તે પહેલાં મેં 'કુમાર'માંથી 'કાયાની કરામત' વાંચી (જે, ના પાડયા છતા વાંચવી ચાલુ રાખતાં ઠપકો પણ ખાધેલો) ને મારા સદ્ભાગ્યે પરીક્ષામાં 'કુમાર'માં આવેલું 'અસ્થિતંત્ર' જ પુછાયું, જેના મને પૂરેપૂરા માર્ક આવશે. પરીક્ષા આપી ઘેર વાત કરી ત્યારે મને કહ્યું કે જરૂર તેં 'કુમાર'ની પસંદગી બહુ જ સારી કરી છે. આવું જ 'કુમાર'માં આપતા રહો તો સારું. 'કાયાની કરામત' છાપવા માટે હું ને મારા ઘરનાં ઘણો આભાર માનીએ છીએ.

(રાજકોટ) —યોગેશ પંડયા

આમ તો હું કુમારનો ગુપ્ત પ્રસંશક છું જ. 'કંકાવટી'માં આપે સૂરસામ્રાજ્ઞી લતા મંગેશકરનો પરિચય પ્રકાશિત કર્યો તે વાંચીને મને આપના પત્ર માટે વિશેષ માન પેદા થયું. પરંતુ પરિચયમાં આપે એક ભૂલ કરી છે. સ્વર્ગીય દીનાનાથનું કુ. લતા જ્યેષ્ઠ સંતાન છે, સૌ. આશા બીજે નંબરે છે.

(ભાવનગર) —જયવંત મુ. ત્રિપાઠી

ઇંગ્લિશ ચલણ પાઉન્ડ માટે '£' આવી અને અમેરિકન ચલણ ડૉલર માટે '$' આવી નિશાની વાપરવામાં આવે છે, જેમાં તેના ઉચ્ચારણ શબ્દને બંધબેસતો અક્ષર ન હોવા છતાં તે પસંદ કરવામાં આવી છે. તો આ સંજ્ઞા કોઈ હેતુપુરઃસર પસંદ કરવામાં આવી છે કે અકસ્માત્ પસંદ થઈ છે?

(ઉપલેટા) —મૂલચંદ વસનજી

અધરું

· શિખરિણી ·

સ્વીકારી લીધેલી ફરજ થઇ બોજે શિર પરે
દમે, દાબે, મારા પગ લડથડે, ધૈર્ય પીગળે;
ધવાએલા કોઇ પશુ સમ તને લોહી નીગળે;
અશક્તિ ને' એની શરમથી હયું બેવડ વળે.

કહેતાં પંપાળી સ્વજન: 'સહવું એ ફરજ છે;
બીજાનું, જો તારે શિર ચૂકવવાનું કરજ છે.
ભવિષ્યોત્કર્ષોની વળી કઠિન તે આ જ સીડી છે;
ન ભૂલે: ભાઈ તેં જીવન જીવવા હામ ભીડી છે.'

દ્વિધામાં છું: બોજો વહું? તજી દઉં? શું ઉચિત છે?
કઠે છે માથે જે વજન, કઠતી એવી દીનતા;
રહી ગૈ લાગે છે કશી મુજ વિષે શક્તિહીનતા;
છતાં અહાયેલું ફરજ વિષયે મારું ચિત છે.

ન જાણું કે કેવું જીવન ગણવું, સાર્થક, ખરું;
ભલે જીવું ત્યારે સ-ભર—જીવવું જાણું: અધરું.

જયન્ત પાઠક

આ એ જ

· વસંતતિલકા ·

આ એ જ સ્થાન: વરસો શબ શાં દટાયાં;
આ એ જ માર્ગ યદિ અંધ થઉં નિહાળું,
ચાલ્યો જઉં વૃષભ જેમ ફરે અચૂક,
સ્હેજે પદેપદ ધરું વણઠેશ લેશ.

આ એ જ વાસ લઘુ ઘોલકી જીર્ણકાય
વૃદ્ધા ટકાવી ઊભી કેવળ દષ્ટિ સ્હાય!
આ એ જ બેવડ વળી ક્ષીણ જાળીનેણાં–
થી દષ્ટિ દૂર પળતી નવ; સ્વપ્ન ભાળ્યાં
જેથી દિગંતભરતાં ક્ષિતિજોની પાર.

આ એ જ દ્વારમુખ ખુલ્લું રહંત બોખું
શબ્દો સૂંઢંત કદી આવત જેમ પંગુ
જ્યાંથી વહંત ગીતગંગ અનેકધાર.
માળા સુરમ્ય કીધ આશથી ચલ્લીઓએ
ખૂણેખૂણે નિરખયા અવિરામ ઊડે.

ના કૈં ઘડી ય નવરાશ પડ્યું' છ કામ
આ વીણવા સ્વપન પિચ્છ પડેલ અંહીં.
ને ચંચુચંચુ કણથી દ્વિજબાળ પોષે
ખેલે રમે વળી લડે ચિચિયારી શોરે
કલ્લોલ છે નિજ કુટુંબ ભર્યાભર્યાનો.

શશિશિવમ્

સન્ધ્યાન્ત રાત્રિ

· વિષમ હરિગીત ·

રોજના માર્ગે જનારો
પંથ ભૂલ્યો આજ તે આ સૂર્ય
(મારી જેમ) અથડાતો કુટાતો આખરે
પ્હોંચ્યો ઘરે.

ને સાંજના સત્કારમાં હોંશે ભરેલું
કો' અધીરું દીવડું આછું હસ્યું!
જ્યોતથી એની (જરા શું વીંટળાએલું)
તિમિર કેરું વસન આછું ખસ્યું!
રિક્ત ઘરને થોડુંથોડું તેજનું સંગીત
સાંભળવા મળ્યું.

પણ ત્યાં
સમીરના એક હલ્લાથી અચાનક
દીપનાં નયનો બિડાયાં,
ને સળગતી વાટ
ધુમાઇ દબાઇને ગઇ બૂઝી.
બરોબર એ જ વેળા કો' અદેખી
(દૂરથી ઊડતી જતી) કોયલ ઊઠી કૂજી!

અલ્પતા મારી
છતી કરતી ખખડતી પાંખનો
બોદો ધ્વનિ... (ક્ષણ એક)
ને મુજ રંક ઘરનું મૌન આ
—અવશેષમાં.

હેમન્ત દેસાઈ

ઉપમા નહીં આપું

· મુક્તક ·

રૂપાળું છે રૂપક કિંતુ ખુમારી એની ક્યાં જાશે!
હું કાતિલ નેનને શમશીરની ઉપમા નહીં આપું!
કરીને ઘાવ હૈયા પર, પ્રણયઅમૃત વહાવે છે;
પ્રિયે! તારી નજરને તીરની ઉપમા નહીં આપું!

દીપક બારડોલીકર

અતિ તાપે સરોવરનાં સલિલ સુકાયલાં જોઇ,
'અકિંચન છે! કશું કૈં માગશે' ક્હી દૂર ર્‌હેનારા!
સદા આપ્યું' છ એણે, કોઇ દી ટીપું નથી માગ્યું',
ને માગ્યું' છે તો બારે મેઘથી ઓછું નથી માગ્યું'.

ગની દહીંવાળા

પ્રેમનો મર્મ

· ગાન ·

તેં પૂછ્યો પ્રેમનો મર્મ અને હું દઇ બેઠો આલિંગન,
જ્યાં પ્રથમ મેઘ વરસ્યો, સરિતાએ તોડ્યાં તટનાં બંધન.

એક અગોચર ઇજન દીઠું
નયનભૂમિને પ્રાંગણ;
હું સઘળી મોસમમાં માણું
એક અહર્નિશ ફાગણ;
શતદલ ખીલ્યાં કામ્ય કમલ પર સૌમ્ય ગીતનું ગુંજન... તેં૦

નીલવર્ણુંનું અંબર, એમાં
સોનલવરણી ટિપકી;
વીંધી શ્યામલ ઘટા,
પલકને અંતર વીજળી ઝબકી;
નયન ઉપર બે હોઠ આંજતા અજબ નેહનું અંજન... તેં૦

હરીન્દ્ર દવે

પ્રાગડ પ્હોરે

· ગાન ·

પણે તીરે કોઇ મોરલી છેડે
પ્રાગડ પ્હોરે પાણી ભરું હું એકલડી આણી કેડે!
ઊઘડતું હજી આભ ને સામો આરો ય ઘણો દૂર,
તો ય તે જાણે લાગતું અહીં—ક્યહીંથી ઊઠતો સૂર!
હળવીહળવી લે'રખીની સંગ મુજને રમવા તેડે!—પણે૦

સુણતી બેઠી કાખમાં રાખી બેડલાં નીર ભરેલ,
અમલનું કીધ પાન–રે એવી સુખદ સરતી વેળ!
ત્યહીં અચિંતું ભાંભરી ઊઠે ગોધણ સીમને શેઢે!—પણે૦

'શૈ ગ્યું અસૂરું', ફફડાટે ઈ પટ ઉપાડું પાય,
ગામ ભણી પડે પગલાં તોયે ઉર વાંહે વંકાય!
(ને) 'ચલચલ' કે'તું જલ છલોછલ છલકે હેમને બેડે!
પણે તીરે કોઇ મોરલી છેડે!

પ્રદ્યુમ્ન તન્ના

વિચારવિશેષ

સંયુક્તકુટુંબની પ્રથા

અમેરિકાની મેરીલીઆર્ન યુનિવર્સિટીના માજી ચાન્સેલર પ્રો. બારસોદ્દી, વલ્લભવિદ્યાનગરમાં થોડા વખત માટે રહેવા આવ્યા હતા. એક દિવસ વાતવાતમાં એમણે કહ્યું કે હિંદ સ્વતંત્ર થયા પછીથી એ પોતાની સારી ચીજો અપનાવી લેશે અને એને ઉત્તેજન આપશે એમ હું માનતો હતો. પણ અહીં હિંદમાં આવ્યા પછીથી હું જોઉં છું કે હિંદ ગાંધીજીને ભૂલી રહ્યું છે અને અમેરિકાનું અનુકરણ ઘણી જ ઝડપથી કરી રહ્યું છે.

હિંદ પાસે એની સંયુક્તકુટુંબ-પ્રણાલિકા હતી. સંયુક્ત કુટુંબમાં અનાથ બાળકો જેવી ચીજ જ નહોતી. મા, બાપ કે બંને ગુજરી જાય છતાં પણ બાળકો સારી રીતે ઊછરતાં; એમને ભણાવવા કે ધંધે લગાડવાની વ્યવસ્થા થતી. કુટુંબનાં માણસો એમને પરણાવતાં ને એમની નાવ સારીરીતે ચાલે એવી વ્યવસ્થા કરતાં.

વૃદ્ધો માટે ઘરમાં માનભર્યું સ્થાન રહેતું. એ વૃદ્ધો પણ નવરાં તો ન જ બેસી રહેતાં. સ્ત્રીઓ ને પુરુષો શક્તિ પ્રમાણે, તબિયત સારી હોય તો જીવતાં લગી, કંઈક ને કંઈક કામ તો કરતાં જ. સૌથી વિશેષ તો એ હતું કે, જુવાન વહુવારુ કે બહેન-દીકરી સામે કોઈ અણછાજતી છૂટ લઇ ન શકતું. વૃદ્ધોની નજર બધે જ ફરતી.

સંયુક્ત કુટુંબ-પ્રથામાં જુદાજુદા સ્વભાવ પ્રમાણે કંઈક મનદુઃખ થતું, પણ એકબીજાને નભાવી લેવાનું અને કામથી તથા પૈસાથી ઘસાઈ છૂટવાનું પણ શિક્ષણ મળતું. આવા ઘસાઈ છૂટવા માટે જે ત્યાગ કરવો પડે તે એક પ્રકારના વીમાનું પ્રીમિયમ હતું. જુવાનીમાં મા અગર બાપ ગુજરી જાય તો એનાં છોકરાંઓની સંભાળ લેવાનો તેમ જ ઘરડાંઓની ઘડપણમાં ચાકરી થવાની જ છે એનો પણ આ પ્રથાએ વીમો ઉતરાવ્યો હતો.

છોકરાં પ્રેમભર્યા વાતાવરણમાં ઊછરતાં. સૌ નાનપણથી જ સાથે રમતાં ને ભણતાં હોવાથી દાક્ષિણ્ય કેળવાતું. છોકરાંઓને ભણતર સાથે ઘરની કેળવણી ગામના બીજા લોકો જોડેના વર્તનમાં કામ લાગતી. પશ્ચિમની 'સહકારી હિલચાલ' ને 'હિંદનાં સંયુક્ત કુટુંબો' વચ્ચે આ એક મહત્ત્વનો ફરક હતો. સહકારી સોસાએટીઓ કેવળ પોતાના સભ્યોના 'ઉત્કર્ષ' માટે કામ કરે છે. સંયુક્ત કુટુંબવ્યવસ્થાની સહકારભાવના બીજાઓને મદદ કરવા માટે 'ત્યાગ'ની ટેવ પાડતી.

અત્યારે પશ્ચિમમાં ને ખાસ કરીને અમેરિકામાં બાળકો બીજાંઓની દેખરેખ તળે મોટાં થાય છે. મા ને બાપ બંને આખો દિવસ કામમાં જ હોય છે. એક એક મિનિટની ત્યાં કિંમત છે. જીવનધોરણ ઊંચું રાખવાની અને નિભાવવાની ચિંતા હર મિનિટે રાખવી પડે છે. કામમાંથી પરવાર્યા પછીથી આમોદપ્રમોદ માટે પણ દોડાદોડી તો ખરી જ! ઘરમાં રસોઇ કરવાની પણ ફુરસદ નથી હોતી. ખાસ કરીને બપોરનું ખાણું તો બહાર ગમે તે હોટેલમાં જ લેવાનું હોય છે. ત્યાં પણ ધણીધણિયાણી તેમજ છોકરાંઓ જુદેજુદે સ્થળે જમી લે છે.

માબાપ, છોકરાં અને ભાઈભાંડુ વચ્ચે હિંદમાં સંયુક્ત કુટુંબમાં જે ઘનિષ્ઠ સંબંધ હતો તેવો આજે અમેરિકામાં નથી. ત્યાં દ્રવ્ય ખૂબ વધ્યું છે; આમોદપ્રમોદની ચીજોમાં ખૂબ વધારો થયો છે; દર ત્રણ માણસે એક નાની કે મોટી મોટરગાડી મળી રહે છે; છોકરાંને ઉછેરવાની વ્યવસ્થા હોય છે; એમની દેખભાળ બહુ સારી રીતે રખાય છે; મોટાં થતાં ભણવાની વ્યવસ્થા પણ બહુ જ સુંદર થઈ રહેલી છે; આમ છતાં ત્યાં બાળકોને 'માબાપનો પ્રેમ' મળતો નથી. પરિણામે આખી પ્રજા ઉચ્છૃંખલતા તરફ જઇ રહી છે. સ્વતંત્રતાનું સ્થાન સ્વચ્છંદતામાં આવતું જાય છે.

બીજી બાજુ પતિપત્નીનો એકબીજામાં વિશ્વાસ ઘટતો જાય છે. લગ્ને એક ધંધાદારી ભાગીદારીનું સ્વરૂપ લીધું છે. 'આઈ શૅલ નૉટ બી ફેઇથલેસ ટુ ધી' અગર 'अहं त्वां न वंचयिष्यामि' અગર તો 'नाहं परतरं गच्छेत्' એ બધી ભૂતકાળની વાતો બનતી જાય છે અને હિંદમાં પણ એવું જ બનશે એમ દેખાય છે.

હિંદમાં વિદ્વાનો છે છતાં આ જૂની સારી ચીજો અપનાવી લેવાની વાત કેમ કોઇ કરતું નથી? ખરું સુખ ભૌતિક ચીજોની વિપુલતામાં નથી પણ સંતોષમા જ છે, એ વાત સૌ કેમ ભૂલી જાય છે? ભૌતિક ચીજોની વિપુલતામાં જો સુખ હોત તો અમેરિકામાં ગાંડાઓની આટલી મોટી સંખ્યા ન વધી હોત.

હિંદની સૈંકડો વર્ષોની સંસ્કૃતિ તરફ નજર કરો. જૂની દુનિયાની અનેક પ્રજાઓનું જ્યારે નામનિશાન રહ્યું નથી, ત્યારે હિંદની હિંદુ પ્રજા હજી પણ જીવંત છે. પશ્ચિમનું સારું જરૂર લો, પણ તમારું સારું હોય તેનો ત્યાગ ન કરો. જગત અત્યારે હિંદ તરફ મીટ માંડીને જોઇ રહ્યું છે કે એ પોતાની સંસ્કૃતિને કેવી રીતે સજીવન કરી શકે છે? હિંદ આમાં જો નિષ્ફળ જશે તો જગતનું ભાવિ વિનાશને માર્ગે છે, એમ દેખાય છે. એક અમેરિકન વિદ્વાન અને વિચારકના વિચારો હું જે રીતે સમજ્યો છું, તે અહીં ઉતાર્યા છે. —ભાઇલાલભાઇ પટેલ

ગુજરાત ગરવી ક્યારે?

વીતેલા વર્ષમાં રાજ્ય પુનઃરચનાનો પ્રશ્ન ફરી ઉખેળાયો અને વિશાળ મુંબાઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યો બન્યાં. બંધારણ-પોથીમાંથી મુંબાઇનું નામ રાજ્ય તરીકે લગભગ બસો વર્ષે ભૂંસી નાખવામાં આવ્યું. ગુજરાત રાજ્યનો આરંભ લોકોમાં જોઈએ તેવો ઉત્સાહ ઉભરાવી શક્યો નહિ, પરંતુ રાજ્યની શરૂઆત અત્યંત પવિત્ર વાતાવરણમાં, નવીન રીતે, ગુજરાતના ત્યાગી સંતપુરુષ રવિશંકર મહારાજને હસ્તે થઈ. રાજ્યનો આરંભ કશા જ જૂના સાધન વિના નવેસરની તૈયારીથી કરવાનો હતો, પણ એ ભગીરથ કામને પહોંચી વળવાની શક્તિ ગુજરાતના મોવડીઓ અને કર્મચારીઓએ બતાવી.

ગુજરાત સામે ભાવિ ઉજ્જવળ છે, પણ એ ઉજ્જવળ ભાવિએ પહોંચવાની મજલ ટૂંકી કે સહેલી નથી. એ મજલ માટે પ્રજામાં એકતા જોઇશે, ઉત્સાહ જોઇશે, નિર્ધાર જોઇશે, વિઘ્નો અને અંતરાયોને ઓળંગી જવાની હિંમત અને ધીરજ જોઇશે. આપણે ગરવી ગુજરાતનો જય ગાઇએ છીએ, પણ આજની ગુજરાત ગરવી ક્યારે થશે? એ પ્રશ્નનો જવાબ સરકાર આપી શકવાની નથી. ગુજરાતની જનતા પોતે જ એ જવાબ આપી શકે. ગુજરાતને કીમતી વારસો મળ્યો છે. વ્યવહારબુદ્ધિ, ઉદારતા, એકરાગ, લોકજાગૃતિ બધું ગુજરાતમાં છે. દેશ પણ ગાંધીજીના અને સરદારશ્રીના ગુજરાત પાસે મોટી અપેક્ષા રાખે છે. સહુની મીટ મંડાએલી છે ત્યારે ગુજરાતની જનતાએ પોતાનું ખમીર બતાવવાનું છે. નાના ગુજરાતને પણ માનવંતું સ્થાન અપાવે એવું લોકશાહીની રીતે આદર્શ, ને લોકપુરુષાર્થની, વહીવટની, સમૃદ્ધિની અને સંસ્કારિતાની એમ ચતુર્વિધ રીતે પણ આદર્શ રાજ્ય ગુજરાતને બનાવવાની જવાબદારી આપણુ સૌને— એકેએક ગુજરાતવાસીને શિરે છે. ગુજરાત ગરવી હતી જ ને હવે એની ગરિમાનો પ્રભાવ પાડવાની તક ઈશ્વરે આપણને આપી છે. (ગુજરાત સમાચાર)

ભારત અને ગુજરાતમાં 'અગ્નિયુગ'ની સ્થાપના કરનાર



શ્રી અરવિંદ ઘોષના અનુજ અને સશસ્ત્ર ક્રાંતિના પિતા

બારીન્દ્રકુમાર ઘોષ

લેખક • વલ્લભદાસ અક્કડ

ગુજરાતમાં પહેલી સરવાણી

વડોદરામાં પ્રાથમિક શાળાના લક્ષ્મીનાથ નામના એક યુવાન અજાણ્યા શિક્ષકના વાડામાં દસ બાર માણસોની એક નાની સભા ભરાઈ. એમાં તાજેતરમાં એમ. એ. થઈને ગાયકવાડ સરકારની નોકરીમાં રહેલા છોટુભાઇ પુરાણીએ દેશમાં શરૂ થએલા યજ્ઞકાર્યમાં ફાળો આપવા સમાજનોને આમંત્રણ આપ્યું. માસિક પંદર રૂપિયાના પગારદાર પ્રાથમિક શાળાના એ શિક્ષકના હૃદયમાં દેશભક્તિના અંકુર ફૂટયા ને એણે પોતાના ઘર પાસેની ખંડિયેર જેવી એ જમીન ગુજરાતનાં બાળકોને વીર બનાવવા માટે ભેટ આપી દીધી. આમ 'લક્ષ્મીનાથ વ્યાયામશાળા' શરૂ થઈ. ગુજરાતની સશસ્ત્ર ક્રાંતિની એ પહેલી સરવાણી. એમાં લશ્કરી ધોરણની કવાયત, ૨૦૦-૪૦૦ માઈલની કૂચ, ભૂગોળજ્ઞાન, રસ્તાની માહિતી, નકશા ઉકેલવાની તથા પાણી શોધવાની કળા, પહાડી ગેરિલા યુદ્ધપદ્ધતિ, રાત્રિ-પહેરો વગેરેની પણ તાલીમ અપાતી.

બારીન્દ્રે છોટુભાઈ પુરાણીને બતાવેલા નુસખા પ્રમાણે બૉમ્બ બનાવવાના પ્રયોગો પણ શરૂ થઈ ગયા હતા. આ યોજના લઈને છોટુભાઈ ઇ. સ. ૧૯૧૫માં લાહોર પણ ગએલા અને લાહોરની કૉલેજમાં વિજ્ઞાનના અધ્યાપક તરીકે જોડાએલા. ત્યાં તેઓ ક્રાંતિવાદી ભાઈ પરમાનંદને મળેલા. ભાઇ પરમાનંદને આજીવન કેદની સજા થઇ ત્યારે તેમના સાથીદાર તરીકે પંજાબ સરકારને દફતરે છોટુભાઈનું નામ પણ 'બ્લૅક લિસ્ટ' પર ચડયું; એટલે છોટુભાઈ પંજાબ છોડી ગુજરાતમાં કામ કરવા પાછા આવી ગયા. છોટુભાઈના પ્રયાસથી વડોદરામાં જે ગરમી આવી એની ચેતના ગુજરાતમા પ્રસરતી ગઈ. ગંગનાથ ભારતી વિદ્યાલયે પણ કોઇકોઈ મરણિયા વિદ્યાર્થીઓ આપ્યા હતા.

ગુજરાતના ક્રાંતિકારીઓ

વડોદરેથી સશસ્ત્ર ક્રાંતિની પ્રવૃત્તિ પહેલી ચરોતરમાં પ્રસરી ને વડોદરા કરતાં યે ચરોતર એમાં આગળ ગયું. અસલથી જ ચરોતરનું પાણી તેજ. ઈ. ૧૮૫૭થી લઇ ૧૯૨૦માં નડિયાદ પાસે રેલવેના પાટા ઉખેડયા અને ૧૯૪૨માં અડાસનો ગોળીબાર થયો ત્યાં સુધી ચરોતરની રાજદ્વારી ખુમારી ગુજરાતના ગૌરવ રૂપ રહી છે.

ખેડામાં પુંજાભાઈ નામના એક બહાદુર વકીલ થઇ ગયા. જાતે બાજ ખેડાવાળ બ્રાહ્મણ, છતાં લોહીમાં રતાશ પાટીદારની, ક્ષત્રિયની!



ગુજરાતની ગુપ્ત ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ફાળો આપનાર અનેક પાણીદાર પુરુષો પૈકીના એક અને અમદાવાદના નિડર તથા તેજસ્વી લોકસેવક સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

એમણે દેશ માટે ખૂબ સહન કર્યું. આ પ્રવૃત્તિમાં એ ખલાસ થઇ ગએલા. એવા જ બીજા નર નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ—'ઇશ્વરનો ઈન્કાર' પુસ્તકના લેખક. 'દેશી વનસ્પતિની દવાઓ' નામની બૉમ્બ બનાવવાની પેલી ચોપડીના કર્તા પણ એ જ. બૉમ્બ-પ્રવૃતિનાં મૂળ બતાવવા માટે એમના પર કાચી જેલમાં જે વીતી છે તે અંગ્રેજ શયતાનિયતની પરાકાષ્ઠા હતી. છતાં નરસિંહભાઈ નમેલા નહિ.

અમદાવાદની સૂરત પલટી જનાર સ્વ. દાક્તર હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, સ્વ. બૅરિસ્ટર જીવણલાલ, અને હજુ વિદ્યમાન છે તે શ્રી કૃપાશંકર બહેચરલાલ પંડિત આદિ અમદાવાદના કાર્યકર હતા. નડિયાદ પાસેના વડથલ ગામના શ્રી વસંતરાય શંકરલાલ, નડિયાદના શ્રી ફૂલચદ બાપુજી શાહ (જેઓ ૧૯૨૦થી ગાંધીવાદી બન્યા હતા તે—'ગુજરાત સમાચાર'ના દિલ્હીના ખબરપત્રી શ્રી ચંદ્રકાત શાહના પિતાશ્રી), તેમના મિત્ર શ્રી માધવલાલ નાનુભાઇ ત્રિવેદી, ખાનગી રાહે જેમનું નામ બોલાતું હતુ તે મહેમદાવાદના શ્રી હરિભાઈ ગોપાલજી દેસાઇ, વીરસદના શ્રી ચતુર્ભુજ અમીન [નાસિકમાં અંગ્રેજ કલેકટર જૅકસનનું ખૂન થયું તે અંગે એમની ધરપકડ થએલી, કેમ કે એ ખૂન માટે વપરાએલી રિવૉલ્વર એમના હસ્તક ગયાનો વહેમ હતો, અને એ વાત સંભવતઃ ખરી હતી. રિવૉલ્વરની આ પ્રવૃત્તિને કારણે તો એમની એક આંખ પણ ગએલી—આંખમાં ગોળી વાગેલી! પાછળથી ગાંધીવાદી થઈ એ જેલ પણ ગએલા], કઠલાલના શ્રી ચુનીલાલ ભૂલાભાઇ વ્યાસ અને સોમેશ્વર લલ્લુભાઇ, નર્મદાતીરે ગંગનાથ વિદ્યાલય સ્થાપનાર બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડેના મશિયાઇ ભાઇ ને તે વખતના સૂરત જિલ્લાના નાયબ પોલિસ સુપરિન્ટેન્ડન્ટ શ્રી શિરગાંવકર, ભરૂચના શ્રી ગુલાબચંદ, મહેમદાવાદના જેઠાલાલભાઇ, યાકરોગશાસ્ત્રી શ્રી છોટાભાઈ ઉમેદભાઈ વગેરે સંખ્યાબંધ પાણીદાર પુરુષોના આ બૉબપ્રવૃત્તિમા ગુપ્ત ફાળો હતો. બીજા ઘણા અનામી, અજાણ્યા માણસો પણ સક્રિય કાર્યમાં હતા.



બારીન્દ્ર : જેલમાંથી છૂટયા પછી તરત

ઈ. ૧૯૧૧માં લૉર્ડ મિન્ટો અમદાવાદ આવેલા ત્યારે તેમના પર બૉંબ ફેંકનાર ટોળી પણ આ લોકોમાંની જ હતી. એક વાયકા એવી છે કે એ બૉંબ સૂરતમાં, ટિળક મેદાન પાસેના એક જર્જરિત ઝૂંપડામાં બન્યો હતો અને સૂરતથી વડોદરે થઈ અમદાવાદ પહોંચ્યો હતો.

ઈ. ૧૯૦૮માં અરવિંદ ઘોષ મુંબાઇ ગયા. મુંબાઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજની સામે ત્યારે એક 'આર્કેડિયા બિલ્ડિંગ' હતું. તેની પાછળ 'તેન્નુ કાયા' નામના મકાનમાં ઈ.સ. ૧૯૦૭–૦૮ના ગાળામાં કેટલાક દક્ષિણી વિદ્યાર્થીઓ રહેતા. ઉલ્હાસકર દત્ત અને નંદી બંને બંગાળી ક્રાંતિકારો એમને ત્યાં આવેલા અને અરવિંદ ઘોષે પણ ત્યાં જ મુકામ રાખેલો. પાછળથી જ્યારે બૉંબ-પ્રવૃત્તિને લગતા આરોપોની તપાસ થઈ અને મુકદ્દમા ચાલ્યા ત્યારે ઉક્ત બંને મકાનોમાં પણ જપ્તી આવેલી.

આમ ઈ.સ. ૧૯૦૦થી ૧૯૧૧ સુધીના લગભગ એક દાયકા સુધી ગુજરાતમાં ચાલેલી સશસ્ત્ર ક્રાંતિની હવા તે પછી સ્વદેશી આંદોલન જેવા કેટલાક પ્રોત્સાહક આડપ્રવાહોમાં વળી ગઈ.

વડોદરામાં શ્રી નૃસિંહાચાર્યજીના શ્રેયસ્સાધક અધિકારી વર્ગ તરફથી નૂતન દૃષ્ટિના ધર્મોત્થાન માટે 'મહાકાલ' અને 'પ્રાતઃકાલ' નામનાં બે ગુજરાતી સામયિકો પ્રકટ થતાં હતાં. 'મહાકાલ'ના સંવત્ ૧૯૬૨ના કાર્તિક માસના અંકમાં (એટલે ઇ.સ. ૧૯૦૬માં) એક નોંધ પ્રકટ થઈ હતી. એમાંનું નીચેનું અવતરણ તે કાળની આપણી, ગુજરાતની ઉદ્દામ મનોદશાની ઝાંખી કરાવે છે: 'બંગાળના ભાગલા પાડવાની લૉર્ડ કર્ઝનની પ્રપંચમય રાજનીતિથી હાનિ થવાને બદલે અસાધારણ લાભ થયો છે. અનેક સમર્થ વક્તાઓનાં વ્યાખ્યાનો અને લેખોથી દેશી પ્રજાનું જેવું ને જેટલું ઐક્ય થયું ન હતું તેવું અને તેટલું ઐક્ય લૉર્ડ કર્ઝનની વિપરીત નીતિથી થયું છે. પરતંત્રતાની ધૂંસરીને વહન કરતી પ્રજાને સત્વર સ્વતંત્ર થવાને માટે, ન્યાયી અને દયાળુ સત્તાધિકારીઓની અગત્ય કરતાં અન્યાયી અને જુલમી સત્તાધિકારીઓની અધિક અગત્ય છે. આપણા દેશમાં સ્થળે સ્થળે લૉર્ડ કર્ઝન જેવા અધિકારીઓ હોય તો આપણો દેશોદય જે દસ વર્ષ પછી થતો હોય તે દસ વર્ષ વહેલો થાય.'

આ લખાણમાંનો કટાક્ષ નોંધપાત્ર છે. તે જ વખતના એ સંસ્થાના 'પ્રાતઃકાળ'માં પણ ઉગ્ર લેખો આવતા. જ્યારે 'ભાલા' નામના સામયિકના તંત્રીનો રૂા. ૧૦૦૦ દંડ થયો ત્યારે 'પ્રાતઃકાળ'ના સં. ૧૯૬૨ (ઈ. ૧૯૦૬)ના ચૈત્ર માસના અંકમાં તંત્રીએ નીચેના શબ્દોમાં બ્રિટિશ રાજસત્તાને ઠપકારી: 'રાજ્યસત્તા! તું ગમે તેવા તારા પ્રતાપમય ઘમંડથી પ્રજાને અંજાવવા ધારીશ તો તે અંજાશે, બીબવા ધારીશ તો તે બિબાશે, ચૂસવા ધારીશ તો તે ચુસાશે, 'અન્યાય'ને 'ન્યાય' કહેવડાવવા ધારીશ તો તે પણ તારા બલાત્કારથી કહેશે, પરંતુ એટલું સ્મરણમાં રાખજે, કે પ્રજામાત્રમાં થતા ક્ષોભથી તારું જે અહિત થશે તે, તું ગમે તેટલી સાવધાનતા રાખીશ તો પણ, તને તે મળ્યા વિના રહેનાર નથી. પ્રજાની કકળતી આંતરડીઓનો એક નિઃશ્વાસ ઇન્દ્રના આસનને ડોલાવવા સમર્થ છે, તો તારા શા હિસાબ છે? પ્રજાનો એટલો ઉપકાર માન કે તારા પ્રતિ નિત્ય તે પ્રીતિવાળી રહે છે.'

વીસમી સદીના પહેલા દાયકામાં બારીન્દ્ર ઘોષે ગુજરાતમાં ભટકીને પોતાના મોટા ભાઇ અરવિંદ ઘોષની પ્રેરણા ને દોરવણીથી જે ગુપ્ત રાજદ્વારી પ્રવૃત્તિ ચલાવેલી તે આમ ફલવતી થઈ હતી.

ઈ. ૧૯૦૫માં શ્રી અરવિંદના પુસ્તક 'ભવાનીમંદિર'માં આલેખાએલી યોજનાઓ હવે બંગાળમાં આકાર લઈ રહી અને એમના નાના ભાઇ બારીન્દ્ર ઘોષે તેને મૂર્ત કરી બતાવી. બારીન્દ્ર કૈમુર ગિરિમાળામાં ગયો ને ત્યાં એક જગ્યા પસંદ કરી મંદિર ને આશ્રમ બાંધ્યાં. પણ એટલામાં એને પહાડી તાવ આવ્યો અને એ ત્યાંથી પાછો ફર્યો.

માણેકતોલા બાગ

આથી, મૂળ યોજનામાં દર્શાવેલા ગિરિપ્રદેશને બદલે શ્રી અરવિંદના સૂચનથી તેણે ૧૯૦૭માં કલકત્તાના મધ્ય ભાગમાં આવેલા માણેકતોલા બાગમાં ક્રાંતિકેન્દ્ર ઊભું કર્યું. આ બાગ અરવિંદના પરિવારની મિલકત હતી. એમાં લગભગ અઢી એકર જમીન હતી, એક તળાવ હતું, થોડાં વૃક્ષ અને વચ્ચે ત્રણ ખંડનું એક માળનું ચૉકવાળું મકાન હતું. બારીન્દ્ર થોડા સાથીઓ સાથે અહીં આવી વસ્યો ને 'ભવાનીમંદિર'માં સાધકની જે જાતની મર્યાદા બાંધી અપાઈ હતી તે મુજબ શિસ્તબદ્ધ જીવન શરૂ કર્યું. રોજ નિયમિત ધ્યાન, ગીતાનું તથા ક્રાંતિકારી સાહિત્યનું અધ્યયન વગેરે ચાલતું. ઉપેન્દ્રનાથ બંદોપાધ્યાય ગીતાપ્રવચન કરતા. પ્રત્યેક સભ્યને અહીં પોતપોતાની શક્તિ ને રૉાખને અનુકૂળ વિકાસની સગવડ મળતી. એ શક્તિનો પછી ક્રાંતિકાર્યમાં વિનિયોગ કરવાનો હતો. એમાં બૉંબ બનાવવાનો તેમજ શસ્ત્રાસ્ત્ર એકત્ર કરવા-



ખુદીરામ બોઝ



પ્રફુલ્લ ચાકી



કન્હાઇ દત્ત

ને પણ કાર્યક્રમ હતો.

એ શસ્ત્રાસ્ત્ર તથા બૉંબ મૂકી રાખવા માટે યોગ્ય ભોંયરું જોઈએ. તે શોધવામાં પણ ઘણી શક્તિ ગઈ. બારીન્દ્રની મંડળીએ કેટલાક બૉંબ બનાવેલા. એ ચકાસવા માટે પાંચ જણનું એક જૂથ દેવગઢ ગયું. ત્યાં પ્રફુલ્લ ચક્રવર્તી નામના સભ્યે એક ટેકરી પરથી એક ગોળ પથ્થર પાછળથી બૉંબ ફેંક્યો, પણ એ બૉંબ હવામાં જ ફૂટતાં એની કચ્ચરનો એ ભોગ બન્યો. આ ઘટના ૧૯૦૮ના જાન્યુઆરીમાં બની.

માણેકતોલા કેન્દ્રના સર્વ સાધકો અસાધારણ મનોબળ અને સાહસવાળા મરણિયા માણસો હતા. સાધક એટલે સામાન્ય અર્થમાં ધાર્મિક નહિ પણ માભોમની મુક્તિનો જે પ્રકાશ ક્ષિતિજ પર પોતે નીરખી રહ્યા હતા તે પ્રકાશથી—દેશભક્તિના નવધર્મથી તેઓ પ્રેરાએલા હતા. એમાંના ઘણા એકાગ્રચિત્તે ધ્યાનધારણા કરતા. નલિનીકાંત ગુપ્ત નામના એક કાર્યકર, બાગની ઝાડીઓની ઘટામાં વિષધરો વસતા હોવા છતાં, રોજ રાત્રે ત્યાં નવ વાગ્યા પછી ધ્યાનમગ્ન થતા. અરવિંદના 'ભવાનીમંદિર'ની મા ભવાની તે ભારત માતા હતી; એનું મંદિર એ માતાનાં બાળકોનાં હૃદયમાં હતું; અને આ બાળકો રાષ્ટ્રમુક્તિનો પવિત્ર યજ્ઞ આ માણેકતોલા બાગમાં કરતા હતા. તેમનો ઉદ્દેશ જુલ્મી અમલદારોનાં છૂટાંછવાયાં ખૂનનો નહોતો, પણ મુખ્ય આશય તો રાષ્ટ્રવાદી આંદોલનના શત્રુઓનો નાશ કરવા માટે દેશવ્યાપી સંગઠન યોજવાનો હતો. શ્રી અરવિંદે તો 'રાષ્ટ્રવાદ'ની વ્યાખ્યા આપતાં લખેલું કે 'આ નવો રાષ્ટ્રવાદ એ ઓગણીસમી સદીના હિંદીનું આધ્યાત્મિક રૂપાંતર કરવાનો પ્રયાસ છે.'

જુગાન્તર પક્ષ

બારીન્દ્રના સખત પરિશ્રમથી હવે એ ગુપ્ત મંડળનું કાર્ય વ્યાપક થયું. ચંદ્રનગર, કૃષ્ણનગર, દેવગઢ, સીલ્હટ, રંગપુર, બોગરા, મિદનાપુર ને કટકમાં શાખાઓ નીકળી. બારીન્દ્રે અરવિંદના સૂચનથી માર્ચ ૧૯૦૬થી 'જુગાન્તર' નામે એક માસિક શરૂ કર્યું હતું. એની શૈલી જુસ્સાદાર અને હૃદયંગમ હતી; એના વિચારો અપરોક્ષ છતાં ગુપ્ત હિંસાત્મક પ્રયોગોના પ્રેરક હતા; એના લેખો માત્ર લાગણી કે ઊર્મિને જ નહિ, પરંતુ બુદ્ધિને સુદ્ધાં સ્પર્શતા. પ્રથમ તે કલકત્તાની 'બનમાલી સરકાર સ્ટ્રીટ'ના કામા પ્રિન્ટિંગ પ્રેસમાં છપાતું અને એના પ્રથમ તંત્રી હતા ભૂપેન્દ્રનાથ બસુ. તે પછી બારીન્દ્રે શ્રી હરીશચન્દ્ર ગુપ્તાના સાધના પ્રેસમા એ છપાવવા માંડ્યું, અને દોઢેક વર્ષ ચલાવ્યું. પછી એનું કામ બીજાને સોંપી પોતે નવા કાર્યકરોની ભરતીમાં લાગી ગયા. એ માસિકના નામ પરથી આ ગુપ્ત મંડળીનું નામ 'જુગાન્તર પક્ષ' અપાયું હતું.

અનુશીલન સમિતિ

બારીન્દ્રની એ સંસ્થા દ્વારા કલકત્તા શહેર અને ગ્રામ વિસ્તારમાં વ્યાપક પ્રવૃત્તિ શરૂ થઈ અને વિદ્યાર્થીસમૂહ તે પ્રતિ ખેંચાયો. વિશેષ કરીને શ્રી અરવિંદ ઘોષના વ્યક્તિત્વના ચમત્કારિક પ્રભાવથી સંસ્થાની લાગવગ વધી ને સમગ્ર બંગાળના ઉદ્દામ વિચારસરણીવાળા જુવાનો પર એનુ વર્ચસ્ જામ્યું. આ વર્ગ વિવિધ જૂથોમાં વહેંચાએલો હતો. એમાં 'અનુશીલન સમિતિ' મુખ્ય ઈ. હતી. ૧૯૦૩માં તે સ્થપાએલી. એના પ્રમુખ હતા બૅરિસ્ટર પી. મિત્ર. અરવિંદ ઘોષ ને ચિત્તરંજન દાસ ઉપપ્રમુખો હતા ને સંચાલન પુલીન દાસ કરતા. સુરેન્દ્રનાથ ટાગોર ખજાનચી હતા. પણ આ અનુશીલન સમિતિ ગુપ્ત સમિતિ ન હતી. યુવકોને તાલીમ આપતી એ એક સાર્વજનિક સંસ્થા હતી.


બારીન્દ્ર કુમારઘોષ

આત્મોન્નતિ સમિતિ અને છાત્રભંડાર

બીજી એક સંસ્થા હતી 'આત્મોન્નતિ સમિતિ'. એના આગેવાન હતા શ્રી બિપિનબિહારી ગાંગુલી. પણ ખરું રચનાત્મક કામ તો મોટે ભાગે 'છાત્રભંડાર' નામની સંસ્થા મારફતે થયું. ૧૯૦૬ના આરંભમાં સ્થપાએલી આ સંસ્થા સ્વદેશી માલ વેચતી. લગલગ એકેએક જિલ્લામાં એની શાખા હતી. બારીન્દ્રના તાલીમબદ્ધ યુવકો આ જ સંસ્થા દ્વારા ક્રાંતિનો પ્રચાર કરતા. આંદોલનને ગ્રામવિસ્તારમાં વેગ આપવામાં એ સંસ્થાએ અસાધારણ હિસ્સો આપ્યો હતો. એમાં જે નિરાંત ને સ્વસ્થતા હતી તેથી પોલીસના ડરથી તે ઠીક મુક્ત રહી શકી હતી.

ઈ.સ. ૧૯૦૭નું વર્ષ ગંભીર હતું. બંગાળમાં એ સાલથી બૉંબ ફેંકવાની પ્રવૃત્તિ શરૂ થઈ. સૌપહેલો બૉંબ બારીન્દ્રે બનાવ્યો. એ કાર્યમાં તેની એકાગ્રતા પરાકાષ્ઠા પર પહોંચી. એ માટે તેણે પોતાના પિતા શ્રી કૃષ્ણધન ઘોષના ઘરના વાડામાં જ કારખાનું નાખ્યું. તેમાં હવે ઉલ્હાસકર દત્ત બૉંબ બનાવતો અને બારીન્દ્ર ઘોષ, ઇન્દુભૂષણ રૉય, વિભૂતિ સરકાર અને પ્રફુલ્લ ચાકી તેમાં મદદ કરતા. (અનુ. પૃ. ૪૭૪)


સત્યેન્દ્ર બસુ


યતીન્દ્રનાથ મુખરજી


ઉપેન્દ્રનાથ બૅનરજી

લેખક
જયંતીલાલ મહેતા



હુલ્લડિયા હનુમાન

ઉપરાછાપરી પડેલા દુષ્કાળોએ સૌરાષ્ટ્રની ધરતીને બોડી બામણીના માથા જેવી ઉજ્જડ બનાવી દીધી હતી. સ્ટેશનેથી ગામ જતાં એકે એક ઝાડવું મારું ચિરપરિચિત મિત્ર, સ્વજન હોય તેમ હું વડ઼ફડી પીપર, ભૂખરો લીમડો, લંબૂસ આંબલી ને રાતા રૂખડાના ખબરઅંતર પૂછતો જતો હતો. કબ્રસ્તાનના કિનારે આવેલું આ વૃક્ષઝુંડ માતાની ગોદથી યે અમને વધારે વહાલું હતું. ત્યાં જ અમે ઉજાણી કરતા, ઓળકોળામણી ખેલતા, હસતા બાખડતા, પાછાં મનામણાં થતાં; પણ આજે તો એ ભર્યાભાદર્યા ઘેરાએક વૃક્ષકુટુંબમાંથી બચ્યો હતો માત્ર એકલો અટૂલો રાતો રૂખડો. એની વડવાઇઓને પણ ઉધાત લાગી હતી. મારી ટેવાએલી આંખે તુરત એ રૂખડા નીચે કૌતુક જોઈ લીધું. પાંખી વડવાઇઓ નીચે લપાઇને સૂતેલી એક નાનકડી દેરી હતી. માથે ફરકતી હતી હનુમાનજીની લાલ ધજા. અરે! આ કબ્રસ્તાનમાં હનુમાનજી ક્યાંથી? મારી આંખે ઝાંખપ આવી કે શું? ચશ્માં ઉતારી આંખ ચોળી ફરી જોઇ ખાતરી કરી. હતી તો હનુમાનની દેરી જ!

'અલ્યા મામદ, આ વળી નવું ભાળ્યું! દેરામાં દેવ માતા નો'તા કે કબ્રસ્તાનમાં હનુમાનજીને ખોડી દીધા?'

અને મામદના મોં પર કાળી શાહી ઢળી ગઈ. મારા પ્રશ્નનો જવાબ દેવાને બદલે તે અવાક્ થઈ ગયો. સ્ટેશનેથી અત્યાર સુધી લહેરમાં એકધારું બોલબોલ કરી રહેલા મામદની જાણે જીભ જ સિવાઇ ગઇ! મારાથી જાણ્યે-અજાણ્યે કંઈક આકરો આઘાત થઇ ગયાનો મને પણ ક્ષોભ થયો; અને પછી ઘેર પહોંચી ઘોડાગાડીમાંથી ઊતર્યો ત્યાં સુધી એ ક્ષોભે મારા મનનો એવો કબજો જમાવી રાખ્યો કે મૂંગોમૂંગો ઊતરી સીધો ઘરની ડેલીએ ઊભેલાં મારાં વૃદ્ધ બાને પગે લાગવા ગયો.

રાત્રે વાળુ કર્યા પછી ફળિયામાં એ જ જરીપુરાણો ખાટલો ઢાળી હું અને મારી બા વાતે ચડયાં. ત્યાં મને પેલી હનુમાનજીની દેરી અને મામદનું વિષાદઘેરું મૌન યાદ આવી ગયાં. મેં પૂછ્યું: 'હેં બા, આજે સ્ટેશનેથી આવતાં કબ્રસ્તાનને નાકે મેં હનુમાનજીની દેરી જોઇ. તે ત્યાં વળી હનુમાનજીને કોણે બેસાડી દીધા?'

જવાબમાં મારી બા લાંબો નિસાસો નાખી બોલ્યાં: 'ભાઈ, ઈની તો બહુ લાંબી વાત છે. બચાડા મામદનું જીવતર ચૂંથાઇ ગયું એ હડમાનજીના પરતાપે.'

આમ મારું કુતૂહલ વધુ ઉત્તેજિત કરી મારાં બા પાછાં મૂગાં થઇ ગયાં. આપણા લોકસમાજમાં જે ધુરંધર વાર્તા કહેનારાઓની અસ્ખલિત પરંપરા ચાલી આવી છે તેવા કથાપટુ ડોશી-દીવડાઓ હવે ઓલવાતા જાય છે. આ ઓલવાતા દીવડાઓનાં છેલ્લાં પ્રતિનિધિ જેવાં મારી બા હતાં. તેમની પાસે એક વિશિષ્ટ વૈભવશાળી વાર્તાશૈલી હતી. નાની એવડી વાતને શબ્દહિંડોળે એવી તો હુલાવે, પ્રશ્નોત્તર-શૈલીથી એવી તો લડાવે અને ઉપમાના હિલોળે એવી તો ચગાવે કે જાણે રામાયણ-મહાભારત જેવા કોઈ વિશ્વકાવ્યનું રસપાન કરતા હોઇએ તેવો આનંદાનુભવ થાય. પણ મારા અધીરિયા જીવથી, પૂર્ણવિરામથી યે લાંબું એ અલ્પવિરામ સહેવાયું નહિ: 'તમે પણ શું બા, આમ તૂટકતૂટક બોલો છો? કાંઈ માંડીને વાત કરો તો સમજાય ને?'

'આચા રોયા સંધીડા નીરાશી-કો બહુ ચડયા છે.' મારાં બાએ તેમની રસમય શૈલીમાં વાતની શરૂઆત કરી. મને થયું કે ધીરેધીરે આ

અક્ટોબર. પંદર વર્ષે આજે પાછો મારે ગામ આવ્યો. અમારા ગામનું સ્ટેશન હતું 'ઠ...ર...મી...ણ...સ!'—જ્યાં રેલગાડી આવીને ઠસ થઈ જાય. આ પંદર વર્ષમાં તો જાણે ધરતીએ પડખું જ બદલી નાખ્યું હતું. રેલપાટાનાં પડખાં સાચવતાં લીમડા ને આંબલીઓ ખડે ગયાં હતાં. તેની શીળી છાંયડીને બદલે ભૂત જેવાં ખાલી ઠૂંઠાં ઊભાંઊભાં ધખતા ઘામની પણ મશ્કરી ઉડાવતાં. નજર નાખો ત્યાં સુધી ધરતીનું બદન ઉનાળાના આકાશ જેવું ઉજ્જડ, વેરાન ખાવા ધાતું હતું. બળબળતા રણમાં માત્ર મીઠી વીરડી જેવી આવળો ઉપર પીળાં ધમરક ફૂલોનાં ઝુંડ ખીલી નીકળ્યાં હતાં: દીન, હીન, દુઃખી દુનિયામાં સંતવાણીનાં વચનફૂલડાં જેવાં. એ આવળ-બાવળની વેરવિખેર આછીપાતળી હરિયાળી વચ્ચે સ્ટેશનમાસ્તર અને સાંધાવાળાના, ઝૂંપડાંને ય શરમાવે એવા પડુંપડું થઈ રહેલા ક્વાર્ટર્સ જોઇને થયું કે પંચવર્ષીય શું પણ પચાસ વર્ષીય યોજનાઓ અમલમાં મુકાઈ જાય તો પણ અહીંનું રગશિયું આમ જ ચાલવાનું!

પરંતુ મારા વિચારોની આ ધારા, એક જૂના પરિચિત પણ ભુલાઇ ગએલા ઘાંટાએ તોડી: 'જેન્તીભાઈ...એ જેન્તીભાઈ! ગાડી રાખું ને?'

આજે પંદર વર્ષને અંતે મામદને સાંભળ્યો. હજુ યે એવો જ, તેલ મૂકવાના વાંકે કાળો કીચુડાટ કરતા કોસ જેવો ઘોઘરો ઘાંટો. પણ મામદનું હસતું મોં અને મકાઈના દાણા જેવા મોટા મજાના દાંત જોઈ મારાથી મલકી જવાયું.

મામદે ચપોચપ સામાન ઘોડાગાડીમાં ગોઠવાડી દીધો અને 'હાલ્ય મારો બાપલો કરું' એમ ઘોડાને હલકારો કરતાંકને ગાડી ઉપાડી. સૌથી પહેલી ગાડી મામદની જ ઊપડે એવો વણલખ્યો પણ અટળ નિયમ આજે પણ તેણે સિફતથી સાચવી લીધો. ટ્રેનમાંથી ઊતરેલા આઠદસ હટાણું કરવા ગએલા વાણિયા, ત્રણ કાળા સાડલાવાળી વિધવા બ્રાહ્મણ ડોશીઓ, એક ખાનદાન પણ ઘસાઈ ગએલું લાગતું ગરાસિયા કુટુંબ, પાંચસાત ઉઘાડાં માથાંવાળા ને પહોળા પાયજામા લફડાવતા કૉલેજિયનો—આ બધાંમાંથી, ઘઉંમાંથી કાંકરો વીણે તેમ, મામદની નજરે મને ક્યારે વીણી લીધો, ક્યારે સામાનની જેમ મને પણ ગાડીમાં ગોઠવી દીધો અને ગાડીના બારણાની કટાએલી આંકડી ભરાતું ન ભરાતું તેટલામાં ક્યારે તેનો 'મામદ મેઈલ' હંકારી લીધો! આ બધું જાણે સિદ્ધહસ્ત જાદુગરના ખેલની જેમ મને મુગ્ધ કરી ગયું.

મારું મન આવા વિચારોમાં મગ્ન હતું ત્યાં તો પાછો એ ઘોઘરા સાદના ઘઘરાટે મને જગાડયો: 'બહુ વરહે ભાળ્યા હો, જેન્તીભાઈ, તમને. તમે તો હવે શેઠ થઇ ગિયા. ઓળખાવ એવા ય નથી રિયા.'

'અને તું ય ક્યાં ઓળખાય એવો રહ્યો છે?' મેં મામદને હસતાંહસતાં કહ્યું: 'તારી આંકડાબંધ મૂછો અને માથે લાંબાં ચકચકતાં ઓડિયાંને બદલે ગોખરુ જેવા ટૂંકડા વાળ અને વળેલી કમ્મર સામું તો જો!'

'અરે બાપુ, હું શું, દુનિયા જ આખી વાલામૂઇ બદલાઇ ગઇ છે.' મામદે નિસાસો મૂકતાં ફિલસૂફી ડહોળી; અને હું મામદની દુનિયા એટલે અમારા ગામની બદલાઈ ગએલી સૂરત નીરખવામાં પડયો.

નીરાશીકો (નિરાશ્રિતો), હનુમાનની દેરી અને મામદને, એક જ વાર્તા-દોરે એવાં ગૂંથી લેશે કે મને ખયાલ પણ નહિ રહે.

'બહુ ટાઢ પડતી'તી હોંઈ શિયાળે! માણસ માતર સગડિયું લઇ કે તાપણાં સળગાવી, વહેલુંવહેલું વાળુ પતાવી, ઢાંકીઢબૂરી, ટૂંટિયાં વાળી ગોદડાં ભેગું થઈ જતું. સમીસાંજના સાત વાગ્યામાં તો આપણી ગોરા-વાડીમાં સોપો પડી જાતો. એવે ટાણે પડખે મામદની ડેલીએ ગોકીરો બોલ્યો. તે દિ', મને બરોબર યાદ છે, સંકરાન્તી હતી. ટાઢ તો કે' મારું કામ. દાંતની તો ડાકલિયું વાગે. મને થયું મારા હાળા આવી ટાઢમાં કોણ આ નવરા સાંઢ નીકળી પડયા. પણ વાતવાતમાં, ભાઈ, પાંચ જ મીલટમાં રાડયું ને બોકાસા વધી પડયા. મારા રોયા નીરાશીકો વિના આવી રાડયું કોઇ નૉ પાડે. હું તો ડેલીએ આવીને જોઉં તો ધરબાઇ જ ગઈ! ઈ પાડાઓના હાથમાં લાકડિયું, પાણકા, ઇંટાડાં ને બાટલિયું. સંધાય મામદને સાત પેઢીની ગાળ્યું ચોપડાવે ને બહારો નીકળવા ધધડાવે. હું તો ધડ દઇને ડેલીની બારી ભીડી દઈ ઓંશરીમાં આવી સગડીએ બેસી ગઇ.

પણ ત્યાં તો ગોકીરો વધ્યો. મારો ખણખદિયો જીવ તો તું જાણે છે, ભાઈ! મારાથી રહેવાણું નહિ, એટલે હું નીકળી બહાર અને ઓલ્યા જીવણમલને પકડી પૂછયું, 'અલ્યા, શું છે તે આવા કાળા બોકાસા મારો છો?' પણ મારો બેટો જીવણમલ! અમસ્તો રોજ રસ્તામાં મળે તો માજીમાજી કરી લાળા ચાવે, તે ઈણે તે દિ' શુંય ભાંગ પીધી હશે તે સીધો જવાબ જ ન દીધો. બસ મામદને એક ધાને બે કટકા જેવી મણમણિયા ગાળ્યું દે ને રાડયું પાડે: "અમારા દેવતાને અભડાવ્યા! મારા હાળા મુસ્ટંડા! પાકિસ્તાની હરામખોર! કાઢય બા'ર તારા સગલા હબીબડાને. હમણાં એની આંહીં કબર કરી દઈએ......"

કળેકળે મને સમજાણું કે હબીબડાએ માળે કાંઇક તોફાન કર્યું છે. કબ્રસ્તાન પાસે આ નીરાશીકનાં છોકરાંવે કોઈક પાણકા ઉપર સિંદૂરને તેલ ચડાવી હડમાનજી બનાવી નાળિયેર વધેર્યું, એની ઉપર હબીબડો જઈ મૂતર્યો. ઈ છોકરાંવે જઈ ગામમાં ગોકીરો કર્યો, એટલે આ સૌ ભેગા થઇ હબીબને મારવા વાંસે પડયા. હબીબડો પણ મારો રોયો છે તો આળવીતરો. રોજ ગામના કજિયા ઉછીના લાવે. અને મામદની મા બીચારી હાથજોડ કરી ટાઢું પાડે. પણ આજનો રંગ નોખો હતો. મને કાંઈ સારાવાટ દેખાણી નહિ. એટલે મેં વાજોવાજ મગનભાઇને ઘેર બબલીને મોકલી કહેવડાવ્યું કે અબઘડી આવો, નકર માથાં ભાંગશે.'

વળી પાછું લાંબુંલચ અલ્પવિરામ! છીંકણીની ડાબલીનું ઢાંકણ ઊઘડયું. આસ્તેથી ચપટી ભરાઈ અને વાર્તાને જાણે એ નાનકડી ડબીમાં ધરબી દેવાની કોશિશ કરતાં હોય તેમ બાએ ડબીમાંની બાકી રહેલી છીંકણીને ખૂબ જોરથી અંદર દાબી, તેની ખરબચડી થએલી સપાટીને હળવે હાથે સમારીને સમથળ કરી, ઉપસંહારરૂપે પટ દેતાંક ને ઢાંકણું બંધ કરી દીધું અને મોટું બગાસું ખાધું! સનસનાટીભર્યા કોઇ ચિત્રપટમાં કટોકટીના દશ્યે જેમ ઈન્ટરવલ પડે ને પ્રેક્ષકો આતુર હૃદયે ક્યારે આ વિરામ પૂરો થાય તેની રાહ જોતા ખુરશીઓમાં જ અન્યમનસ્ક ભાવે બેસી રહે તેમ હું ક્યારે આ ચપટીક છીંકણી તેના અંતિમ વિરામસ્થાન બાખા મોંના ગોખલામાં ગોઠવાઇ જાય અને આ અસહ્ય અલ્પવિરામ પૂરું થાય તેની ઉત્કંઠામાં બેસી રહ્યો. આખરે તેનો અંત આવ્યો અને મારાં બાએ વાર્તાનો અધૂરો દોર સાંધી લીધો: 'હાં! શું કે'તી તી?'

'તમે બબલીને મગનભાઇને બોલાવવા દોડાવી.' મેં યાદ દેવડાવ્યું.

'હાં; પણ બબલી આપણી ઘોડવે જબરી, હોં ભાઈ! ગઈ ફેરા એની નિશાળની રમતુંમાં સૌને વાંહે રાખી દીધા'તાં એણે તળાટી લગણ એક સાડે દશ મીલટમાં ઘોડી ગઇ' તી! બાકીની છોડિયું તો બબ્બે ખેતરવા વાંહે હાંફતી'તી!'

'પણ બા!' મારાથી અધવચ્ચે બોલ્યા વગર રહેવાયું નહિ: 'આપણે તો મામદની વાત......'

'હા ભાઈ હા! તું તો બહુ અધીરિયો!' એમ મને સરપાવ આપી ગાડી પાછી પાટે ચડી ગઈ હોય તેમ બોલ્યાં: 'પણ મગનભાઈ હોય તો આવે ને? ઈ તાકડે ચૂંટણીના કામે ગામડે ગિયેલ. પણ કમળાબેન ઘોડતાં આવ્યાં. પણ ઈ પેલાં તો ઓલ્યો હબીબડો એના દાદાવારીની જૂની બંદૂકડી લઈ બહાદરી કરવા બા'ર નીકળ્યો. અને ઇ નીકળ્યો ઇ ભેગા તો નીરાશીકો ગીધડાંની જેમ ઈના પર તૂટી પડયા. એવો માર્યો, ભાઈ, એવો માર્યો, કે એકે હાડકું સાજું નો રેવા દીધું.

હજુ તો બચ્ચાડો દૂધમલ છોકરડો. ઈનું શું ગજું? મારી જ નાખત, હો ભાઈ. પણ ત્યાં કમળાબેન ઠીક ટાણાસર આવી પહોંચ્યાં. મરદ છે હોં, ઈ બાઇ પણ! સીધાં ઘોડીને પડતું મૂકયું તેણે હબીબડા પર, અને બધાને પડકાર્યા: "આવો મારો મને. જો કોઇએ આ છોકરા ઉપર હાથ ઉગામ્યો છે, તો મારી લાશ ભાળશો."

બધા ઠરીને ઠીકરું થઈ ગિયાં. મોં થઈ ગ્યા કાળાંધબ. બહાદરી ભૂલી ગ્યા. જીવણમલ ઈમના નેતા જેવો ઇને તો ભારે ભોંઠપ થઈ ગઇ. ઘડી અધઘડી, સૌ મૂંગામૂંગા જોઈ રિયા. કમળાબેને મામદને અને એની માને બોલાવી ઝોળી કરી હબીબને અંદર લીધો. ભેગી મને પણ ઇશારે બોલાવી લીધી. અ...ર...ર...ર! હબીબડાને કાંઇ માર્યો છે, કાંઇ માર્યો છે! જોઇને મને તો કાળી અરેરાટી છૂટી ગઈ. પણ મામદની મા ભડની દીકરી. હાયવોય ને રોકકળ કરતી મામદની વહુને આંખ કાઢી મૂંગી કરી દીધી, ને મૂંગે મોઢે હળદર મીઠું વાટયાં, ને આખે ડીલે હળવે હાથે લેપ કર્યો. ટાંકણે દાગતરસાહેબ પણ ગામડે ગ્યેલા. કમળાબેન ને હું આખી રાત બેસી રિયાં. કમળાબેન તો ન બોલે કે ન ચાલે. બસ ગોઠણિયાં વાળી, ગાલે હાથ દઈ ઊંધું ઘાલી બેસી જ રિયાં. ઓલ્યા ગોદડિયા મા'રાજની જેમ, જાણે સમાધિમાં બેઠાં હોય ઇમ, સુધબુધ ખોઇ બેઠેલાંની જેમ એક ખૂણે આખી રાત ઠરીને ઠીકરૂં થઇ બેસી રિયાં. મને થયું, માડી, આ ભણેલાંઓને આમ જ વિચારવાયુ થઈ ગાંડાં થઈ જાતાં હશે. મને તો ભે લાગી ગઈ કે આ બાઇને કાંઈક થઈ જાય નહિ!

સવાર પડી ને પાછું નીરાશીકોનું ટોળું લાકડિયું લઈ મામદની ડેલીએ હોકારા દેકારા કરતું આવી પહોંચ્યું. તુરત કમળાબેન બા'રાં નીકળ્યાં અને ખડકીમાં અડીખમ થઈ ઊભાં. પણ હવેનો રંગ બે'ક જુદો જ હતો. બધા જુવાનડા જ હતા. ને માળાઓએ રાતમાં કોણ જાણે ભાંગગાંજો ચડાવ્યાં હશે, તે લાલઘૂમ ડોળા ફાડતા, બાંયું ચડાવતા ગાળ્યુંનો ગોકીરો બોલાવી દીધો. મેં તરત જીવણમલને બોલાવવા બબલીને ઘોડાવી. જીવણમલ આવી પૂગ્યો તયેં વળી ગાળ્યું કાઢવી બંધ કરી સૌ ગુસપુસ કરવા મંડયા. પછી જીવણમલ આગળ આવી બોલ્યો: 'અમને તમારી શરમ પોંચે છે કમળાબેન, નકર ઓલ્યા કમજાત હબીબડાની આંહીં જ અબઘડી કબર કરી દઈએ. પણ હવે ઈનાં ટાંટિયા આ ગામમાં ન જોયેં. અબઘડી જ ગામ છોડી હાલતો થાય તો જ હવે તો અમે જાવા દઈએ.'

કમળાબેને ધીમેથી શાંત સાદે સૌને સમજાવ્યા: 'આ તો ઈની જનમભોમ છે. આંહીં ઈ મોટો થિયો. ઇની મા, ભાઈ, ભાભી સૌને છોડીને એ બાળજુવાન એકલો ક્યાં જાય! સાચી વાત, એણે સારું કામ નથી કર્યું. એ બધાંની માફી માગે. કહે તો હું એના વતી તમારી સૌની, આખા ગામની માફી માગું. પણ ચીભડાના ચોરને ફાંસીની સજા ન હોય. એને ગામપાર તો તમારાથી આવી બળજરીથી ન જ કરાય.' એટલી વારમાં તો મામદ ને મામદની મા બીચારાં હાથજોડ

'પ્રકૃતિ'

'કુમાર'ના વાચકોને જાણીને આનંદ થશે કે આપણા પ્રકૃતિ-વિજ્ઞાન (નૅચરલ હિસ્ટરી) ના એ જૂના, અભ્યાસયુક્ત, સંગીન ને સત્ય માહિતીઓથી સભર અને રસભર્યા ત્રૈમાસિકનું પ્રકાશન આર્થિક તેમજ અન્ય કારણોસર વચ્ચે અટકી રહ્યું હતું તેનું પુનઃ પ્રકાશન થયું છે, અને ૯ વર્ષની લાંબી ગેરહાજરીનો ખંગવાળી દે એવડો ૧૨૦ પાનાંનો પુષ્ટ અંક હમણાં બહાર પડયો છે. પ્રકૃતિ-વિજ્ઞાનમાં રસ ધરાવનારા ઉપરાંત જ્ઞાન-વિજ્ઞાનના જિજ્ઞાસુ વાચકોને પણ અમારી ભલામણ છે કે માત્ર ચાર જ રૂપિયાના વાર્ષિક લવાજમમાં 'ગુજરાત પ્રકૃતિમંડળ'ના સભ્યપદ સાથે આવા વિશિષ્ટ અને સદા સંઘરી રાખવા જેવા સામયિકનો લાભ મેળવવાનું ન ચૂકે. એથી પોતાને લાભ થવા ઉપરાંત ભારતભરની ભગિની-ભાષાઓમાં અજોડ રહીને ગુજરાતને ગૌરવ અપાવે એવા આ સામયિક (તથા તેની સંસ્થા)ને ટકાવી રાખવાનું શ્રેય પણ મળશે.

છેલ્લા અંકની એકાદ વાનગી આગામી અંકમાં આપવાનો ઇરાદો છે.

કરવા લાગ્યાં. અમીનાએ ખોળો પાથર્યો ને સૌને કરગરવા લાગી. હું અંદર જઈ હબીબડાને દોરી લાવી ને તેની પાસે હાથજોડ કરાવડાવી. પણ ગણગણ બોલતો કરતા વીફરેલા નીરાશીકો ચસકયા જ નહિ. એટલે કમળાબેનની આંખ ફરી: 'યાદ રાખજો, મેં ગઈ કાલે કયુ'તું ઇ, કે હબીબ પર કોઇએ હાથ ઉગામ્યો છે તો મારી લાશ ભાળશો. જ્યાં સુધી તમે સૌ હબીબના જાનની બાંયધરી નહિ આપો ત્યાં સુધી અન્નજળ હરામ છે.' આટલું કહી એ ખડકીમાં જ બેસી ગયાં.

ઘડીક વાર તો જાણે સાંભળ્યું જ ન હોય એમ સૌકોઈ ડાચાં વકાસી ખીલાની જેમ ખોડાઈ રિયા. પછી ધીરેધીરે એમના ડાલામથ્થા જેવા મગજમાં વાત ઊતરતાં એક એક જણ સરકવા લાગ્યો. પા કલાકમાં તો આખી શેરી ખાલીખમ થઈ ગઈ.

મામદની માએ અટાણ લગણ છાતી કઠણ રાખેલી. એની હિંમત હવે ભાંગી પડી. એણે મોટી પોક મૂકી. એના મનમાં ભે ભરાઇ ગિયો. એને માંડ છાની રાખી મેં જ્યારે કમળાબેનને ઘેર જાવા કાધું તેયેં અમીનાએ એવી દયામણી નજરે કમળાબેન સામે જોયું કે કમળાબેનથી ઉઠાયું જ નહિ. કમળાબેન કહે કે જ્યાં લગણ નીરાશીકો પાછા આવી ભેગા થઈ એમની માગેલી બાંયધરી નો આપે ત્યાં લગણ પોતાથી અન્નજળ લેવાય નહિ અને આ ઘરમાંથી ખસાય પણ નહિ.

એમ કરી ઇ બાઈ ત્રણ દી' ને ત્રણ રાત મામદની ખડકીમાં ભૂખીતરસી બેસી રહી. કાં તો મૂંગીમૂંગી રેંટિયો કાંતે, ને કાં તો રામધૂન બોલે, ન દિયે ભાષણ કે ન દિયે કોઇને શિખામણ. નગરશેઠથી માંડી આખું ગામ મનાવવા આવી ગ્યું. સૌને જવાબમાં એક જ વેણ કિયેં: "મેં કયાં કાંઈ ગેરવાજબી માગ્યું છે? એક માણસ જેવા માણસનો જીવ નહિ લઇએ એટલું વચન આપતાં જો આપણા લોકોને બળ પડતું હોય તો એવી પરજા વચ્ચે જીવવું જ હરામ છે. એટલે તમે મા'જન પેલાં તો ખોટા રસ્તે ચડેલા નીરાશીકોને સમજાવો. એ લોકો જ મારી પરતિગના છોડાવી શકે". મા'જને મગનભાઇને ગામડે માણસ મોકલી બોલાવ્યા, તો એમણે જવાબમાં કહેવડાવ્યું કે "કમળાએ વાજબી જ કર્યું છે. મારી જરૂર હશે તો કમળા મને બોલાવશે, નકર મારું કામ અધૂરું મૂકી મારાથી નો અવાય."

ત્રણ દિ'માં તો ગામ આખું હેઠઉપર થઇ ગિયું. આમે ય આ ઉધારિયા ગામના ખડુસ જેવા ધંધાધાપા નીરાશીકોએ વચ્ચે આવી રોળી નાખ્યા'તા. એમાં આ કમળાબેન જેવી ભલી, ગામને દુઃખે દાઝતી બાઇનો જીવ લેવા બેઠા. એટલે નીરાશીકો સામે સૌ કતરાવા મંડયા: "અલ્યા, આ દેવતા જેવી બાઈનું ટાઢે કોઠે ખૂન કરવા શું જોઇ નીકળ્યા છો? જે બાઇએ તમને રખડુરામને આંહીં ઘરબાર ને ધંધોધાપો અપાવ્યાં અને મરતા બચાવ્યા ઇને જ હવે મારવા બેઠા છો? સાળા નકરા નઘરા જ છે બધા." બસ, આમ દિ' ને રાત, ચોરે ને ચૌટે ઇ જ વાત, ઇ જ ચરચા. છેવટે ઠેઠ ચોથે દી સવારે કલેકટર સાહેબ બધા નીરાશીકોને લઇને આવ્યા. એમાંથી બે જુવાન અને બે ગલઢાંએ કમળાબેન પાસે આવી માફી માગી ને બાંયધરી આપી. કલેકટર સાહેબને હાથે લીંબુનું શરબત પાઇ કમળાબેનને પારણાં કરાવ્યાં. ગામ આખું ભેગું થ્યું'તું. શેરીમાં તો કીડિયારું ઊભરાણું! તલ મૂકવાની કયાંય જગ્યા ન મળે. કેટલાયની આંખ ભીની થઈ. ગલઢાંબુઢાએ નાક છીંકયાં. કમળાબેને મામદને કહ્યું: "હબીબને લઇ આવ્ય, ભાઇ; આ સૌ સાથે હળીમળી એ પણ મન હળવું કરે."

મામદ ધોડયો અંદર. એક મિલટ, બે મિલટ, પાંચ મિલટ, પણ મામદ ને હબીબ દેખાણા નઈ. સૌની આંખ્યું ઓરડાના બારણામાં ખોડાઈ ગઇ. એટલે અમીના હોઠ ફફડાવતી ઊભી થઇ ને અંદર ગઇ. એને પણ જાણે જુગ લાગ્યો. પાંચ, દસ, પંદર પળ કોઇ બોલ્યું નહિ. સૌ અચરજમાં પડી ગિયું ને મનમાં શંકા કરવા માંડયું કે શું થિયું? શું હશે? શું થશે? મારા મનમાં ય ગજબનો થવા માંડયો ત્યાં તો મામદ ને અમીના એક બીજાને ટેકે ઢીલે પગે પાછાં આવી કાળાંધબ મોં લઈ પરસાળમાં જ ફસકી પડયાં. વગર બોલ્યે સૌ જાણે સમજી ગયાં. નક્કી હબીબને કાંઇ થઈ ગિયું! પણ શું? સૌના હોઠ ઉપર હજાર સવાલ આવી ઊભા છે, પણ કોઇ કાંઇ બોલતું નથી. આંખ્યુંથી સૌ પૂછે છે!

એટલે પછી કમળાબેન ને કલેકટર સાહેબ મામદને ઉઠાડી અંદર ગ્યાં, ને ગ્યાં એવાં જ ખોટા રૂપિયાની જેમ પાછાં આવ્યાં. નીચી મૂંડીએ જાણે જમીનમાં સમાઈ જતાં હોય એમ માથું ઢાળીને કમળાબેન ભીડમાંથી મારગ કરતાં ગુપચુપ ચાલતાં થ્યાં. કલેકટર સાહેબ પણ પોતાની પાછળ આવવા સૌને ઈશારો કરી શેરી બહાર નીકળ્યા. માણસનું કીડિયારું મૂંગુંમૂંગું સરઘસ જેમ નવાપરાના ચોકમાં પોંચ્યું. ત્યાં જઇ કલેકટર સાહેબે એક બોલમાં ફોડ પાડયો: "હબીબ એની ભાભી સકીનાને લઇને આજે પરોઢિયે ભાગી ગ્યો છે."

પછી તો અટકળનો દેકારો બોલ્યો. કેટલાકે કયું મામદે જાણી જોઈને ભગાડી મૂકયો છે. પણ મામદે તો કલેકટર સાહેબને મોઢે ઇમાનના સમ ખાઇ કીધું કે પોતાને કે અમીનાને આ વાતનો અણસાર પણ નો'તો. મામદ કોઈ દી ઇમાનના સમ ખાય નહિ. કેટલાક જુવાનિયા ઊકળી ઊઠયા: ધરતીના પડમાંથી લાવી હાજર કરી દઇએ. સાલો કમજાત! સુવ્વર! કેટલાકે પોલીસની ખબર લઈ નાખી. કેટલાકે કમળાબેનને લઈ નાખ્યાં: "શું જોઇને આવા કમજાતોની વા'રે ધાતાં હશે? ગયા જનમનું હબીબડાનું કમળાબેન પાસે લેણું બાકી હશે."

આટલું બોલી મારાં બા હાથમાં છીંકણીની મોટી ચપટી લઇ ખાલી ડાબલી જેવા બોખા મોંમાં મૂકી ઘસવા મંડયાં, અને વાતની પૂર્ણાહુતિ રૂપે તર્જની ઉપરની ચોંટેલી બજર ખંખેરી ઊભાં થઈ ગયા. તે જ ક્ષણે પડોશમાં મામદના ઘરમાંથી બાળકના રડવાનો અને મામદના ઘોઘરા હાલરડાં ગાતા અવાજોથી વાતાવરણ ભરાઈ ગયું. એ સાંભળ્યું ન સાંભળ્યું કરી મારી બા બોલ્યાં: 'ભાઈ થાકોડો લાગ્યો હશે. હવે જા ખાટલા ભેગો થા.'

પણ એ આખી રાત એ નમાયા બાળકના રુદને મને કાચીપાકી ઊંઘમાં સતાવ્યા કર્યો.

વિદ્વાનોનું ઇપ્સિત જેનું સભ્યપદ નૉબેલ પારિતોષિક મળવા જેટલું ગૌરવશાળી ગણાય છે

લંડનની જગત્શ્રેષ્ઠ વિદ્વદ્-સંસ્થા રૉયલ સોસાઍટી

આ વર્ષે પોતાની ત્રિશતાબ્દી ઊજવે છે

" '૨૮મી નવેમ્બર, ૧૬૬૦
...હમેશ મુજબ એમનામાંના
કેટલાક ગ્રેશામ કૉલેજમાં મિ.
રેનનું વ્યાખ્યાન સાંભળવા એકઠા થયા.' પછી
'...વ્યાખ્યાન બાદ હમેશની રીત મુજબ
તેઓ વિચારોની આપલે કરવા તરફ વળ્યા.' "

કુંઇક વિચિત્ર રચનાવાળાં આ વાક્યો આજે જગભરમાં ખ્યાતનામ થઇ ચૂકેલી લંડનની રૉયલ સોસાઍટીની કાર્યવાહીની સૌપ્રથમ નોંધમાંનાં છે. એ સભામાંના 'કેટલાકે'—એટલેકે લૉર્ડ બ્રાઉન્કર, રૉબર્ટ બૉય્લ, સર વિલિયમ પેટી, જ્હૉન વિલ્કિન્સ વગેરેએ–એ વ્યાખ્યાન બાદ જે વિચારણા કરી તેમાં પ્રાયોગિક તત્ત્વજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે એક મંડળ રચવાનો વિચાર મુખ્ય હતો.

બે વર્ષ પછી રાજા ચાર્લ્સ બીજાએ તેમને શાહી ખતપત્ર અર્પણ કરતાં તેને ધ 'રૉયલ સોસાઍટી ઑવ લંડન ફૉર ધ પ્રોમોશન ઑવ નૅચરલ નૉલેજ' (લંડનનું શાહી પ્રાકૃતિક જ્ઞાનોત્તેજક મંડળ) એવું નામ તથા બંધારણ આપ્યું. આજથી ત્રણ સદી પર સ્થપાએલું, એ મંડળ



↑લંડનના પિકાડિલી ચોકના આ 'બર્લિંગટન હાઉસ'માં રૉયલ સોસાઍટી ઈ. ૧૮૫૭ની સાલથી બેસતી આવી છે. તેના પ્રાંગણમાંની પ્રતિમા જાણીતા અંગ્રેજ કલાકાર સર જોશુઆ રેનૉલ્ડ્ઝની છે. જમણી બાજુ: જગવિખ્યાત વિજ્ઞાની સર આઇઝૅક ન્યૂટનના, રૉયલ સોસાઍટીમાં સંઘરાએલા અવશેષ, જેમાં તેણે જાતે બનાવેલું દૂરબીન, તેની અર્ધપ્રતિમા, તેના શકવર્તી ગ્રંથ 'પ્રિન્સિપિયા'ની મૂળ હસ્તપ્રત, જે ઝાડ ઉપરથી સફરજન પડતું જોઈને તેણે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો તે ઝાડના લાકડાની બે ફૂટપટ્ટીઓ, તેનું ઘડિયાળ, તેના મૃત્યુ પછી તરત ઢાળી દીધેલું તેના ચહેરાનું મ્હોરું ને બાજુની ડબ્બીમાં તેના વાળનો ગુચ્છો.

ત્યારથી તે છેક આજ સુધી વિજ્ઞાનક્ષેત્રે એવું સંગીન કાર્ય કરતું રહ્યું છે કે આજે તેનો ઇતિહાસ તે આધુનિક વિજ્ઞાનનો જ ઇતિહાસ મનાય છે.

શરૂઆતમાં ઇતિહાસ, સાહિત્ય, કળા, પુરાતત્ત્વ કે શોધસફરોમાં રસ ધરાવનાર કોઈ પણ વગદાર વ્યક્તિ આ મંડળની સભ્ય થઈ શકતી. પરંતુ ૧૮૨૦ પછી મંડળનો વહીવટ ઉત્તરોત્તર વિજ્ઞાનીઓના હાથમાં આવતો જતો હોવાથી અમુક ખાસ અપવાદો સિવાય તેના સભ્યપદે વિજ્ઞાનીઓ જ રહ્યા છે. એ સભ્યોની નામાવલિમાં બ્રિટનના વિજ્ઞાનના ક્ષેત્રની તમામ મહાન વિભૂતિઓ ઉપરાંત તેના વિદેશ વિભાગમાં રાષ્ટ્રસમૂહના તેમજ જગતના મોટા ભાગના વિખ્યાત વૈજ્ઞાનિકોનાં નામોનો સમાવેશ થાય છે. સર્વ દેશોના વૈજ્ઞાનિકો સાથે ગાઢ સંબંધો એ શરૂઆતથી જ સોસાઍટીનું એક પ્રમુખ અને ઊજળું પાસું છે.

આ વિજ્ઞાનમંડળનું સભ્યપદ એટલું ઉચ્ચ ને મોંઘુ ગણાય છે કે વિજ્ઞાનની કોઇ પણ શાખામાં ઉત્તમોત્તમ કાર્ય કરનારા મેધાવી વિજ્ઞાનીઓને જ તે મળી શકે છે અને તે માન નૉબેલ પારિતોષિક મળવા જેટલું ગૌરવભર્યું ગણાય છે. મંડળના સભ્યપદ માટેના ઉમેદવાર પુરુષ કે સ્ત્રી (સૌપ્રથમ સ્ત્રી સભ્ય ૧૯૪૫માં નિયુક્ત થયાં)ને માટે મંડળના ઓછામાં ઓછા છ સભ્યોની ભલામણની જરૂરત રહે છે, અને એવું સભ્યપદ (ફેલોશિપ) વરસે માત્ર પચ્ચીસ જણને જ આપવામાં આવે છે. ગયા જાન્યુઆરીમાં તેનાં આવાં ૫૯૪ સભ્યો હતાં, જેમાં ૧૫ સ્ત્રીઓ હતી. આ ઉપરાંત, આશ્રયદાતા તરીકે બ્રિટનનાં રાણી તથા ડ્યૂક ઑવ એડિનબરૅા સાથે છ શાહી સભ્યો પણ છે.

વિજ્ઞાનના ક્ષેત્રમાં નહિ હોવા છતાં વિજ્ઞાનને પ્રોત્સાહિત કરનાર એક વ્યક્તિની પણ દર વર્ષે મંડળના સભ્ય તરીકે ચૂંટણી કરાય છે. આવા





'બર્લિંગ્ટન હાઉસ'માં આવ્યા પહેલાં સોસાએટી જ્યારે 'સમરસેટ હાઉસ'માં બેસતી ત્યારનો તેનો ત્યાંનો સભાખંડ

છેલ્લા સભ્ય સર વિન્સ્ટન ચર્ચિલ છે. આ ઉપરાંત વિદેશના ચાર સભ્યો પણ દર વર્ષે નિમાય છે. અત્યારે આવા ૬૩ વિદેશી સભ્યો છે.

તેનો વહીવટ ૨૧ સભ્યોની કાઉન્સિલ ચલાવે છે. દર પાંચ વર્ષે તેના નવા પ્રમુખ ચૂંટાય છે. અત્યારે સર સીરિલ હિન્શલવૂડ તેના પ્રમુખ છે. તેમના પ્રમુખપદનું આ છેલ્લું વર્ષ હોઈ હવે આ માસમાં નવા પ્રમુખ ચૂંટાશે. વીસમી સદી પહેલાંના તેના પ્રમુખોમાં સર ક્રિસ્ટૉફર રેન(૧૬૮૦–૧૬૮૨), સૅમ્યુઅલ પેપીસ(૧૬૮૪–૧૬૮૬), સર આઇઝૅક ન્યૂટન (૧૭૦૩–૧૭૨૭), સર જોસેફ બૅન્ક્સ (૧૭૭૮–૧૮૨૦), સર હમ્ફ્રી ડેવી (૧૮૨૦–૧૯૨૭), સર જૉસેફ હૂકર (૧૮૭૩–૧૮૭૮), લૉર્ડ કેલ્વિન (૧૮૯૦–૧૮૯૫) ને લૉર્ડ લીસ્ટર(૧૮૯૫થી ૧૯૦૦) મુખ્ય છે. આ સર્વમાં ઈ. ૧૬૭૧માં માત્ર ૨૯ વર્ષની વયે મંડળમાં ચૂંટાએલ



ડાબી બાજુ: સોસાએટીના સભ્ય હૂકે બનાવેલું સૂક્ષ્મદર્શક યંત્ર જે આજે લંડનના સાયન્સ-મ્યૂઝિયમમાં છે; નીચે વચ્ચે: ઈ. ૧૯૩૨માં ઍટમ(અણુ)ને પ્રથમ તોડનાર આજના ઍટમ-યુગનો સ્થાપક, પ્રથિતયશ લૉર્ડ રધરફોર્ડ; જમણી બાજુ: ઑસ્ટ્રેલિયાનો શોધક સાહસસફરી કૅપ્ટન કૂક, જેને ૧૭૩૧માં સ્થપાએલો સોસાએટીનો શ્રેષ્ઠ 'કોપલે ચન્દ્રક' શરૂમાં મળેલો.







સોસાએટીના ચાર નામાંકિત પ્રમુખો: ડાબી બાજુથી–સર ક્રિસ્ટૉફર રેન (૧૬૮૦–૧૬૮૨); સૅમ્યુઅલ પેપિસ (૧૬૮૪–૧૬૮૬); સર હમ્ફ્રી ડેવી (૧૮૨૦–૧૮૨૭,; લૉર્ડ કેલ્વિન (૧૮૯૦–૧૮૯૫).


સર આઇઝૅક ન્યૂટન એ કદાચ આ સોસાએટીની સૌથી વધુ પ્રતિભાશાળી વ્યક્તિ કહી શકાય; કેમકે તેની પ્રકાશ વિષેની શોધખોળો તથા ગુરુત્વાકર્ષણના તેના સિદ્ધાન્તે તો વિજ્ઞાનક્ષેત્રમાં ઘણો મોટો પલટો આણી દીધો. એનું પરાવર્તક દૂરબીન, કે જેના શોધથી ખગોળશાસ્ત્રના અભ્યાસમાં અતિ વિશાળ ક્ષેત્રનાં દ્વાર ખૂલી ગયાં, એ હજી પણ મંડળના સંગ્રહમાં છે. ન્યૂટન ઉપરાંત, ડાલ્ટન, ફેરાડે, ડાર્વિન, જે. જે. ટૅામ્સન તથા રધરફોર્ડ જેવી મહાન વિભૂતિઓનાં નામોય મંડળ સાથે સંકળાએલાં છે.

પોતાના અત્યાર સુધીના આયુષ્ય દરમિયાન વૈજ્ઞાનિક જ્ઞાનના ઉત્તરોત્તર વધતા જતા સંગ્રહમાં આ મડળ જે એકધારો ફાળો આપતું આવ્યું છે તે ભલે કદાચ બહુ ભવ્ય નહિ લાગતો હોય, પણ એથી એનું મહત્ત્વ જરા પણ ઊતરતું નથી. ઓગણીસમી સદીની શકવર્તી શોધો પાછળ અલબત્ત તેના શોધકોની જ પ્રતિભા પડેલી હતી, છતાં તે પાછળ સોસાએટીની સીધી કે આડકતરી સહાય જ રહેલી હતી. સોસાએટીની બેઠકોમાં મુખ્યત્વે તો પ્રસિદ્ધિ અર્થે આવેલા વિજ્ઞાન-વિષયક નિબંધોની ચર્ચાઓ તથા ચાલુ બનાવો વિષેના પરિસંવાદોના રૂપનું જ કામ કરવામાં આવે છે. એ ઉપરાંત ઈ. ૧૬૬૫માં શરૂ કરેલા 'ફિલૉસોફિકલ ટ્રાન્ઝૅક્શન્સ' નામના તેના મુખપત્ર, તથા ૧૮૩૨માં શરૂ કરેલા પ્રકાશન 'પ્રોસીડિંગ્સ'માં અનેક વિદ્વત્તાપૂર્ણ લેખો સમાએલા છે. આ બે પત્રો ઉપરાંત વિજ્ઞાન-વિષયક અન્ય અનેક ગ્રંથોનું પ્રકાશન પણ સોસાએટીના પીઠબળ અને માર્ગદર્શનથી થતું રહ્યું છે. ન્યૂટનનો ખ્યાતનામ ગ્રંથ 'પ્રિન્સિપિયા મૅથેમૅટિકા' આ રીતે જ પ્રકટ થએલો. એની મૂળપ્રત સોસાએટીના સંગ્રહમાં સચવાએલી પડી છે.


અમુક નાણાકીય સહાય સિવાય અન્ય કોઈ પણ પ્રકારની સરકારી ડખલગીરીથી અલિપ્ત આ મડળ છેક શરૂઆતથી સરકારને વિજ્ઞાનની બાબતમાં સહાયરૂપ થયું છે. અનેક કૉલેજો અને વૈજ્ઞાનિક સંસ્થાઓમાં પણ તેનું સીધું કે આડકતરું પ્રતિનિધિત્વ રહેલું છે. શરૂઆતમાં ગ્રીનિચ વેધશાળાની સુધારણા તથા તેની દેખરેખ માટે રાણી ઍને રૉયલ સોસાએટીની જ સહાય લીધેલી, અને હજી આજે ય એ કાર્ય ચાલુ છે.

વીજળી પડવા સામે મકાનોના તથા વહાણોના રક્ષણ માટે પણ તેણે સહાય કરેલી. અક્ષાંશના અંશનું માપ નિશ્ચિત કરવામાં પણ તે મદદે આવેલી. લોલકની ગતિ અને સેકન્ડનો સંબંધ, લંબાઈ માટેનાં બ્રિટિશ અને ફ્રેંચ એકમોની સરખામણી વગેરે જેવાં નાનાંમોટાં તો સંખ્યાબંધ કાર્યો સોસાએટીએ કરી આપ્યાં છે. ૧૭૫૨માં કૅલેન્ડરની સુધારણા, શુક્રનું નિરીક્ષણ, કૅપ્ટન કૂકની દક્ષિણ ધ્રુવની સાહસસફર અને પૃથ્વીની પ્રદક્ષિણા, કૅપ્ટન રૉસની સાગરયાત્રા તથા ૧૯૧૦-૧૩ની દક્ષિણ ધ્રુવખંડની યાત્રા, પૃથ્વીની ઘનતા, વાયવ્ય માર્ગની શોધ માટે પૅરી, રૉસ, ફ્રૅંકલિન વગેરેની ઉત્તર ધ્રુવસાગરની સફરો, સૂર્યગ્રહણના નિરીક્ષણ માટેની યાત્રાઓ, વહાણનું ટનેજ કાઢવાની રીત, ભરતી અને ઓટનો અભ્યાસ, ચુંબકીય આકર્ષણનો અભ્યાસ, હિંદુસ્તાનમાં હાથ ધરાએલાં કેટલાક વૈજ્ઞાનિક સંશોધનોમાં માર્ગદર્શન અને સહાય, મહાસાગરના પેટાળનો અભ્યાસ, ખાણોમાં અકસ્માત અટકાવવાનો પ્રશ્ન, દીવાદાંડીઓના દીવાની રચના, રંગ-અંધ લોકોના અંધાપાનો અભ્યાસ, પરવાળાના ટાપુઓની રચનાનો અભ્યાસ, નાઈલ નદીના ડેલ્ટાની રચનાનો અભ્યાસ, જ્વાળામુખીના સ્ફોટનો અભ્યાસ, ભૂકંપ

નીચે ડાબી બાજુ: સોસાએટીના આજના પ્રમુખ સર સિરિલ હિન્શલવૂડ; વચ્ચે: પ્રથમ બ્રિટિશ વિદ્યુત્શાસ્ત્રી મિશાએલ ફેરાડે
જમણી બાજુ: અનન્યસાધારણ વૈજ્ઞાનિક પ્રતિભા ધરાવનાર સર આઇઝૅક ન્યૂટન (જે ૧૭૦૩થી ૧૭૨૭ સુધી પ્રમુખ હતા).







રૉયલ સોસાએટીના સભ્યપદનું માન મેળવનાર અનુક્રમે ત્રણ પ્રથમ ભારતીય પ્રતિભાઓ : અરદેશર ખરશેદજી વાડિયા. વચ્ચે : અનન્ય ગાણિતિક પ્રતિભા શ્રીનિવાસ રામાનુજમ્, છેલ્લે : વનસ્પતિમાં પણ લાગણી હોવાનું સિદ્ધ કરનાર વનસ્પતિવિજ્ઞાની સર જગદીશચન્દ્ર બોઝ

માપવાનાં સાધનોની તપાસ, વાતાવરણમાં ઊર્ધ્વમંડળનો અભ્યાસ વગેરે વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં સોસાએટીએ બ્રિટિશ સરકારને દોરવણી ને સહાય આપી છે. છેલ્લે છેલ્લે હમણાં આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષમાં સોસાએટીની રાષ્ટ્રીય સમિતિએ જે ભાગ ભજવ્યો છે તેમાં દક્ષિણધ્રુવ પરની શોધસફરોનું સંચાલન મુખ્ય છે.

ઈ. ૧૯૪૬ની તેની બેઠકમાં કૉમનવેલ્થના ૧૧૪ પ્રતિનિધિઓ આવેલા. એ વેળા કૉમનવેલ્થના દેશોની ખનિજસંપત્તિ વગેરે જેવા ઘણા પ્રશ્નો ચર્ચાએલા. જગતની અન્ય વિજ્ઞાનસંસ્થાઓ સાથે પણ સોસાએટીનો સહકાર અને મૈત્રીભર્યો સંબધ સતત ચાલુ રહ્યો છે. રશિયા સાથે પ્રતિનિધિઓની ને વ્યાખ્યાનોની આપલે પણ તેણે કરી છે. રશિયન સ્પુટનિકોના પરિભ્રમણ-માર્ગની નોંધમાં પણ તેનો ફાળો મોટો છે. 'યુનેસ્કો'ને પણ તે ઘણી વાર સલાહસૂચનો આપે છે.

ઈ. ૧૮૯૯થી હિંદ સરકારની વિનતિથી હિંદના વૈજ્ઞાનિક સંશોધનો માટે સરકારને સલાહ આપવા માટે તેની ખાસ સમિતિ સ્થપાઈ હતી. હિંદુસ્તાનની વેધશાળાઓની સ્થાપના અને પ્રગતિમાં આ સંસ્થાનો જ ફાળો છે. હિંદુસ્તાનમાં થતા મલેરિયા અને અન્ય જીવલેણ રોગો વિષેનાં સંશોધનો પણ તેની જ રાહબરી નીચે થએલાં.

હિંદ સાથેના તેના આ ઉલ્લેખ સાથે એ પણ જણાવવું જોઇએ કે વિજ્ઞાન-ક્ષેત્રે અપ્રતિમ મેધા દર્શાવનાર ભારતવાસીઓની પણ તેણે કદર કરેલી જ છે. એમાં સૌપ્રથમ તેનું સભ્યપદ મુંબાઈના અરદેશર ખરશેદજી વાડિયા (૧૮૭૧)ને મળેલું. એ વખતે વહાણ બાંધવામાં તથા ઇજનેરી વિદ્યામાં એમની કુશળતા અજોડ ગણાતી. ત્યાર બાદ ઈ. ૧૮૯૮માં દ૦ ભારતના વિખ્યાત ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજમને સભ્યપદ મળ્યું. તે પછી સર જગદીશચન્દ્ર વસુ (૧૯૨૦), સર ચંદ્રશેખર વ્યંકટ રામન—સી. વી. રામન (૧૯૨૪); ભૌતિકશાસ્ત્રી ડૉ. મેઘનાદ સાહા (૧૯૨૭); વનસ્પતિવિદ્ ડૉ. વીરબલ સાહાણી (૧૯૩૬); ભૌતિકવિજ્ઞાની ડૉ. કે. એસ. કૃષ્ણન્ (૧૯૪૦); ભૌતિકશાસ્ત્રી ડૉ. હોમી જે. ભાભા (૧૯૪૧); રસાયનશાસ્ત્રી સર ભટનાગર (૧૯૪૩); ખગોળ-તારક ભૌતિકવિજ્ઞાની પ્રો. એસ ચંદ્રશેખર (૧૯૪૫); સંખ્યાશાસ્ત્રી પ્રો. પી. સી. મહાલનવિસ (૧૯૪૫); ભૂસ્તરશાસ્ત્રી પ્રો. દારાશા ન. વાડિયા (૧૯૫૭); ડૉ. શિશિરકુમાર મિત્ર (૧૯૫૮); પ્રો. સત્યેન્દ્રનાથ વસુ (૧૯૫૮) અને છેલ્લે સેન્દ્રિય રસાયનશાસ્ત્રી ડૉ.ટી.આર.શેષાદ્રિ(૧૯૬૦)ને આ મડળે પોતાનાં સભ્યપદ આપ્યાં છે.

આ ઉપરાંત, સોસાએટી નોંધપાત્ર વૈજ્ઞાનિક સંશોધનો માટે કેટલાક પુરસ્કારો પણ આપે છે. આમાં સૌથી શ્રેષ્ઠ પુરસ્કાર ઇ. ૧૭૩૧માં સ્થપાએલા 'કૉપલે ચંદ્રક'નો છે. કૅપ્ટન કૂકને એ મળેલો. અન્ય ચંદ્રકોમાં રમ્ફર્ડ ચંદ્રક, જીવવિજ્ઞાનના સંશોધન માટે ડાર્વિન ચંદ્રક, પદાર્થવિજ્ઞાન માટેનો હ્યુજિસ ચંદ્રક, ગણિતશાસ્ત્રના સંશોધન માટે સિલ્વેસ્ટર ચંદ્રક, આરોગ્યશાસ્ત્ર માટે બુકૅનન ચંદ્રક અને યુરોપ તથા ઉત્તર અમેરિકામાં થએલી સર્વોત્તમ રાસાયણિક શોધ માટેનો ડેવી ચંદ્રક મુખ્ય છે. વળી સોસાએટીની કાઉન્સિલ જેને સૂચવે તેને માટે બે શાહી ચંદ્રકો પણ છે, જે પદાર્થવિજ્ઞાન અને જીવવિજ્ઞાનનાં સંશોધનો માટે અપાય છે. આજે તેના ગ્રંથભંડારમાં ૧,૫૦,૦૦૦ જેટલાં કીમતી પુસ્તકો ભર્યાં છે અને સભ્યો જેની ભલામણ કરે તે દરેક વિજ્ઞાનપ્રેમીને માટે અભ્યાસાર્થે તે ખુલ્લાં છે. ટૂંકામાં આજે ત્રણસો વરસની પીઢ વયે પહોંચેલી રૉયલ સોસાએટી જગતની એક પરમ આદરણીય સંસ્થા હોવા ઉપરાંત બ્રિટનના વિજ્ઞાનક્ષેત્રનું તો સંચાલન-કેન્દ્ર જ કહી શકાય એવી ચરમ સીમાએ તે પહોંચી છે.

નીચે : અન્ય ભારતીય સભ્યો (એફ. આર. એસ.) સર સી. વી. રામન; ડૉ. મેઘનાદ સાહા; ડૉ ભાભા; સર ભટનાગર; પ્રો. ચન્દ્રશેખર







ખ્મેર પ્રજાની પ્રાચીન પાટનગરી

અંકોર-તોમ

લેખક
નવનીત પારેખ

બીજે દહાડે સવારે અમે પ્રાચીન ખ્મેર પાટનગરી 'અંકોર-તૉમ' જોવા નીકળ્યા. ભારતની પાટનગરી દિલ્હી જેમ એક કાળે ઇંદ્રપ્રસ્થ હતી ને તે પછી તે જ સ્થાને નવાંનવાં નગર બંધાયાં, તેમ આ કંબોજી પાટનગરી 'અંકોર'ના વિસ્તારમાં પણ ફ્નોમ બાખેંગ, પ્રિયઃખાન (પ્રાહ-ખાન) વગેરે નગરો બંધાયાં હતાં તે આપણે કંબોજી ઇતિહાસ પર ઊડતી નજર ફેંકતાં જોયું.

છેલ્લે બારમી શતાબ્દીના અંતભાગમાં પ્રતાપી સમ્રાટ જયવર્મન ૭માએ આ પ્રદેશમાં વળી એક નવી અને સૌથી ચડિયાતી વૈભવશાળી રાજધાની બાંધી, તે જ આ અંકોર-તૉમ નગરી. ચેટ્ટીઆરે અમને સમજાવ્યું કે 'અંકોર' શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'નગર'નો અપભ્રંશ છે, જે સૂચન બહુ ઉચિત લાગે છે. પાછળથી બૅંગકૉકમાં મારા વહોરા મિત્ર શ્રી કાજીજીએ મને નવું સૂચન કરેલું કે 'અંકોર' શબ્દ 'ઓમકાર' શબ્દમાંથી નીપજ્યો હોઈ શકે. તે કાળે ત્યાં પ્રસરેલી હિંદુ સંસ્કૃતિમાં ઓપનિષદિક કે આધ્યાત્મિક તત્ત્વો ઘણાં ઓછાં હતાં; ત્યાં પડેલી મુખ્ય પ્રચંડ અસર પૌરાણિક જણાય છે, તેથી 'અંકોર'ની ઉત્પત્તિ 'નગર'માંથી થઈ હોય તે વધુ વાસ્તવિક લાગે છે.


અંકોર-વાટની જેમ અંકોર-તૉમ પણ એક પ્રમાણબદ્ધ સમચોરસ વિસ્તાર છે. અંકોર-વાટનું મંદિર એક એક માઈલ લાંબું-પહોળું છે, જ્યારે આ પ્રાચીન કંબોજી પાટનગરી બે બે માઈલ લાંબી છે ને તેથી તેનો વિસ્તાર અંકોર-વાટથી ચારગણો ફેલાયો છે. ચારે કોર ફરતી કોટની રાંગ આ રાજનગરની રક્ષા કરે છે, ને તેમાં પ્રવેશવાનાં પાંચ દ્વાર છે—દરેક દિશામાં એક-એક ને વધુમાં એક 'વિજય-દ્વાર'. અમે એ વિજયદ્વારમાં થઇને અંકોર-તૉમમાં પ્રવેશ્યા.

અંકોર-તૉમની કિલ્લેબંદીની બહાર પણ ચારે બાજુએ ખાઇ બનાવેલી છે, પણ તે ઝાઝી ઊંડી કે પહોળી નથી. દરવાજામાં જવા માટે ખાઈ પર સેતુ છે જેની બંને બાજુએ સમુદ્ર-મંથનનું વિશાળ શિલ્પ બે ભાગમા કંડારેલું છે. એક બાજુએ વાસુકિ નાગનો પાછલો ભાગ પકડી દેવો ઊભા છે, જ્યારે રસ્તાની બીજી બાજુ એ નાગરાજનો આગલો



અંકોર-તૉમનું પાંચમું મહાદ્વાર 'વિજયદ્વાર' : મથાળે ત્રણ શિખરોમાં ચારે દિશાએ કંડારેલી 'લોકેશ્વર-મુખ'ની જગવિખ્યાત મુખમુદ્રા છે. નીચે : દ્વારની બંને બાજુ બે ભાગમાં કઠેડારૂપે કોતરેલા 'સમુદ્રમંથન'-ના વિશાળ શિલ્પનો નાગ-મુખવાળો ભાગ, જે દાનવો ખેંચી રહ્યા છે.





અંકોર-તૉમનું માનચિત્ર : નીચલે જમણે ખૂણે આવેલા અંકોર-વાટના મહામંદિરની દક્ષિણે,તેનાથ. એક માઈલઉત્તરે અંકોર-તૉમનું વિશાળ મંદિર-નગર બંધાયુંહતું,જેને પાંચ મહાદ્વાર તથા મધ્યમાં 'બાયોન'નો મંદિરગિરિ હતો.

હિસ્સો દાનવો ખેંચી રહ્યા છે. દેવ દાનવોની આ હાર સેતુના કઠેડાનું કામ આપે છે ને સાથે જ પ્રાગૈતિહાસિક યુગમાં સમુદ્ર પાર કરીને વસાહત સ્થાપવા આવેલા સાહસિક હિંદીઓની યાદ તાજી કરાવે છે.

આ 'વિજય-ગોપુરમ'નું દ્વાર અંબાડી સહિત રાજહસ્તી જઈ શકે તેટલું ઊંચું છે. પ્રવેશદ્વારની બેઉ બાજુએ જીવંત કદનાં હાથીનાં ત્રણ ત્રણ મસ્તકો કંડારેલાં છે. આ હસ્તી–ત્રિપુટી તેમની સૂંઢમાં કમળનાં ફૂલ-વેલા પકડીને મસ્તીથી આરોગી રહી છે જ્યારે તેમનાં શિર પર મહાવતો પણ આરામથી બેઠેલા જણાય છે. ગોપુરમને મથાળે ત્રણ શિખરોમાં 'લોકેશ્વર-મુખ' નામે જગવિખ્યાત બનેલી એકેક મુખમુદ્રા ચારે દિશામાં કંડારેલી છે. અંકોર-તોમને પાંચે દરવાજે આવાં ચાર-ચાર મુખ ગોઠવેલાં છે. નગરની મધ્યમાં આવેલા 'બેયૉન' મંદિર પર પણ આવાં સંખ્યાબંધ મુખ શિલ્પિત છે.

લોકેશ્વર-મુખ

આ મુખ લોકેશ્વર-બુદ્ધનાં નથી પરંતુ શિવના 'મુખ-લિંગ'ની જ ચાર મુખ-મુદ્રાઓ છે એવું મંતવ્ય રજૂ કરતાં ચેટ્ટીઆરે હળવી ચર્ચા ઉપાડી. આજે બધે હવે અંકોરનાં આ મુખ 'લોકેશ્વર-મુખ' તરીકે જ ઓળખાય છે, પરંતુ તે બધાં શિવનાં વદન-સરોજ હોય તેવો પૂરો સંભવ છે. તેની મુખ્ય એંધાણી તે દરેક મુખારવિંદના કપાળમાં કંડારેલી ત્રીજી આંખ છે. તેને કપાળમાંનો ચાંદલો પણ ગણાવી શકાય, તેમ તે ત્રિલોચન શિવનું ત્રીજું નયન પણ હોઈ શકે. વળી આ બધાં મુખ પર વિલસતું ગૂઢ સ્મિત સામાન્યપણે શાંત, સ્વસ્થ, ધ્યાનસ્થ બૌદ્ધ મુખમુદ્રાઓ કરતાં જુદું પડે છે. જગવિખ્યાત કલાવિવેચક શ્રી આનંદ કુમારસ્વામીએ પણ તેમને શિવનાં ચતુર્મુખી લિંગ ગણાવ્યા છે. આપણે ત્યાં પણ રાજસ્થાનના એકલિંગજી તથા કાઠમાંડૂના પશુપતિનાથનાં પણ આવાં મુખલિંગ છે. જે હોય તે, અમને તો ત્રિલોચન-શિવ તેટલા જ લોકેશ્વર-બુદ્ધ પ્રિય–પૂજનીય હતા, તેથી તેમના માનસિક વન્દના કરીને અમે અંકોર–તૉમ નગરમાં પ્રવેશ્યા.

સીધા જ અમે પાટનગરના કેન્દ્રમાં ઊભેલા 'બેયૉન' મંદિર પર આવ્યા. બારમી શતાબ્દીને અંતે સમ્રાટ જયવર્મને આ મંદિર બંધાવ્યું મનાય છે. સ્થળ-સંકોચને કારણે આપણે અંકોર તૉમનાં આ બધા ભવ્ય મહાલયો પર ઊડતો જ દૃષ્ટિપાત કરીને સંતોષ માનીશું.

બેયૉન

બેયૉન સહેજ લંબચોરસ મંદિર છે. તેનો વિસ્તાર આશરે ૫૦૦× ૪૫૦ ફીટનો છે. તેનું મધ્યનું શિખર દોઢસો ફીટથી વધુ ઊંચુ છે ને



અંકોર તોમના ઉત્તર દિશાના દ્વાર પરનું ચંડભાવ નિરૂપતું 'અસુર'નું આ મસ્તક (સામેના પૃષ્ઠ પરના 'લોકેશ્વર-મુખ'ની પેઠે જ) ત્યાંના શિલ્પીઓની ભાવનિરૂપણ-શક્તિની પ્રતીતિ કરાવે છે.

નીચે ડાબી બાજુ: કમલપુષ્પ ઉપર નૃત્ય કરતી અપ્સરા; જમણી બાજુ: દૈનિક જીવનનાં દશ્યો (૧) ઉપર–નગરપાલક તથા સેવકો (૨) નીચે કૂતરાના સાઠમારી; સામેના પાને ડાબું ચિત્ર 'કંબોજી દિનચર્યા' (ત્રણે બાયોનનાં શિલ્પ છે; ફોટો : લેખક)





તેની અગારી પર પચાસેક મુખ-લિંગ બુરજો આવેલા છે. ચેટ્ટીઆરના મત પ્રમાણે અસલ અહીં ૫૪ આપણે ત્યાં (૧૦૮ જે શુભ આંકડો ગણાય છે, તેના અરધા) બુરજો હતા, જેમાંના બેચાર તો સાવ પડી ભાંગ્યા છે. દરેક બુરજ પર ચારે દિશામાં અવલોકિતેશ્વરનું કે શિવનું એકએક મુખ કંડારેલું છે. દરેક મુખ પર કોઈ અગમ્ય, અકળ, ગૂઢ સ્મિત ફરકી રહ્યું છે, જે પ્રવાસીઓ તેમજ ઇતિહાસવિદો સૌને મૂંઝવી રહ્યું છે. તેનો ભાવ, તેનો હેતુ હજુ સ્પષ્ટ રીતે સમજી શકાયો નથી. બેયૉનનાં ખંડિયેરો તથા આ મુખાકૃતિનાં ગૂઢ સ્મિત ભવિષ્યની પ્રજાને જગતની સર્વ સિદ્ધિની તેમજ સઘળાં ધન-વૈભવની ક્ષણભંગુરતાનો સાક્ષાત્કાર કરાવે છે ને ઘડીભર તો આપણને પણ તે અકળ મુખાકૃતિની જેમ સવિકલ્પ સમાધિમાં ઉતારી દે છે. કેટલાક ઇતિહાસકારો આ મુખ-મુદ્રાઓ સમ્રાટ જયવર્મનની પોતાની જ માને છે, જેણે પોતાની સાર્વભૌમતા તથા દેવાંશ દર્શાવવા પોતાની જ મુખમુદ્રા બધે કંડારાવી હતી.

અંકોર-વાટ જેવું સપ્રમાણ, વ્યવસ્થિત આ બેયૉન મંદિર નથી. તેની રચના તથા ઘડતર પણ કાંઈક ક્ષતિપૂર્ણ હતાં. તેથી કાળ, ઋતુ તથા વનરાજિનો તે ખાસ્સો ભક્ષ્ય થઈ પડ્યું છે ને તેનો જીર્ણોદ્ધાર પણ સંતોષકારક નથી થઈ શક્યો. વળી અસંખ્ય બુરજો ને નાનાં શિખરો તેના પર બધે ગમે તેમ ફૂટી નીકળ્યાં હોય તેમ આ આખી ઇમારત કોઈ ભૂતિયા મહેલ જેવી ભયાનક, કદરૂપી ને કઢંગી ભાસે છે.


બેયૉનનાં ભિત્તિ-શિલ્પો

આ મૂંઝવણ તથા વિષાદના ભાવમાંથી ઉગારી લેતાં પ્રલંબ શિલ્પો બેયૉનના સૌથી નીચલા મજલે આવેલાં છે. ખીલેલા કમળના દલ પર નૃત્ય કરી રહેલી અપ્સરાઓ તેના સ્તંભ પર અંકિત છે, જ્યારે પાછલી દીવાલો પર તો તે કાળના સામાન્ય લોકજીવનનાં અનેક દૃશ્યોનો લાંબો પટ આપણી સમક્ષ ખૂલતો જાય છે.

અંકોર-વાટનાં શિલ્પો જ્યારે પૌરાણિક કથા-પ્રસંગો, દેવ-દેવીઓ તથા અપ્સરાઓથી ઊભરાય છે, ત્યારે બેયૉનનાં આ ભિત્તિ-શિલ્પોમાં આપણને મધ્ય યુગના કંબોજી ગૃહજીવનમાં તથા તેના દિનચર્યામાં ડોકિયું કરવા મળે છે. એક દૃશ્યમાં કંબોજી ગૃહિણી અગ્નિ પર રસોઈ કરતી જોવા મળે છે, તો બીજામાં કોઈ દુકાનદાર ઘરાક સાથે સોદો કરતો નજરે પડે છે. એક ભિત્તિ-શિલ્પમાં સાઠમારીના શોખીનો બે અલમસ્ત કૂતરાઓને રસ્સીથી પકડી સામસામા ધુરકાવે છે ને તેમની સાઠમારી પર હોડ બકતા 'સંભળાય' છે, તો વળી બીજામાં કૂકડાની સાઠમારી પણ એટલી જ દિલચસ્પીથી રમાતી જોવા મળે છે. એક દૃશ્યમાં કંબોજી માછીમાર મોટી જાળ નાખીને માછલાં પકડતો દેખાય છે, તો વળી બીજામાં બે ભદ્ર પુરુષો એકાગ્ર ચિત્તે (અનુ. પૃ. ૪૬૪)



અંકોર તોમને પાંચે દરવાજે, તેના ગોપુરમ્‌ને મથાળે, 'લોકેશ્વરમુખ' નામે જગવિખ્યાત બનેલી આવી એકેક વિરાટ-ભવ્ય મુખમુદ્રા ચારે દિશામાં કંડારેલી છે એના પર વિલસતું ગૂઢ સ્મિત ખૂબ અસરકારક છે. શિવનાં આ ચતુર્મુખી લિંગ જેવાં જ મુખલિંગ આપણે ત્યાં રાજસ્થાનના એકલિંગજી તથા કાઠમાંડુના પશુપતિનાથનાં છે (જુઓ નીચે)









[મથાળે–'યુગલ ગાન': હેમેન્દ્ર શાહ (સાન્તાક્રુઝ) નોંધપાત્ર
ઉપર ડાબી બાજુ–'પ્રતિબિંબ': શિરીષ મુનશી (નોંધપાત્ર)

ફોટોગ્રાફી હરીફાઈ

બલવન્ત ભટ્ટ


'કુમાર'નો ફોટોગ્રાફી હરીફાઈ વિભાગ ત્રણ વર્ષથી બંધ પડેલો તે દરમ્યાન વાચકોએ જે ધીરજ ને ઉદારતાથી એ ક્ષતિ નિભાવી લીધી તે માટે આભારી છીએ. ફરીથી ચાલુ થતા આ વિભાગ વડે જૂનું ઋણ અદા કરવાની ઉમેદ છે. સૌને ચિત્રો મોકલવા આમંત્રણ છે.

આ દરમિયાન અમારી પાસે પડેલાં અગિયાર હરીફોનાં ત્રેવીસ ચિત્રોમાંથી નીચેનાં ચિત્રો ઇનામ ને નોંધપાત્ર ઠર્યાં છે: પહેલું ઇનામ: 'ગોષ્ઠિ'–હેમેન્દ્ર શાહ–અમદાવાદ; બીજું ઇનામ: 'આંસુ'–ગોવિન્દ ઉદેશી–સાન્તાક્રુઝ; નોંધપાત્ર: (૧) 'યુગલ-ગાન'–હેમેન્દ્ર શાહ–સાન્તાક્રુઝ (૨) 'એકાકી'-હાતિમ વોરા હળવદ; (૩) 'પ્રતિબિંબ'-શિરીષ મુનશી.

આધુનિક જીવનની ઘટમાળ એટલી સંકુલ થતી જાય છે કે જીવનની આજુબાજુ વિસ્તરેલી કલા નિહાળવાની કે માણવાની માનવીને ફુરસદ હોતી નથી. પણ સાચા કલાર્થીના હૃદયમાં પડેલી રસવૃત્તિ કવિની અનુભૂતિની પેઠે અભિવ્યક્તિ માટે તલસતી જ રહે છે. એવા તલસાટવાળો ફોટોકલાકાર પણ પોતાની જીવનચર્યામાં બને ત્યાં સુધી કૅમેરાને પોતાનો સાથી બનાવીને તક મળ્યે ચિત્ર ઝડપતો જ રહે છે. ભાઈ હેમેન્દ્ર શાહે 'ગોષ્ઠિ'માં એવી એક તકને સાધ્ય કરી છે. કૅમેરા તેમનો જીવનસાથી હોવો જોઈએ. નહિ તો રસ્તે પસાર થતાં જીર્ણ ઝૂંપડાની માટીની ભાંગેલી દીવાલ પર કાંઈક વાતો કરતાં બેઠેલાં ભાઈ બહેનનું આવું સ્વાભાવિક ચિત્ર ઉતારી શકાત નહિ. ચિત્રવસ્તુને અનુરૂપ વાતાવરણ શોધી ઉત્તમ સર્જન કરવા માટે અભિનન્દન. (અનુ૦ ૪૬૬)

નીચે ડાબી બાજુ–'આંસુ': ગોવિંદ ઉદેશી (બીજું ઇનામ); જમણી બાજુ–'એકાકી': હાતિમ વોરા (નોંધપાત્ર)





કલાવાર્તા

દર વર્ષની માફક આ દિવાળી ઉપર પણ અનેક કલાકાર મિત્રોએ જ માત્ર નહિ, પણ 'કુમાર'ના દૂરદૂરના ચાહકોએ પણ સ્વહસ્તે ખાસ દોરેલાં જે અભિનંદનપત્રો મોકલ્યાં છે એ લાગણી માટે આભાર સાથે સંતોષ પણ એ કારણે થાય છે કે આજથી સાડત્રીસ વર્ષ પહેલાં જે (અનેક પૈકી) એક ધ્યેય સાથે 'કુમાર' શરૂ થએલું—કલાની પરખ, આસ્વાદ ને સાધના પ્રકટાવવાનું—તે પાંગરતું લાગે છે. આ વખતે પણ (આ પછીનાં પાનાંઓમાં) એમાંનું થોડું ચયન જ માત્ર આપ્યું છે; પણ તેમાં શૈલી, વિષય અને અભિવ્યક્તિનું વૈવિધ્ય વર્ષોવર્ષ જે રીતે ઉત્તરોત્તર વધતું રહ્યું છે તે પ્રસન્નકર છે. આજથી સાડત્રીસ વર્ષ પર 'કુમાર' માટે એક સારું મુખચિત્ર મેળવવું મુશ્કેલ પડતું, આજે કલાવિભાગ માટે શક્તિસંપન્ન કલાર્થીઓનાં સર્જનનો સિલસિલો ચાલ્યો આવે છે; એ કાળે વિરલ નીકળતા કળાના વિદ્યાર્થીને મુંબાઈની એકમાત્ર કલાશાળાનાં બારણાં ખખડાવવાં પડતાં, આજે કલાનું ગ્રૅજ્યુએટ-કક્ષાનું શિક્ષણ આપતી કૉલેજ ગુજરાતની મધ્યમાં છે; ત્યારે ચિત્રની સાદી શૈલીનો યે વિસ્તારથી પરિચય આપવો પડતો, આજે જગતની ચરમ પ્રગતિમાન કલાપ્રણાલીને વિદ્યાર્થીઓ સુદ્ધાં વિશદતાથી સમજતા થયા છે. આ ચિહ્ન આપણી કલા-પ્રગતિનું દ્યોતક છે.



કલકત્તા જેટલે દૂર કળાની સાધના કરતાં નિર્મળાબહેન શાહે દસેક માસ પહેલાં ત્યાંના જાણીતા આર્ટિસ્ટ્રી હાઉસમાં તૈલરંગી (ઑઈલ) તથા પેસ્ટલ્સમાં કરેલી તેમની પચાસ કૃતિઓનું નિજી પ્રદર્શન કરેલું. એ અગાઉ દિલ્હીમાં ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટસ સોસાએટીના સમાશ્રયે તથા પટણામાં પણ પ્રદર્શનો કરેલાં. પ્રયત્ન કરવા છતાં પણ એમનો વિશેષ પરિચય ન મળ્યો. આ સાથે એમના કામના નમૂનારૂપ બે કૃતિઓ—એક તૈલરંગી ને એક પેસ્ટલ્સની—આપીએ છીએ.

વડોદરાની ફાઇન આર્ટ્સ કૉલેજના કાષ્ઠકલા વિભાગના વિદ્યાર્થીઓનાં 'વૂડકટ' સર્જનો પૈકી થોડાં સપ્ટેમ્બર અંકમાં આપ્યાં હતાં. બીજાં આ અંકમાં આપીએ છીએ. એનું વૈવિધ્ય નોંધપાત્ર છે.

સપ્ટેમ્બર અંકની કલાવાર્તામાં આપેલા 'પિકાસો-પ્રસંગ'નાં લેખક ડેવિડ ડૂગ્લેન્સે એ કલાકાર વિષે સાંભળેલો એક રમૂજી ટુચકો હમણાં ટાંક્યો છે:

એક વખત પિકાસોને પોતાના સ્ટુડિયોમાં એક ચોર સાથે અથડામણ થઇ. ચોર તો છટકી ગયો, પણ પિકાસોએ પોલીસને કહ્યું કે પોતે એ ચોરનો સ્કેચ ચીતરી આપશે.


પછી પિકાસોએ ચીતરેલા આલેખન ઉપરથી પોલીસે ફ્રાન્સના નાણાપ્રધાનની, એક ધોવાના યંત્રની, અને પારીસના ઇફેલ ટાવરની ધરપકડ કરી!






નિર્મળાબેન શાહની બે કૃતિઓ: 'સાગરતીરે' (રંગ-છરીના લપકાંથી કરેલું તૈલરંગી ચિત્ર); (૨) 'કુમાર' (પેસ્ટલ)













greetings


BHANU



એ કરેલું કાર્ડ; સેપીઆ રેખામાં સોનેરી રંગ પૂરીને કરેલું પ્રદ્યુમ્ન તન્નાનું આલેખન; નીચે: મગનલાલ ત્રિવેદીએ જલરંગમાં કરેલું સૌરાષ્ટ્રી પાત્રનું નિરૂપણ; ડાબી બાજુ: વાદળ જેવી આછી રેખાઓમા કરેલું ગિરિખીણમાં રમતાં વાદળોનું ઇન્દ્ર દુગડનું આલેખન; તેમાં વચ્ચેનું ફૂલ બોરડી (ગોલવડ) વિદ્યાર્થી વિકાસગૃહના બાબુલાલ વોરાએ, ત્યાં સમુદ્રકિનારે થતાં 'કૉરમૉસ' નામનાં કેસરી ફૂલ કાગળ પર દાબીને છાપી મોકલ્યું છે. નીચે: અમદાવાદ સંસ્કાર કેન્દ્રના કલાકાર ભાનુભાઈ શાહે મોકલેલું અદ્યતન ઢબનું આલેખન; છેલ્લે: લક્ષ્મણ અને બંસીલાલ (વર્મા) તથા રસિક વર્માનું જૂનાનવાનું સંયોજન; આ પાનાને મથાળે ડાબી બાજુ: જ્યોતિ ભટ્ટનો કાળી રેખાઓમાં સોનેરી રંગ ભરેલો પોપટ; જમણી બાજુ: જયંત પરીખનું બેરંગી લીનોકટ; નીચે: ભૂપેન્દ્ર ખખ્ખરનું રાજસ્થાનના ગામડાનું રેખાંકન; છેલ્લે: બળવંત જોષીની કૃતિ.

કંકાવટી

સ્ત્રી-ઉપયોગી સાહિત્યનો નવો વિભાગ

ઘર

ઘર એ આખા જગતનું મધ્યબિન્દુ છે. દરેકેદરેક માનવીને 'હાશ' કરીને બેસવાનું તે સ્થાન છે,—પછી તે ઘર ભલેને ગમે તે પ્રકારનું કેમ ન હોય: શ્રીમન્ત માણસોના મહેલ હોય, ઉપલી કક્ષાના મધ્યમવર્ગનું પોતાનું બાપદાદાનું વારસાગત અગર નવું જાતે બંધાવેલું નાનું મકાન હોય, નીચલી કક્ષાના મધ્યમ વર્ગનું ભાડૂતી મકાન કે એકબે ખોલીનો વાસ હોય, ગરીબ માણસનું નાનું શું ખોરડું કે ઝૂંપડું અગર ચાલીની એકાદ કોટડી હોય, પણ તે તેમનું, તેમના જીવનનું મધ્યબિન્દુ હોય છે.

માણસના જીવનમાં અતિશય અગત્યનો અને મહત્ત્વનો ભાગ ભજવી જતું આ ઘર મનુષ્યની જિંદગીનાં લગભગ તમામ સુખદુઃખની સાથે વણાઈ ગએલું હોઇ, કેટલું બધું જીવંત છે! ઘરમાં આપણો જન્મ થાય છે, ઘરમાં અતિશય સુખ તેમજ અત્યન્ત દુઃખના અનુભવો થાય છે, ઘરમાં આપણું મૃત્યુ થાય છે. પ્રેમ, વાત્સલ્ય, કલહ, પ્રણય, ક્લેશ, ઈર્ષ્યા, માયા, કઠોરતા એવા અનેક માનવસહજ ગુણાવગુણભર્યાં વર્તનનું ઘર સદા સાક્ષીરૂપ રહે છે.

પૃથ્વી ઉપર અવતરેલો લગભગ દરેક માનવી જેનો ખોળો ખૂંદીને જિંદગી વિતાવે છે તે ઘરનો વહીવટ, તેની વ્યવસ્થા, તેની ગોઠવણી, તેનું રાચરચીલું, તેનાં વાસણ-કૂસણ, તેની બાંધણી, તેની સ્વચ્છતા, તેની શોભા, તેની સગવડ-અગવડ, તમામ પ્રશ્નો આપણા જીવનના અંગરૂપ છે.

—વિનોદિની નીલકંઠ

શાકની ઑમલેટ

ઇંડાંની ઑમલેટ તો અમુક વર્ગ જ ખાઈ શકે, એટલે નિરામિષ-આહારી માટે શાકની સ્વાદિષ્ટ ઑમલેટ બનાવી શકાય.

દોઢ વાડકી ચણાનો લોટ, પાશેર કાકડી, પાશેર પાકાં ટમાટાં, ડુંગળીનો ૧ દડો, લસણનો ૧ ગાંઠિયો, બે લીલાં મરચાં, પા પૂણી મેથીની ભાજી, થોડી ખાંડ અને થોડું દહીં, આટલી ચીજો લેવી.

ચણાના લોટમાં એક ચમચો દહીં, થોડી ખાંડ ને પાણી નાખી જરા ઘટ્ટ વેસણ બનાવવું. તેમાં કાકડી, ડુંગળી ને ટમાટાં ખમણીને નાખવાં. ટમાટાં ખમણી ન શકાય તો બારીક કટકા કરવા. લસણ લસોટીને નાખવું. પછી લીલાં મરચાંના કટકા, બારીક સુધારેલી મેથી અને પ્રમાણમાં મીઠું, હળદર ને ધાણાજીરું નાખી, બધું બરાબર હલાવી, લોઢાની તવી પર જરા તેલ મૂકીને તેમાં તેનો પૂડલો મૂકવો. તાપ ખૂબ ધીમો રાખવો ને તેલ મૂકી પૂડલો સાંતળી લેવો. આ પૂડલા ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ અને પચવામાં સહેલા બને છે.

ત્યારે સમજવું કે

- હમેશાં જેના નખ સ્વચ્છ રહેતા હોય તેના હાથના નખ મેલા દેખાય, ત્યારે સમજવું કે માથું મેલું થયું છે.
- દાળનો રંગ સરસ ન દેખાય તો સમજવું કે તપેલાની કલઈ ઊતરી ગઈ છે.
- અથાણું વર્ષની આખર સુધી લાલચોળ અને કડક ન રહે તો સમજવું કે આપણને બરાબર બનાવતાં કે સાચવતાં ન આવડયું.
- પાણીના માટલાની બહાર ધોળી છારી બાઝે અને પાણી ટાઢું ન થાય તો સમજવું કે માટલું ફેરબદલી માગે છે.
- સદા આનંદમાં રહેતું બાળક આખો દિવસ કંકાસ કરીને રડયા કરે તો સમજવું કે તેને શરીરે સારું નથી.
- બાળકને વાધણી (હેડકી) આવે ત્યારે સમજવું કે તેનું પેટ વધુપડતું ભરાયું છે, અગર તેનું પેટ સાફ થયું નથી.
- સ્ત્રી જ્યારે વાસણો પછાડે અને પુરૂષ જ્યારે બારણાં પછાડે ત્યારે સમજવું કે તેમનો મિજાજ ગરમ થઈ ગયો છે. -વિ.

દયાની દેવી

પોતે ઉચ્ચ ખાનદાન અને શ્રીમંત કુટુંબની પુત્રી હોવા છતાં તેનું હૃદય માનવજીવન પ્રત્યેનાં શુદ્ધ પ્રેમ ને કરુણાથી એટલું આર્દ્ર હતું કે પીડાતી માનવતાની સેવા-શુશ્રૂષા અર્થે સુખચેનનું જીવન છોડી, એ સમયે હલકો ગણાતો 'નર્સિંગ'નો વ્યવસાય તેણે અપનાવ્યો અને યુદ્ધમાં ઘવાએલીઓનો પોકાર આવ્યો ત્યારે જાતે રણક્ષેત્ર પર જઈ પહોંચી.

નિઃસ્વાર્થ માનવસેવાનું ઉજ્જ્વલતમ કાર્ય કરી જનાર, માનવતાની પરમ ઉપકારી એ સન્નારી ફ્લૉરેન્સ નાઇટિંગેઇલની ૫૦મી સંવત્સરી ગઈ ૧૩મી ઑગસ્ટના રોજ આવી ગઈ.

ઈ. ૧૮૨૦ની ૧૨મી મેએ ઇંગ્લંડના ગર્ભશ્રીમંત કુળમાં જન્મેલી ફ્લૉરેન્સને નાનપણથી જ બીમાર લોકોની સેવા કરવાની અદમ્ય ઇચ્છા રહેતી, અને તેને ઇશ્વરનો આદેશ ગણતી. પરંતુ નર્સનું કામ ત્યારે અપકીર્તિવાળું ગણાતું હોઈ ફ્લૉરેન્સને તે માટે માબાપની મંજૂરી મળતી નહિ. છતાં તેણે ચોરી-છૂપીથી નર્સિંગનું શિક્ષણ લેવા માંડયું ને પછી તો એક ઑસ્પિટલમાં સુપરિન્ટેન્ડન્ટ પણ નિમાઈ.

એ વખતે ઇંગ્લંડ-રશિયા વચ્ચે ચાલતા ક્રીમિયન યુદ્ધમાં યોગ્ય સારવારને અભાવે ઘવાએલા ને બીમાર અંગ્રેજ સૈનિકોનું મરણપ્રમાણ ૪૨ ટકા સુધી પહોંચ્યું હતું. આ સમાચાર વાંચતાંવેંત ફ્લૉરેન્સનું અંતર વલોવાઇ ગયું. ૧૮૫૪માં ૩૮ નર્સોની એક ટુકડી લઇને તે યુદ્ધભૂમિ ક્રીમિયા પહોંચી, ને ત્યાં જઈ તેણે ઑસ્પિટલની બધી જ વ્યવસ્થા પોતાને હસ્તક લીધી. જાતે સૈનિકોની કાળજી અને માવજતભરી સેવા-શુશ્રૂષા પાછળ વીસવીસ બાવીસ-બાવીસ કલાકો આપતી. તેની હાજરી અને પ્રેમભરી વાતચીતથી જ સૈનિકો અરધા સાજા થઈ જતા. આખો દહાડો સખત જહેમતભર્યું કામ કર્યા પછી રાતના પણ એ હાથમાં ફાનસ લઇને સૈનિકોની સેવા માટે ખૂણેખૂણે ભમી વળતી. આથી બધા સૈનિકો તેને 'લેડી વિથ ધ લૅમ્પ' એવા વહાલસોયા નામથી ઓળખતા. એ 'દયાની દેવી'-ની આ ભગીરથ સેવાચાકરીને લીધે સૈનિકોનું મરણપ્રમાણ માત્ર બે ટકા પર આવી રહ્યું.

યુદ્ધ પૂરું થતાં ૧૮૫૬મા તે સ્વદેશ પાછી ફરી ત્યારે દેશવાસીઓએ તેનું વીરાંગનાને છાજતું બહુમાન કર્યું અને ૫૦,૦૦૦ પાઉંડની થેલી તેને અર્પણ કરી, જેનો તેણે પોતા માટે ઉપયોગ ન કરતાં તેમાંથી નર્સિંગનું ઉત્તમ શિક્ષણ આપતી શાળા શરૂ કરી.

જીવનના પૂર્વાર્ધ દરમ્યાનના સખત પરિશ્રમભર્યા કષ્ટમય જીવનની લતાડ પાછલી અવસ્થાએ તેને વારંવાર અનુભવવી પડી હતી. શેષજીવન પોતાના ગામડામાં વિતાવી ઈ. ૧૯૧૦ની ૧૩મી ઑગસ્ટે તેણે પોતાની મમતાના ભાજન આ જગતની વિદાય લીધી.





"...એટલે આપણાં સ્વપ્નો સાકાર કરવા માટે સખ્ત પરિશ્રમ કરવાનો છે. આ સ્વપ્નો ભારતનાં છે, પણ સાથેસાથે આખી દુનિયાનાં પણ છે, કારણકે તમામ દેશો અને પ્રજાઓ આજે એટલી ગાઢરીતે ગૂંથાએલાં છે કે તેમાંથી કોઈ પણ એક દેશ કે પ્રજા પોતે અલગ જીવી શકશે એમ કલ્પી શકે જ નહિ. શાંતિને અવિભાજ્ય ગણવામાં આવી છે, એવી જ રીતે સ્વતંત્રતા અને સમૃદ્ધિ પણ આજે અવિભાજ્ય છે..." —જવાહરલાલ નેહરુ (મારું હિંદનું દર્શન)




...ભૂતકાળની રક્ષા કરતા મૂક ખડકો અને પ્રાચીન પથ્થરો...

ફરી વાર હું સંશોધનની મહાયાત્રાએ નીકળ્યો હતો, અને ભારતની પ્રજા મારી સામે પથરાએલી હતી–ખેતરો અને તળાવોથી ભરેલી, તે ભવ્ય વૃક્ષોથી વીંટળાએલી આ શાંત ભૂમિ... ડોકિયાં કરતી ટેકરીઓવાળી અટારી સમી ભૂમિ, ભૂતકાળની રક્ષા કરતા મૂક ખડકો અને પ્રાચીન પથ્થરો, નીચેની ખીણો તરફ ધસમસતા ભયંકર પ્રવાહો; જે ભૂમિની પવિત્ર નદીઓને કાંઠે મંદિરોની હાર શોભી રહી છે, અને દક્ષિણસાગર જેનાં મંદિરોનો ચરણસ્પર્શ કરી રહ્યો છે. એના દેવોની કથા પથ્થરમાં કોતરાએલી છે; એનો ભૂતકાળ આખી યે ભૂમિમાં ખીચોખચ ભરેલો છે, અને સર્વત્ર ગામડાં-લોકોનાં દર્શન અને કલરવ સાથે ઓતપ્રોત થએલી આ બધી વસ્તુઓનું મિલનસ્થાન. આખા યે દેશનાં ગામડાંમાં વૃદ્ધ અને યુવાન માણસો. મેં તેમનાં મુખ અને તેમની આકૃતિઓ તરફ દૃષ્ટિ કરી અને તેમની હિલચાલ હું જોઈ રહ્યો. એમાં ઘણાં લાગણીશીલ મુખ હતાં, અને સીધાં સ્વચ્છ અંગોવાળાં ઘણાં ખડતલ શરીરો હતાં; અને સ્ત્રીઓમાં લાલિત્ય હતું, ચપળતા હતી, અને ગૌરવ તથા સ્વસ્થતા હતાં... આ રીતે મેં ભારતની પ્રજાનો હૃદયસ્પર્શી વર્તમાન જીવનખેલ જોયો અને ઘણી વાર તેમના જીવનને ભૂતકાળ સાથે જકડી રાખતા તાર પણ હું જોઈ શક્યો. એ વખતે પણ એમની દૃષ્ટિ ભવિષ્ય તરફ વળેલી હતી.

(મારું હિંદનું દર્શન) —જવાહરલાલ નેહરુ

...નીચેની ખીણો તરફ ધસમસતા ભયંકર પ્રવાહો...






...એના દેવોની કથા પથ્થરમાં કોતરાએલી છે; એનો ભૂતકાળ આખી યે ભૂમિમાં ખીચોખીચ ભરેલો છે...







"…અને સર્વત્ર ગામડાં—લોકોનાં દર્શન ને કલરવ સાથે મળી ગએલી આ બધી વસ્તુઓનું મિલન-સ્થાન. આખા એ દેશનાં ગામડાંમાં વૃદ્ધ અને યુવાન માણસો…મેં તેમનાં મુખ અને તેમની આકૃતિઓ તરફ દૃષ્ટિ કરી, અને તેમની હિલચાલ હું જોઈ રહ્યો. એમાં ઘણાં લાગણીશીલ મુખ હતાં, અને સીધાં સ્વચ્છ અંગોવાળાં ઘણાં ખડતલ શરીર હતાં. અને સ્ત્રીઓમાં લાલિત્ય હતું, ચપળતા હતી, અને ગૌરવ તથા સ્વસ્થતા હતાં…"

—જવાહરલાલ નેહરુ (મારું હિંદનું દર્શન)

કાજળ

આંખનાં સૌન્દર્ય અને આરોગ્યનું દાતા



આંખનું આરોગ્યદાતા અને સૌંદર્યવર્ધક કાજળનું આંજણ–અંજન ભારતીય કુટુંબ-પરંપરાનું જે રોજનું પ્રસાધન હતું તે વચ્ચે પશ્ચિમી 'સુધારા'ના વાવાઝોડામાં જંગલી ગણાઇને તણાઈ ગએલું. હવે તે ફેશનના બારણેથી આપણા જીવનમાં દાખલ થવા લાગ્યું છે, એને ય આનંદની વાત ગણીએ.

આંખને ઠંડક, સ્વચ્છતા અને તેજસ્વિતા આપનારું આંજણ બાળકોને રોજ રાત્રે સૂતી વખતે આંજતાં રહેવાથી આવતી પેઢીના ચશ્માધરો ઓછા થશે. ઑફિસ-કચેરીઓમાં કામ કરતા પુરુષો શરમ ટાળવા દર શનિવારે રાત્રે નિયમિત આંજવાનું રાખશે તો યે ઘણો લાભ ઉઠાવશે. અને–નીચેનાં થોડાં સૌંદર્યસાધક સૂચનો જાણ્યા પછી સ્ત્રીઓ તો હોંશેહોંશે આંજતી થશે: લાંબી આંખો બહારના ખૂણા સુધી અંજાવાથી વધારે સુંદર દેખાશે; ગોળ આંખોમાં સંપૂર્ણ ગોળ કિનારી આંજવી; આંખો ગોળ ને લાંબી હોય તો તે જરા ગાઢ, ખૂણા બહાર થોડી લકીર કાઢીને આંજવું.

ગ્રૅફાઈટ વગેરેમાંથી બનતાં ફૅશનિયાં આંખ-પ્રસાધન કરતાં દિવેલ કે ઘીના દીવાની કોરા કોડિયામાં પાડેલી મેશનું આંજણ આરોગ્યપ્રદ છે. એ બનાવવાની રીત હવે પછી.

ઘેર લેટ્યુસ (સલાડ) વાવો

નવેમ્બરની અધવચથી એપ્રિલ અધવચ સુધી પાક લઈ શકાય એવા આ શાકનાં બીનું (ગયા અંકમાં બતાવ્યા મુજબ) ધરૂ કરીને ૬ ફૂટ લાંબા, રાા ફૂટ પહોળા અને ૯ ઇંચ ઊંડા ખોખામાં ૧૨ છોડવા એક એક ફૂટને ગાળે બે હારમાં રોપવા. એક ચોરસવાર દીઠ ત્રણ ઔંસ ઍમૉનિયમ સલ્ફેટનું ખાતર માટીમાં મેળવવું, અને અઠવાડિયામાં બે વખત ઝારા વડે પાણી સીંચવું; અને પાણી જમા ન થઈ રહે તે માટે છોડને રક્ષણ આપવું.

કરકસર અને બચાવની રીતો

આજથી સત્તરેક વર્ષ પહેલાં બીજા મહાયુદ્ધથી સર્જાએલી અછત અને મોંઘવારીને વખતે, આ મથાળા નીચે 'કુમાર'માં એક વિભાગ શરૂ કરવાનો પ્રયત્ન કરેલો. આજે પણ એ જ મોંઘવારી અને અછત મધ્યમવર્ગ માટે અતિ વિકટ પ્રશ્ન રૂપે હયાત છે. તેની સામે ટકાવ કરવા સૌ કૈં ને કૈં ઉપાય કે નુસખા અજમાવવા ઇંતેજાર હોય જ. એવું કાંઇ પોતાની જાણ કે અનુભવમાં આવ્યું હોય તેનો લાભ બીજાને મળે એ ઉદ્દેશથી લખી મોકલવાની ત્યારે કરેલી વિનતિ ફરી આજે કરીએ છીએ. નમૂના તરીકે ત્યારે આવેલાં થોડાં સૂચનો આપીએ છીએ:

(૧) આટાનું ચંળામણ બીજી વખત દળાવવા માટેના ઘઉં સાથે જ દળવામાં નાખી દેવામાં આવે તો સરેરાશ નુકસાન બહુ જ ઓછું પડે; (૨) દાળના આંધણમાં બરોબર સાફ કરેલા બટાટા, સરગવાની શીંગો વગેરે બાફવાનાં શાક પણ નાખ્યાં હોય તો વખત અને બળતણનો બચાવ થઈ શકે; (૩) એ જ રીતે દાળની તપેલી પર બીજી તપેલીમાં ભાતનું આંધણ ઓછા બળતણમાં એકસાથે થઈ શકે; (૪) કાણી માટલી કે ઘડાનો કાંઠો સાવચેતીથી કાઢી લીધેલો હોય તો ઢોકળા મૂકવા માટે સારું સાધન મળી રહે; (૫) ને માટલીની નીચેની અરધી ઠીબ રાખ વગેરે ભરવામાં ખપ ઉપરાંત જમણવારની મોટી બેપડી રોટલી શેકવાની તવીનું કામ આપે; (૬) વધેલા ભાતમાં જીરું અને મીઠું ભેળવી સૂકવી રાખવાથી જરૂર પડ્યે તળી કે શેકીને ઉપયોગમાં લઈ શકાય; (૭) દીવાસળીનાં ખાલી ખોખાં દંતમંજન, છુટ્ટાં ઓસડિયાં વગેરે ભરવામાં કે સૅમ્પલોનાં પૅકિંગ કરવામાં વાપરી શકાય; અને (૮) ભાતનું ઓસામણ કપડાંને આર આપવામાં ખપ લાગે છે એ તો જાણીતું છે.

ખારેક

નવવધૂ ઘેર આવે ત્યારે આપણે ત્યાં પ્રથમ કોપરાં ને ખારેક ખવડાવવાનો ચાલ હતો. માન્યતા હતી કે એનાથી ઊંચાઈ વધે છે ને શરીરમાં કૌવત આવે છે. જેને સાફ આર્તવ આવતું ન હોય તે માટે ખારેક સારો ખાદ્ય પદાર્થ છે. જુવાન છોકરીઓ કે વહુઓ હમેશાં ૧ તોલો ખારેક, ૧ તોલો સાકર ને ૧ તોલો ઘી ત્રણેનું મિશ્રણ રોજ ખાય તો અટકાવ જરૂર સાફ આવશે અને ગર્ભાશયની બીજી કંઇ વિકૃતિ હશે તો તે દૂર થઈ ગર્ભપ્રાપ્તિ પણ થશે. ખારેકના ઠળીઆ પણ પૌષ્ટિક છે ને તેના ચૂર્ણના ઉપયોગથી પ્રદર મટે છે.

પત્ની (પતિને): તમે તે કેવા છો? હું જ્યારે ગાવા લાગું છું ત્યારે ઘરની બહાર બેસો છો!

પતિ: એ તો પાડોશીઓને એમ વહેમ ન પડે કે હું તને મારું છું, એટલા માટે.


> પ્રીતિનું સ્થાન-ભાજન સ્ત્રી છે; અપત્યનો આધાર પણ સ્ત્રી છે: ધર્મ અને અર્થ બંને સ્ત્રી ઉપર નિર્ભર છે: સ્ત્રીને પગલે જ ધન-સંપત્તિ છે; અને આ લોકનો આધાર અને મર્યાદા પણ સ્ત્રી ઉપર જ છે. સ્ત્રી એ ખરેખર સાક્ષાત્ લક્ષ્મી છે.
>
> (આચાર્ય ચરક)




ચોળી, બ્લાઉઝ, ફ્રૉક વગેરે પર ભરવા કે છાપવા માટેનું આલેખન (કુંવરબાઈ વકીલ)










અનિચ્છાવર્તી (ઉપર) અને ઇચ્છાવર્તી માંસપેશી, વિપુલરૂપે. અંદરની ઘેરી કાળી લીટીઓ જ્ઞાનતંતુઓના માંસપેશીઓમાં ફેલાએલા છેડા છે.

માંસપેશીઓ (કાયાની કરામત-૩) લાંબા અને પાતળા એવા વિશિષ્ટ કોષો જોડાઇને જે તંતુઓ બને છે એની સુવ્યવસ્થિત ગોઠવાએલી થોકડીઓ તે માંસપેશી. સંકોચન અને વિસ્તરણ એ એની વિશિષ્ટતા છે. સંકોચાતાં એ વચ્ચેથી પહોળી ને લંબાઈમાં ટૂંકી થાય છે. હાડકાંને પણ એ જોડતી હોઈ જ્યારે સંકોચાય છે ત્યારે એની લંબાઈ ઘટતાં તેની સાથે જોડાએલું હાડકું પણ ખેંચાઈ આવે છે. કોણી પાસેથી હાથ ઊંચકતાં બાવડામાં ઊપસતો ગોટલો એ સંકોચાએલી માંસપેશીઓ જ છે (જુઓ નીચેનું ચિત્ર). બાવડાની પાછળની માંસપેશીઓ સંકોચાતાં હાથ એ તરફ ખેંચાઇને પાછો મૂળ સ્થિતિએ આવી જાય છે. આમ આખા શરીરમાં પ્રતિપક્ષી માંસપેશીઓ સામસામી ગોઠવાએલી છે. જેમ હલનચલન વધે તેમ માંસપેશીની સખ્તાઇનો વિકાસ પણ વધે. મહેનતુ માણસનું સ્નાયુબદ્ધ શરીર તેનું દૃષ્ટાંત છે. તેનો વધુ પડતો વિકાસ હલનચલનમાં દબાણ લાવી અડચણ કરે છે. એટલે જ અખાડાના પહેલવાન કરતાં ટૅનિસનો ખેલાડી વધુ સ્ફૂર્તિલો લાગે છે. સંકોચનથી માંસપેશીઓમાં ગરમી ઉત્પન્ન થાય છે. ઠંડીમાં શરીરની ધ્રુજારીની હલચલ એ ગરમી લેવા માટે જ થાય છે. દિવસમાં એક લાખ વખતને હિસાબે જીવનભર ધડકતા હૃદયની માંસપેશીઓ અજોડ છે, પણ બધાંમાં ચહેરાની માંસપેશીઓ વિશિષ્ટ જ છે. હલનચલન ઉપરાંત તે ક્રોધ, પ્રેમ, હાસ્ય વગેરે ભાવ પણ વ્યક્ત કરી શકે છે. પાંપણનો પલકારો એ માંસપેશીની સ્ફૂર્તિલી કામગીરીનું ઉમદા દૃષ્ટાંત છે (જુઓ ઉપરનું ચિત્ર). હલનચલનની સાથે માંસપેશીઓમાંથી નીકળતા લૅક્ટિક ઍસિડનું પ્રમાણ વધે તો આપણને થાક વરતાય છે. હવામાંનો પ્રાણવાયુ શ્વાસમાં જઈ, લોહી સાથે ભળી છેક માંસપેશીઓ સુધી જઇને એ ઍસિડને બાળે છે, ને થાક જતો રહે છે.

દેહને ઘાટ આપનારી ને હાડકાંના માળખાને જોડી રાખનારી લગભગ ૬૦૦ જેટલી માંસપેશીઓ આપણા શરીરમાં હોય છે. શરીરના વજનનો ૩/૪ ભાગ તેનો જ હોય છે.



હાડકાંને જોડતી માસપેશીઓનાં અનુક્રમે એકબીજા પરનાં પડ.



બાવડાની સંકોચાએલી માંસપેશીઓ

આ તમે જાણતા હતા? કે—
કઠોળમાં
માંસ મચ્છી કરતાં પણ વધુ
ઈંડાં કરતાં બે ગણું
ઘઉં કરતાં પણ બે ગણું
ચોખા કરતાં ત્રણ ગણું
અને દૂધ કરતાં તો સાત ગણું
પ્રોટીન છે

પોષણદાતા પ્રોટીનથી ભરપૂર કઠોળ

મહેનત-મજૂરી કરનાર લાખો લોકોનો પોષણદાતા ખોરાક

જેમાં ફૉસ્ફરસ કૅલ્શ્યમ અને મૅગ્નેશિયાના ભંડાર હોવાથી તે કિશોરો અને યૌવનમાં પ્રવેશતા કુમારોનાં શરીર બાંધવામાં ઘણાં ઉપયોગી છ

—લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

અત્યાર સુધી આપણે કાર્બોહાઇડ્રેટથી સમૃદ્ધ ‘શૂકધાન્યો’ વિષે જાણ્યું. હવે પોષણના સઘન ઘટક પ્રોટીનથી ભરપૂર ‘શિંબી ધાન્ય’ વિષે જાણીએ. શિંબી ધાન્ય એટલે કઠોળ.

શૂકધાન્ય એ ડૂંડાંમાં થતું ધાન્ય છે, જ્યારે શિંબી ધાન્ય શીંગોમાં થાય છે. શીંગોમાં થતા આ ધાન્યના દાણાઓમાં બે દાળ હોવાથી તે ‘દ્વિદળ’ અનાજ તરીકે પણ ઓળખાય છે. મગ, મઠ, તુવેર, ચણા, અડદ, વાલ, ચોળા, લાંગ, મસૂર વગેરે જાણીતાં કઠોળ છે.

પ્રોટીનનું બાહુલ્ય એ કઠોળની મુખ્ય વિશિષ્ટતા. માંસ કરતાં પણ તેમાં પ્રોટીન વધારે છે, અને વધારામાં કાર્બોહાઇડ્રેટ પણ તેમાં પુષ્કળ છે: ૧૮ થી ૨૨ ટકા પ્રોટીન ને ૫૦ થી ૬૦ ટકા કાર્બોહાઇડ્રેટ!

આ પ્રોટીન ‘લૅગ્યુમિન’ પ્રકારનું છે. દૂધમાં રહેલા પ્રોટીન (કેસિન)ને તે ઘણું મળતું છે. તેથી તેને ‘વનસ્પતિજ કેસિન’ પણ કહે છે. લૅગ્યુમિનના બંધારણમાં કાર્બન, હાઇડ્રોજન, ઑક્સિજન, નાઇટ્રોજન અને ગંધક છે. મસૂરની દાળમાં ગંધક નથી હોતું, તો ખૂબ ફૉસ્ફરસ અને લોહ રહેલાં છે.

આવાં મહત્ત્વનાં, કીમતી અને પોષણદાતા તત્ત્વો ઉપરાંત કઠોળમાં અતિશય પ્રમાણમાં ક્ષારો છે, જેમાં મુખ્યત્વે પોટાશ, ફૉસ્ફરસ ને કૅલ્શ્યમ છે. ફૉસ્ફરસનું પ્રમાણ ૩૬ ટકા જેટલું છે. વાલમાં ગંધકનું પ્રમાણ વધુ હોવાથી ઘણી વાર આફરો ચડે છે. આનું કારણ સલ્ફ્યુરેટેડ હાઇડ્રોજન વાયુ અને રેષાઓના જીવાણુઓએ કરેલા વિઘટનથી ઉત્પન્ન થતો ‘મિથેન’ વાયુ છે. એથી દુર્ગંધ ભરેલી વાછૂટ થાય છે. વટાણામાં લેસિથીન (૧૦·૫ ટકા જેટલું) હોય છે.

ઉપર કહ્યું તેમ શિંબી ધાન્યમાં પ્રોટીનો માંસ અને મચ્છી કરતાં તો વધારે છે જ; ઉપરાંત ઘઉં કરતાં બે ગણા ને પૉલિશ્ડ ચોખા કરતાં ત્રણ ગણાં પ્રોટીનો તેમાં છે. વળી ઈંડાં કરતાં બેગણું અને દૂધ કરતાં સાત ગણું પ્રોટીન તેમાં છે.

પણ કઠોળનાં પ્રોટીન માંસ-મચ્છી અને દૂધ જેટલાં હિતકારી નથી. વળી શરીરમાં તેનું ઓછું પ્રમાણ શોષાતું હોવાથી એનું જૈવ-મૂલ્ય (બાયોલૉજિકલ વૅલ્યૂ) માંસાહારના પ્રોટીન કરતાં ઊતરતું છે. શરીરની ધાતુઓના ગઠનમાં શરીર જેનો સારો ઉપયોગ કરી શકે એ અનાજનું ‘જૈવ-મૂલ્ય’ ગણાય. રંધાવાથી કઠોળનું જૈવ મૂલ્ય વધે છે ખરું, પણ તેનું સ્થાન શૂકધાન્ય પછીનું છે. જોકે બીજાં કઠોળો કરતાં તુવેર અને ચણાનાં પ્રોટીનોનું જૈવ મૂલ્ય શ્રેષ્ઠ છે. એ પછી મગનું સ્થાન આવે. માટે જ બધાં કઠોળોમાં એ ત્રણ શ્રેષ્ઠ પોષણદાતા ગણાય છે.

ઉપરાંત કઠોળમાં કૅલ્શ્યમ દૂધના કરતાં ઓછું, ફૉસ્ફરસ ઘઉંના લોટ કરતાં કંઈ અને લોહ ઈંડાંની પીળી દાળના બરોબર હોય છે. ટૂંકામાં શરીર માટે નિતાન્ત જરૂરી રક્ષણાત્મક દ્રવ્યો તો કઠોળમાં રહેલા છે.

પણ કઠોળમાં રહેલાં નાઇટ્રોજન દ્રવ્યો યૂરિક ઍસિડનું પ્રમાણ વધારતાં હોવાથી શરીરમાં તેનાથી હાનિકારક અસરો પેદા થાય છે. જોકે કઠોળના ૪૦ ટકા દ્રવ્યો તો બરાબર અભિશોષાતાં જ નથી. રાંધવાથી એના રેષાઓ તૂટે અને દાણો બરાબર ગળી જાય તો જ એનું સારા પ્રમાણમાં શરીરમાં શોષણ થાય છે.

કઠોળમાં રેષા (સેલ્યુલોઝ) વધુ છે. આથી તે પચવામાં ભારે છે. આ રેષાઓ પ્રોટીન દ્રવ્યો ઉપર આથવણોની અસર થવા દેતા નથી, એટલે કઠોળ જો બરાબર ચવાયાં ના હોય તો એનું પાચન કમી થાય છે. વળી રેષાઓને લીધે આંતરડાંના સ્નાયુઓને જોર પડે છે અને જો થાકેલાં કે નબળાં આંતરડાંમાં કઠોળનું વધારે પ્રમાણ જાય તો વાયુ પેદા થાય છે. ટૂંકામાં કઠોળના પાચનમાં શક્તિનો ઘણો વ્યય થાય છે.

પણ કઠોળ પચવામાં ભારે છે માટે તે શરીરમાં શોષાતાં જ નથી એવું માનવું ખોટું છે. અમેરિકામાં કઠોળની પચનીયતા નક્કી કરવા થએલા પ્રયોગોના આધારે સાબિત થયું છે કે કઠોળનું ૯૭ ટકા કાર્બોહાઇડ્રેટ અને ૮૦ ટકા પ્રોટીન શરીરમાં પોષણ આપે છે.

શિંબી ધાન્યમાં જો શૂક ધાન્યોનું કાર્બોહાઇડ્રેટ છે તો માંસનું પ્રોટીન છે, અને આ રીતે જોતાં શિંબી ધાન્યનું સ્થાન શૂકધાન્ય અને માંસની વચમાં છે. માંસની જેમ કઠોળથી પણ યૂરિક ઍસિડ ઉત્પન્ન થતો હોવાથી ડૉ. ચંદ્ર કઠોળને ‘વનસ્પતિ-માંસ’ તરીકે ઓળખાવે છે. તો ડૉ. ઘોષ તેમાં રહેલી પ્રોટીનની સમૃદ્ધિને લીધે કઠોળને ‘ગરીબોના ગોસ્ત’ તરીકે બિરદાવે છે. કહેવાનો ભાવાર્થ એટલો કે મહેનત-મજૂરી કરનાર લાખો ગરીબ લોકોનું શરીર ટકાવવા માટેનો સસ્તો પ્રોટીનસમૃદ્ધ પોષણદાતા આહાર કઠોળમાંથી મળી રહે છે.

વળી બાળકો ને યૌવનમાં પ્રવેશતા કુમારોના શરીરની પેશીઓ બાંધવામાં અને શરીરની વૃદ્ધિ માટે તે ઘણાં ઉપયોગી છે, કારણ કે એમાં અભિશોષણીય ફૉસ્ફરસ, કૅલ્શ્યમ અને મૅગ્નેશિયાના ભંડાર છે. મગ, ચણા ને તુવેરમાં લોહનું સારું પ્રમાણ છે. બીજા કોઈ પણ અનાજ કરતાં ન્યુક્લીઇન, લેસિથીન ને ઑક્સીમિથેલિન ડાઇફૉસ્ફેટની તેમાં વિપુલતા છે. કઠોળ સિવાય એક ગાત્ર ઇંડાની જરદીમાં જ તે વધારે હોય છે. વળી કઠોળમાં રહેલી પોટાશ અને સોડિયમની અધિકતા માંદગીમાંથી ઊઠેલાને અને ક્ષયરોગીને ગુણકારી નીવડે છે.

ચાવવાની અને પાચનની શક્તિ સારી હોય તેમણે તો આખાં કઠોળ જ ખાવાં. અજીર્ણથી પીડાતા અને ક્ષયરોગીઓએ કઠોળની દાળ સારી રીતે ચડાવ્યા બાદ ખાવી. કઠોળમાં કાર્બોહાઇડ્રેટ સારા પ્રમાણમાં અને તે પણ સ્ટાર્ચ, ડેક્સ્ટ્રીન ને શર્કરાના રૂપમાં હોવાથી મધુમેહના રોગી માટે કઠોળ અપથ્ય છે. મેદોવૃદ્ધિ અને યકૃતના રોગોમાં પણ કઠોળ અપથ્ય છે, કારણ કે કલેજામાં તે ચરબી રૂપે સંઘરાય છે.

જેને જઠર-રસ વધારે સ્ત્રવતો (હાઈપરક્લોર હાઈડ્રીઆ) હોય, અને હોજરીના ફુગાવા (ડાયલેટેશન ઑવ સ્ટમક) વખતે જેને સ્ટાર્ચનું પાચન મંદ પડતું હોઇ આથો ચડતો હોય તેમણે પણ કઠોળ છોડવાં. કઠોળના પાચનના પરિપાક રૂપ યૂરિક ઍસિડ નીપજતો હોવાથી ગાઉટ અને સાંધાઓના સોજાવાળા માટે પણ કઠોળ હિતકર નથી. આ જ રીતે હૃદયરોગી ને ગુરદાના રોગી માટે પણ તે અહિતકર છે.

કઠોળ વિટામિન 'બી' જૂથ, વિટામિન 'કે' અને વિટામિન 'ઇ'નાં તો શ્રેષ્ઠ ધારક છે; અને વિટામિન 'એ'ના પૂર્વકારણ રૂપ કેરોટિન તેમાં ફક્ત મસૂર, ચણા અને તુવેરમાં જ વધારે છે. ચણા, મગ, તુવેર ને અડદમાં વિટામિન 'બી-૨'નું સારું પ્રમાણ છે. તુવેર ચોખા ને વાલના લીલવામાં વિટામિન 'સી' તથા વિટામિન 'એ' સારા પ્રમાણમાં છે. આ વિટામિનો બીજાંકુર અને અસ્તરમાં હોય છે. ચણા સિવાય બીજા કોઇ કઠોળમાં વિટામિન 'સી' નથી, પરંતુ કોઈ પણ કઠોળને પલાળીને ફણગાવવાથી તે મળી રહે છે.

આ ફણગાવવા (સ્પ્રાઉટિંગ) માટે કઠોળને પ્રથમ કોકરવરણા પાણીમાં દસથી બાર કલાક પલાળવામાં આવે છે. આ પાણી વધારે-પડતું ન રાખવું, કેમકે પાણીમાં (ભલે થોડા પ્રમાણમાં પણ) કઠોળનાં પ્રોટીન અને શર્કરા ચાલ્યાં જાય છે. આ પછી કઠોળને પાણીમાંથી કાઢી, કાપડમાં બાંધી, ભાર તળે દબાવી રાખવાથી એમાંથી ફણગા ફૂટે છે. ફણગા જેટલા મોટા ફૂટે એટલું કઠોળનું આહાર-મૂલ્ય વધે છે. એક દિવસ કરતાં બે દિવસ ફણગા ફૂટવા દેવાથી વિટામિન 'સી' આઠ ગણું અને ચાર દિવસે તો તે દસ ગણું વધે છે. ફણગા ફૂટવાથી કઠોળનું થોડું કાર્બોહાઇડ્રેટ પાચન પામે છે. તેમાં રહેલી સ્ટાર્ચ હોય છે તે ડેક્સ્ટ્રીન (એક જાતની શર્કરા)માં પરિણમે છે જેથી તેનું પણ પાચન સહેલું બને છે. વળી ફણગા ફૂટવાથી તેમાં વિટામિન 'બી-૨' (રિબોફ્લેવિન) પણ વધે છે. ફણગાની મૂછોમાં આશરે ૧૫ ટકા વિટામિન 'સી' રહેલું છે માટે કઠોળ મૂછો ને છોડાં સાથે ખાવાનાં છે.

ફણગાવવાથી વધતાં વિટામિનોના પ્રમાણનો આધાર કઠોળની જાત ઉપર રહે છે. પણ ચણા કરતાં મગમાં તે ત્રણ ગણાં વધારે હોય છે. વળી ફણગાવવાથી પ્રોટીન એવાં તો બદલાય છે કે તે સહેલાઇથી પચે છે. નહિતર કઠોળના ૨૨ ટકા પ્રોટીન અપચનીય જ રહે છે. આમ, ફણગાવેલાં કઠોળ સુપાચ્ય બનવાથી એમનાં પોષણ-દ્રવ્યો વધારે પ્રમાણમાં શરીરને મળે છે. પ્રોટીનનું કામ શરીર બાંધવાનું, ઘસાએલી પેશીઓની મરામત કરવાનું અને શરીરની વૃદ્ધિ છે.

ફણગાવેલાં કઠોળના આ ગુણથી આપણા પૂર્વજો માહિતગાર હતા. આથી જ એમણે રથયાત્રાના પર્વ નિમિત્તે મગનાં 'પેડાં', જાંબુ, કોપરું આદિનું ભગવાનને ધરાવેલું નૈવેદ્ય ખાવાનો મહિમા ગોઠવ્યો છે. પર્વ નિમિત્તે કાચાં 'પેડાં' ખાવાનું એક પ્રતીક યોજી તેના તરફ અભિમુખ બનાવી આપણને તે રોજિંદા આહારમાં અવારનવાર અપનાવવાનો જાણે કે બોધ આપ્યો છે. આજે તો હવે આહારવિજ્ઞાનની ચકાસણીએ નક્કી થયું છે કે ફણગાવવાની સહેલી અને સસ્તી રીતથી કઠોળનાં રક્ષણાત્મક આહારમૂલ્યો વધે છે.

ફણગાવેલાં કઠોળ કાચાં ખાવાનાં છે. એ ન જ ભાવે તો વધારીને ખાવાં;—પણ બે મિનિટ કરતાં વધારે વખત સુધી રાંધવાથી એમનું આહારમૂલ્ય ઘટી જાય છે. કાચાં પેડાંની ચટણી પણ લસણ ને મીઠું-મરચું નાખી બની શકે છે. વળી એમાં સોડા નાખવાથી કે તાંબાના વાસણમાં લાંબા વખત સુધી રાંધવાથી પણ વિટામિન 'સી' નાશ પામે છે. ફણગાવેલાં આ કઠોળ તાજાં શાકભાજી અને ફળોની ગરજ સારે છે. આરોગ્યની જાળવણી અર્થે જેમને તાજાં શાકભાજી અને ફળો ખાવાં ન પરવડે તેમણે ફણગાવેલાં કઠોળ તો અવશ્ય ખાવાં જ ખાવાં.

લીલા કરતાં સૂકા વાલ-વટાણામાં આહારમૂલ્યોની સમૃદ્ધિ વધુ હોય છે, પણ શીંગોના રૂપમાં આ લીલાં કઠોળ કુમળાં અને વધારે પચનીય હોય છે. મોટે ભાગે કઠોળ રાંધીને ખવાય છે, પણ ચણા મઠ અને વટાણા શેકીને પણ ખવાય છે. ખાતાં અગાઉ કઠોળને શેકવાથી કે બાફવાથી (સ્ટીમિંગ) તેનાં કાર્બોહાઇડ્રેટ અને પ્રોટીન વધારે પ્રમાણમાં સુલભ બને છે. રાંધવાનું પાણી જો કઠણ (હાર્ડ) હોય અને એમાં વધારે ચૂનો હોય તો એનાથી કઠોળ ઘણું અપચનીય બને છે. કઠોળને બાફવાનું પાણી નરમ (સૉફ્ટ) જોઇએ. રાંધતાં અગાઉ આખું કઠોળ આખી રાત અને દાળ બે ત્રણ કલાક માટે પાણીમાં પલાળવાનો રિવાજ છે. આથી તેમનાં છોડાં પોચાં પડે છે અને કઠોળની હરમાશ ઘટે છે. આ પાણીમાં થોડોક સોડા નાખવો. તે વધારે નાખવાથી કઠોળનું વિટામિન 'બી ૧' (થાઇમિન) નાશ પામે છે. આ કારણને લીધે કઠોળ રાંધતી વખતે તો તેમાં સોડા કે સંચોરો ન જ નાખવો. કઠોળમાં રહેલા ગંધકને લીધે તે જોકે વાયુ કરનારા તો છે, પણ રાંધતી વખતે રાઈ, મેથી અજમા ને હિંગના વધારથી તથા લસણથી તે વધારે પચનીય અને સ્વાદિષ્ટ બનવા ઉપરાંત વાયુ ઉપજાવતા નથી. વળી તુવેરની દાળ તથા બીજાં કઠોળમાં આમલી કે કોકમની ખટાશ નાખવામાં આવે છે, તે સ્વાદ આપવા ઉપરાંત વિટામિન 'બી'નું રક્ષણ પણ કરે છે.

કઠોળ શક્તિ અને પ્રોટીનના સાધનરૂપ હોઈ ઘણાં કીમતી છે. તેમનામાં વિટામિન 'બી' જૂથ, લોહ, થોડું કૅલ્શ્યમ અને ફૉસ્ફરસ છે, પણ તેમની ખામી એ છે કે તેમનામાં (મગફળી અને સોયાબીનસિવાય) માત્ર ½ થી ૧ ટકો જ ચરબી છે. ચરબીની આ ઊણપની આપણા પૂર્વજોને સુમાહિતગારી હોવાથી ચણા, ચોળા ને વાલમાં ઉપરથી તેલ અને અડદમાં ઘી લેવાની રીત આપણે ત્યાં પરંપરાગત ચાલુ આવી છે. મહર્ષિ ચરકે લખ્યું છે કે सस्नेहा: बलिभि: भोज्या: विविधा: शिम्बिजातय:। બળવાન લોકોએ વિવિધ જાતનાં કઠોળ સ્નેહ (ઘી અને તેલ) સાથે ખાવાં. મગ અડદ ને મઠની દાળો આપણા આહારની વાનીઓ છે, પણ તે ઘી નાખીને ખાવી.

ડૉ. હચિન્સન કહે છે કે 'કઠોળ લોટ રૂપે લેવાથી એનાં પ્રોટીન સારી રીતે શોષાય એવાં બને છે. બાકી આખાં કઠોળ ખાવાથી પ્રોટીન સારી રીતે શોષાતાં નથી.' આપણા આહારની વાનીઓમાં કઠોળના લોટની કેટલી બધી વાનીઓ છે! મઠનાં મઠીઆં, ચણાના ગાંઠીઆ ફાફડા સેવ મગજ ને કળી, મગના પાપડ, અડદના પાપડ અડદિયું ઈદલી ને ઢોંસા, ચોળાના પૂડા ને વડી. પોષણ-મૂલ્યોની દૃષ્ટિએ એ વાનીઓ ખાવી ઇષ્ટ છે. કઠોળનું પોષણ-મૂલ્ય ઊંચુ છે. સાડા ત્રણ ઔંસ કઠોળમાંથી ૩૩૩ ઉષ્ણાંક મળે છે. પણ તે એકલાં ખાવાથી શરીર નભી ન શકે, કારણ કે કાર્બોહાઇડ્રેટ અને ચરબીની ખોટ ઊભી થાય.

અન્નાહારમાં પ્રોટીનની ઊણપની મોટી ફરિયાદ છે અને તે પૂરવા માટે રોજ પૂરતા પ્રમાણમાં કઠોળ લેવાં જોઇએ. પ્રોટીન આપણા જીવનનો આધાર-સ્તંભ છે અને તે મેળવવા કાજે કઠોળ જેવું સસ્તું ખાદ્ય બીજું એકેય નથી. માટે જ આપણા આહારમાં ભાત કે રોટલા સાથે યોજેલું દાળનું ખાણું એ સમતોલ આહારની શ્રેષ્ઠ આયોજના છે.

માંદા માણસને મગનું ઓસામણ કે તુવેરની દાળનું નીતર્યું પાણી અપાય છે તે શા માટે? કારણ કે એનાં પ્રોટીન પાણીમાં ઓગળે એવાં અને સહેલાઈથી પચે એવાં છે. મગના ઓસામણમા પ્રોટીન હોવાથી માંદગીમાંથી આરોગ્ય મેળવવા માટે તે ઘણું કિંમતી નીવડે છે.

(હવે પછી મગ, મઠ, તુવેર, અડદ, ચણા, વાલ, લાંગ વિષે)

પચ્ચીસ વર્ષ પહેલાં

કારતક
૧૯૯૨
અંક
૧૪૩



ભાગ્યે જ કોઈ જાણે છે કે પચ્ચીસ વર્ષ પહેલાના 'કુમાર'નું આ લેખના મથાળા સાથે આપેલું પૂઠું અમેરિકાના અગ્રણી મુદ્રણ-માસિક 'ઇનલૅન્ડ પ્રિન્ટર'માં શ્રેષ્ઠ મુદ્રણ-રચનાના નમૂના તરીકે છપાયું હતું: કુમાર પ્રિન્ટરીના નમૂનાઓના અવલોકન સાથે.

સ્વર્ગ અને પૃથ્વી

'રવીન્દ્રનાથ!'

'જી.'

'તું આપણી જાગીર તો એક વાર જોઈ આવ. કેટલી જમીન, કેટલાં ઘર, શી માલમિલકત વગેરે તારી નજરોનજર જોઈ આવીશ તો ભવિષ્યમાં એ તને જ કામ આવશે.'

ઘરમાંથી વડીલની આજ્ઞા થઈ એટલે જુવાન રવીન્દ્રનાથે પદ્માના એ સૌન્દર્યભર્યા, સમૃદ્ધ ને ફળદ્રુપ પ્રદેશમાં થોડા દિવસ જઈ આવી પોતાની જમીનદારી નીરખી આવવાનું કબૂલ્યું.


બેંતાલીસ વર્ષ (આજે સડસઠ) પહેલાં ની આ વાત. પોતાની જાગીર પદ્માને કિનારે, એટલે કવિએ સામાન્ય ઘરને બદલે નદીમાં હોડીમાં જ રહેવાનું પસંદ કર્યું, કારણ પદ્મા ત્યાં આગળ પોતાનું વિરાટ નારીરૂપ પ્રગટ કરે છે. દસ માઇલના પહોળા પટમાં વિસ્તરેલી, મલપતી મસ્ત અને ભવ્ય પદ્મા જાણે પોતાના સાગરસ્વામીને મળતાં પહેલાં ત્યાં પોતાનું મૌલિક શક્તિ સ્વરૂપ ધારણ કરે છે.

પદ્માના કિનારાના આ લાંબા નિવાસ દરમિયાન અભણ ને અસંસ્કારી, પણ સજ્જન સહૃદય અને માણસાઇભર્યાં ગામડિયાંઓના સજીવન સંસર્ગમાં કવિ આવ્યા. નિસર્ગની અપૂર્વ અને વિરાટ ભવ્યતાની સાથેસાથે કવિએ માનવતાનું સહજ સૌન્દર્ય પણ ત્યાં જોયું અને માણ્યું. કેવળ કલ્પનામય જગતમાં મસ્ત રહેનાર એ જુવાન કવિની કલ્પનાસમાધિ ત્યાં તૂટી, અને સૌંદર્યની સ્મૃતિસાધનામાં રત રહેનાર સૌંદર્યદ્રષ્ટા રવીન્દ્રનાથ, જ્યાં જીવન અને મૃત્યુ, તેજ અને તિમિર, પુણ્ય ને પાપ, સત્ય અને અસત્યનાં દ્વંદ્વો સનાતન કાળથી પોતાની સંગ્રામલીલા વિસ્તારતાં આવ્યાં છે એવા વાસ્તવિક માનવજીવનની વચ્ચે આવ્યા. અહીં કવિએ કલ્પનામય સ્વર્ગ ને વાસ્તવિક પૃથ્વી વચ્ચેના ભેદનો સાક્ષાત્કાર કર્યો, અને એ સાક્ષાત્કારને પરિણામે પ્રથમની કવિતાઓ કરતાં તદ્દન જુદા જ સ્વરૂપની, માનવજીવનનાં અનેક પડોને સ્પર્શ કરતી ને સ્વભાવના અનેક થરો ઉકેલતી રંગદર્શી અને હૃદયંગમ કવિતાઓ તથા નવલિકાઓ સરજાઈ. કવિએ અહીં પોતાની દૃષ્ટિએ નિહાળેલી અને અંતઃકરણમાં સાક્ષાત્ કરેલી યથાર્થ માનવતા એમની એ સમયની રચાએલી સર્વ કવિતાઓ અને નવલિકાઓની જનેતા છે.

કલ્પના અને વાસ્તવિક—સ્વર્ગ ને પૃથ્વી વચ્ચેનો કવિએ અનુભવેલો આ તીવ્ર ભેદ એમણે પોતાની 'સ્વર્ગમાંથી વિદાય' એ કવિતામાં સમર્થરીતે આલેખ્યો છે. સંવત ૧૯૫૦-માં આ કવિતા રચાઈ છે અને કવિના કાવ્યસંગ્રહ 'ચિત્રા'માં એ પ્રગટ થઈ છે. કલ્પનામાં રમતા રવીન્દ્રનાથ આ કાવ્યસંગ્રહમાં વાસ્તવિક માનવજીવનનાં સુખ ને દુઃખ, આનંદ ને વિષાદ, હાસ્ય ને રુદન, સર્વમાં સમભાવે ભીંજાઇને માનવતાનું સંગીત ભેટ ધરે છે. આ દૃષ્ટિએ 'ચિત્રા' કવિના પલટાએલા માનસ ને ભીના અંતરનું પ્રતિબિંબ બનીને એમના સર્જનપ્રવાહનું સીમાચિહ્ન બની જાય છે.

મૂળ બંગાળી કવિતા તો એટલી છંદભરી, શબ્દલાલિત્યથી લસતી અને ભાવલાવણ્યથી ભરપૂર છે, એટલી પ્રસાદમય ને પ્રવાહી છે કે તેને મુકાબલે આ ભાષાંતર મને તો વિકૃત કંકાલ જેવું લાગે છે. મૂળનાં સૌન્દર્ય, સામર્થ્ય ને છંદ અદ્‌ભુત છે. માતા ધરિત્રીનો આવો મ-

સાબુનું શિલ્પ



ગયા અંકમાં બતાવેલી પદ્ધતિએ આ વખતે સાબુના ચોસલામાંથી સસલું કોરી કાઢવાની રીત જોઇએ. સસલાનો ઘાટ ઉતારવા સાબુનું મોટું ચોસલું કે ગોટી પસંદ કરજો. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે આગળ, પાછળ ને પડખેના ભાગની જોઈતી ઊંચાઈ મળી રહે છે કે નહિ તેની ખાતરી કરજો. ચિત્ર જેવડું જ અથવા બમણું કે ત્રણ ગણું માપ લેજો. પછી, 'ઉપરથી' અને 'પડખે'વાળી આકૃતિઓમાં બતાવ્યા પ્રમાણે ચાર ભાગ આછી લીટીથી પાડવા, ને આકૃતિમાં ટપકાંવાળી લીટીથી દર્શાવ્યા મુજબ, પહેલાં, ખરા આકારથી જરા વધારે જગ્યા રહે તે પ્રમાણે ચપટા ઓજારની અણીથી કે તારવાળા ઓજારથી છોડાં ઉતારી નાખવાં. કામ કરતાં દરેક બાજુની ઊંચાઈ, પહોળાઇ ને સંકડાઈ ઉપર નજર કર્યા જ કરવી, ઉતાવળ જરા યે ન કરવી. ચિત્રમાંની 'પડખે'વાળી આકૃતિ ઉપર ધ્યાન આપશો તો જણાશે કે સસલાનું મોં ૦ ભાગમાં નીચું જાય છે. ત્યાંથી ઢાળ ચડતોચડતો પાછળના ૦ ભાગની લીટી પર જઈ પછી એકદમ પૂંઠના ૦ ભાગમાં નીચે ઊતરી જાય છે. તે જ પ્રમાણે ઉપરથી પણ ચિત્ર મુજબ જ છોલી નાખી આકાર મેળવતા જવું. આમ, વખતોવખત ચારે બાજુ ફેરવી જોવાનું ભૂલશો નહિ. આંખો અને નસકોરાંની રેખાઓ સૌથી છેલ્લે કોરીને બનાવી લેવી. બધું કામ એકાદ ન્યૂસપેપર પાથરીને તે પર કરવું, જેથી સાબુનો છોલ ભેગો કરી કપડાં ધોવાના કામમાં લઈ શકાય.

હિમા, વિષાદનું આવું ભવ્ય રૂપ, માતૃભૂમિનું આવું સુરસ મનોરમ ચિત્ર કોઈ કવિની લેખિનીમાંથી સરજાયું હશે કે કેમ તે કોણ જાણે!

પોતાના પુણ્યભોગ સમાપ્ત થયા પછી સ્વર્ગમાંથી વિદાય લેતી વખતે પૃથ્વીનો પુરાતન વાસી કહે છે : (થોડા જ ફકરા)

હે મહેન્દ્ર!
મારા કંઠની મંદારમાલા મ્લાન થઈ ગઈ;
મારા મલિન લલાટની
જ્યોતિમાંથી રેખ બુઝાઈ ગઈ;
મારું પુણ્યબળ ક્ષીણ થયું.
હે દેવદેવીઓ!
સ્વર્ગમાંથી આજે મારી વિદાયનો દિવસ છે.
આ દેવલોકમાં
દેવ પેઠે મેં સો લાખ વર્ષ વિતાવ્યાં છે.
આજે અંતિમ વિયોગની ક્ષણે
મને એવી આશા હતી, કે સ્વર્ગની આંખોમાં
હું જરાક આંસુની રેખા જોઈશ.
શોકહીન, હૃદયહીન સુખ સ્વર્ગભૂમિ
ઉદાસીન ભાવે આજે એકીટશે જોઈ રહી છે;
લાખ લાખ વર્ષ થયાં
પણ એની આંખોએ પલક મારી નથી.
જ્યારે મારા જેવા સેંકડો લોકો
નિરાધાર નક્ષત્રની જેમ પલવારમાં
ધરિત્રીના અનંત જન્મ મૃત્યુના પ્રવાહમાં
સમાઈ જાય છે તે વખતે,
પીપળાને પોતાનું એક જૂનું પાંદડું
પડી જાય ને જેટલી વેદના થાય,
તેટલી પણ વ્યથા સ્વર્ગને થતી નથી.

હે અપ્સરે! તમારું નયનતેજ
પ્રેમવેદનાથી કદી મ્લાન ન થાઓ;
હું વિદાય લઉં છું.
તમે કોઇને પ્રાર્થના ન કરો.
પૃથ્વી પર નદીને તીરે કોઈ ગામમાં,
અત્યંત દરિદ્ર ઘર-આંગણે,
પીપળાના વૃક્ષ હેઠળ,
જો મારી પ્રેયસી અવતરશે,
તો પણ એ બાલિકા યત્નપૂર્વક
પોતાના વક્ષઃસ્થલમાં કેવળ મારે જ માટે
સુધાનો ભંડાર એકત્ર કરી રાખશે; અને
શૈશવકાળમાં નદીને કિનારે,
પ્રભાતે શિવની મૂર્તિ રચી,
વરદાનમાં મને જ માગી લેશે.
સંધ્યા સમયે
ટમકતા દીપને જલપ્રવાહમાં વહાવીને,
શંકિત કંપિત અંતઃકરણે
ઘાટ પર એકલી ઊભી રહીને
એકીટશે જોતી એ પોતાનું સૌભાગ્ય નીરખશે.
એક વાર કોઈ ધન્ય ક્ષણે મારા ઘરમા
નેત્રો નીચાં ઢાળીને,
ઉત્સવના બંસીરવની સાથે એ પ્રવેશ કરશે.
એના ચંદનચર્ચિત ભાલદેશે
રક્તપાટામ્બર વિરાજમાન હશે.
ત્યાર બાદ, સુદિન હો કે દુર્દિન,
સુખ હો કે દુઃખ,
પણ એ ગૃહલક્ષ્મી
કલ્યાણના કંકણ અને પાંતીમાં મંગલ સિંદૂર
હમેશાં ધારણ કરી રહેશે.

હે દેવગણ!
વચ્ચેવચ્ચે સુંદરના સ્વપ્ન સમાન
આ સ્વર્ગ પણ યાદ આવશે.
જ્યારે કોઈ મધરાતે
જાગીને અકસ્માત્ જોઇશ કે
નિર્મલ શય્યા પર ચાંદની છલકી રહી છે,
એમાં પ્રિયતમા નિદ્રાધીન થઇને સૂતી છે,
એના શિથિલ બાહુઓ સ્વાસ્થ્ય અનુભવે છે,
અને લજ્જાની ગ્રન્થિઓ ઢીલી પડી ગઈ છે;
મારા મૃદુ સોહાગ-ચુંબનથી એ ચકિત ભાવે
જાગી ઊઠશે, અને ગાઢાલિંગનથી
મારા વક્ષઃસ્થલને લતાના જેમ લપેટાઇ જશે;
દખ્ખણના વાયરા ફૂલની સુગંધ લઇ આવશે
ને દૂર વૃક્ષની ઘન શાખાઓમાં
કોયલ ટહૂકી ઊઠશે;—
ત્યારે આ સ્વર્ગ સ્વપ્નની જેમ સાંભરશે.

હે હતપુત્રા જનની!
તારા અંતિમ વિયોગને દિવસે
જે શોકાશ્રુધારાએ ઝરીઝરીને
તારાં એ માતૃસ્તનને અભિષિક્ત કર્યાં હતાં—
આજે આટલા દિવસો પછી
એ અશ્રુ સુકાઈ ગયા છે;
તો પણ હું મનમાં તો જાણું છું કે
જ્યારે હું તારે ખોળે પાછો આવીશ,
તે વખતે તારા બંને બાહુઓ મને જકડી લેશે;
મંગલનો શંખ વાગશે,
સ્નેહની છાયામાં,
સુખદુઃખમય પ્રેમભર્યા સંસારમાં,
પોતાને ઘેર, પુત્રપુત્રીઓની મધ્યમાં
મને તું ચિરપરિચિતની જેમ સ્વીકારી લઈશ;
અને બીજા જ દિવસથી, મારી તરફ
દરેક ક્ષણે કંપતા પ્રાણે
અને દેવો ભણી શંકિત હૃદયે
કરુણ દૃષ્ટિ માંડીને તું જાગતી રહીશ;—
તું એને માટે સર્વદા ચિંતાતુર રહીશ કે
જેને મેળવ્યો છે
એને પાછો ખોઇ ન બેસું!

-કિશનસિંહ ચાવડા

અનુસંધાન] **અંકોર-તોમ** [પૃ. ૪૫૩થી

શેતરંજ કે ચોપાટ રમતા નજરે પડે છે. આગળ વળી એક કંબોજી યુવતી પોતાની સખી પાસે માથાના વાળમાંથી જૂ-કસ્તર વિણાવે છે, તો વળી તેથી આગળ બે બલ્લવો આખા ડુક્કરને મોટા પાત્રમાં ઉકાળતા નજરે પડે છે!

આ શિલ્પોમાં ખેડૂતો, ગોવાળો, પારધીઓ, વ્યાપારીઓ, રાજવીઓ તેમજ બ્રાહ્મણો તેમની સ્વાભાવિક દિનચર્યામાં જોવા મળે છે. ઘણાં શિલ્પોમાં પ્રતાપી કંબોજી સેના તથા પડોશના ચંપા રાજ્યની સેના વચ્ચેના તુમુલ યુદ્ધનાં દશ્યો છે, તો ઘણાંમા નૌકાદળના સૈનિકો ભાલા-બખ્તરથી સજ્જ થઇને પ્રયાણ કરતા દેખાય છે અહીં જોવા મળતાં મગર, નાનાં મોટાં માછલાં તથા જળચરો તેમજ મોટાં વૃક્ષોની ઘટામાં બેઠેલાં અનેક પક્ષીઓનાં પ્રલંબશિલ્પો તે કાળના શિલ્પીઓનું તક્ષણ પરનું પ્રભુત્વ, તેમની ઊંચી આભરુચિ તથા તેમનો લોકજીવનનો ઊંડો અભ્યાસ પુરવાર કરે છે. (ચાલુ)

નટવરલાલ માલવી

અતિચાર

કોઈ વસ્તુ સારી નથી ને કોઈ નરસી નથી — સમજાવતાં કહે છે કે સારું કે નરસું છે તે તો તે લેવાનું પ્રમાણ

'એક દહાડો હું અમારી ક્લબમાં બેઠેલો. કેટલાક મશહૂર, નિષ્ણાત દાક્તરો પણ ત્યાં હતા. અમે ચા મંગાવી. નોકર મારી ટેવ જાણે, એટલે તે ઠંડા પાણીનો પ્યાલો ય સાથે લેતો આવ્યો. ચાના પ્યાલામાં મેં થોડું ઠંડું પાણી નાખ્યું, તે જોઈ દાક્તર બંધુઓ ખડખડાટ હસી પડયા ને મારી ઠેકડી ઉડાવવા લાગ્યા. મેં કહ્યું: ભલે હસો; પણ એક વાત કહો. આ તમારી ચાનું તાપમાન કેટલું હશે વારુ?

એક-બે જણા બોલ્યા: કેટલું વળી? હશે આપણા લોહી સરખું.

મેં કહ્યું: તદ્દન ખોટું. એ હશે દોઢસો અંશની આસપાસ. કોઈ માને નહિ. મેં નોકરને બોલાવી, પારાશીશી મંગાવી ને તે આવતાં બધા જ દાક્તરબિરાદરોની ચાનું તાપમાન મેં માપી બતાવ્યું. ૧૫૦ અંશથી ૧૬૦ અંશ. એ તાપમાન જોઇ બધા મિત્રો–નિષ્ણાતો હેબતાઇ ગયા!'

પોતાના આહાર-પ્રકરણમાં આ સ્વાનુભવ ટાંકયા પછી બાર્કર લખે છે: ઘણા દાક્તરો ખમાય તેટલી ગરમ ચા યા પાણી પીવાની દર્દીઓને સલાહ આપે છે ને તેમાંથી જ હોજરીમાં અર્બુદના અસંખ્ય કિસ્સા ઊભા થયા છે એમ મારું માનવું છે. અર્બુદ (વિદ્રધિ=કૅન્સર)ના કિસ્સાઓમાં હું તપાસ કરું ત્યારે ઘણીક ગૃહિણીઓએ કહ્યું છે: અરે ભાઈસા'બ, બહુ ગરમ ગરમ ચા પીવાની એમને ટેવ છે. હું પીવાનું શરૂ કરું તે પૂર્વે તો એમણે ગટગટાવી નાખી જ હોય.

આ વિલાયતની–ઇંગ્લંડની વાત છે. આપણે ત્યાં, ભારત-ગુજરાતમાં છેલ્લા દોઢબે દસકાથી ટાઇફૉઇડનો ઉપદ્રવ ખૂબ વધી ગયો છે. 'ઑરિયોમાઈસીન' ને 'સ્ટ્રેપ્ટોમાઇસીન' નીકળ્યા પછી એ રોગને લીધે પ્રાણ જવાની બીક હતી તે ટળી ગઈ છે. જોકે એ દવાઓની પાછળની અસરો બૂરી હોય છે. પણ તે વાત જુદી છે, ને તેની ચર્ચા અહીં કરવી નથી. પણ આપણે ત્યાં ટાઇફૉઈડ વધ્યાનાં કારણ આ રીતે શોધવાની જરૂર છે. એ શોધ તો સરકાર સિવાય કોણ કરી-કરાવી શકે? છતાં તેમાં પણ વનસ્પતિ તેલને લગતા અભિપ્રાયોની ગયાં થોડાં વરસથી ચાલતી લીલા અને રમાતા આટાંપાટાના ખેલ જેવું ન થાય તો સારું. મને એક વહેમ છે, તે જાહેર કરું? આધાર કોઈ છે નહિ, હું એ વિષયનો નિષ્ણાત હોવાનો દાવો પણ ન જ કરી શકું; પણ મારા વહેમને ધ્યાનમાં રાખીને આ વિષયનું સંશોધન કરાવવામાં આવે એટલી ઇચ્છા છે. અત્યાર સુધી આ વહેમ મેં મનમાં સંઘરી મૂકયો છે, પણ નિષ્ણાતોની ક્ષમા યાચીને હવે તે જાહેર કરું છું.

એ વહેમ એવો છે કે હાલ ત્રીસ-પાંત્રીસ વરસ થયાં, સરકારી હુકમ અન્વયે આપણે ત્યાંના વારિગૃહોમાં, પાણીમા ક્લોરિન ગૅસ, રોજેરોજ, ઓછોવત્તો ઉમેરાય છે. પછી જ એ પાણી નાગરિકોના ઉપયોગ અર્થે છોડવામાં આવે છે. જાણ મુજબ, પહેલા વિશ્વયુદ્ધમાં જર્મનોએ લશ્કરી સિપાઈઓને મલેરિયામાથી બચાવી લેવા માટે પાણીમાં આ નમકવાયુ ઉમેરવાની શોધ કરેલી, તેના વડે સિપાઈઓ મલેરિયાગ્રસ્ત થતા અટકેલા, અને તેથી એ શોધ ફરતીફરતી ભારત આવી. પછી તો સરકારી કાયદાની રૂએ નગરોના વારિગૃહોમાં, સુધરાઇઓ હસ્તક ચાલતાં વારિગૃહોમાં ક્લોરિન ગૅસ ઉમેરવાનું ફરજિયાત બન્યું. તેનું પ્રમાણ વત્તુંઓછું કરવાનો અધિકાર, સુધરાઈના આરોગ્ય અધિકારી (દાક્તર જ હોય, અલબત્ત)ને હોય છે. તે અમલદાર રોજેરોજ પાણીનું પૃથક્કરણ કરી-કરાવીને એ પ્રમાણ વત્તુંઓછું કરાવ્યા કરે છે.

આમ નગરવાસી લાખો લોકોના પેટમાં પાણીને ઘૂંટડેઘૂંટડે, દિનમાં દસવીસવાર ઓછોવત્તો નમકવાયુ જાય જ છે–ઇચ્છાએ કે અનિચ્છાએ. આંતરડાં પર આ નમકવાયુનો, ક્લોરિન ગૅસનો મારો સતત ચાલ્યા જ કરતો હોય છે. એ ઇષ્ટ છે ખરું?

એ ગૅસ ઊડણિયો ગૅસ છે; એટલેકે પાણીમાં નાખ્યા પછી ધીમે ધીમે એ ઊડી જાય છે, અને કદાચ દસબાર કલાકે તેનું તત્ત્વ નહિ જેવું રહે છે, ને પંદરવીસ કલાકે તો તે તદ્દન જ શૂન્ય થઈ જતું હશે. પણ જે હેતુથી ઉમેરાય છે, તે તો એ જ કે એ ગૅસયુક્ત પાણી જ લોકોએ પીવું જોઇએ, જેથી તેઓ મલેરિયાથી બચે. મલેરિયા એ ગૅસના ઉપયોગથી ગયો છે, એમ માનવાને હરકત નથી. પણ એ દ્વારા બીજા ઊંટ નથી ઘૂસી ગયાં, એ તો સંશોધન વિના કેમ જણાય?

આ ગૅસયુક્ત પાણી આહ્લાદક નથી લાગતું, ખાસ કરીને તેનું પ્રમાણ વધારે હોય ત્યારે. છેક સને ૧૯૩૫-૩૬થી આ વિષયમાં મેં અનેક ખટપટો કરી છે. અમદાવાદ, વડોદરા, મુંબાઈ આદિ અનેક શહેરોનાં વારિગૃહોમાં કયા પ્રમાણથી આ વાયુ ઉમેરાય છે તેને લગતો પત્રવ્યવહાર પણ કર્યો હતો. મુંબાઇના હાઇડ્રોલિક ઇજનેર સાહેબે એ આંકડા આપવાની ના પાડેલી, પરંતુ બીજી સુધરાઈના વડાઓએ તો મને આંકડા મોકલી આપેલા; અને તેનો મેં મારાં લખાણોમાં ઉપયોગ કરી સૂરતના વારિગૃહ-અધિકારીનું વારંવાર લક્ષ ખેંચ્યું હતું તથા કેટલાક વખત સુધી એ પ્રમાણ ઓછું પણ થએલું. પરંતુ ત્યારે મારી એ લડત તો બેસ્વાદપણાને અંગે જ હતી. પણ છેલ્લાં પંદરેક વરસથી મને વહેમ પડયો છે કે પીવાના પાણી સાથે પેટમાં સતત દાખલ પડતો આ નમકવાયુ આંતરડાંને નુકસાન કરે એ ખૂબ સંભવિત છે, અને કદાચ ટાઇફૉઇડનું પ્રમાણ એના વડે જ વધ્યું હશે, આંતરડાંમાં ચાંદા પડવાનું જોખમ એ નમકવાયુમાંથી જ ઊપજ્યું હોય એવો ભય મને સતત રહ્યો છે. સને ૧૯૪૯માં હું સૌરાષ્ટ્ર ગએલો, ત્યારે સુપ્રસિદ્ધ આયુર્વેદપ્રેમી દાક્તર પ્રાણજીવનદાસ મહેતાને મળેલો. પૂછેલું કે 'આપને હસ્તકના જામનગર વારિગૃહમા ક્લોરિન ગૅસ નંખાય છે?' તેમણે ના કહેલી, કે અમે પાણીમાં કશું નાખતા નથી. ક્લોરિન ગૅસની મલેરિયાનાશક અસરોથી એ દાક્તર સાહેબ અનભિજ્ઞ હોય એ શકય નથી, છતાં તેમણે જામનગરની પ્રજાને એ નમકવાયુ પાવાની જરૂર દીઠી ન હતી.

કોઈ પણ વસ્તુ, સારી કે નરસી, સતત લીધાથી, વધારે પ્રમાણમાં લીધાથી અવશ્ય નુકસાન કરે છે. બલકે કોઈ વસ્તુ સારી નથી ને કોઈ નરસી નથી, સારું કે નરસું છે તે તો તેનું પ્રમાણ, કયા રૂપે ને કેટલા અંશે તેનો ઉપયોગ થાય છે તે. સર્પનું ઝેર પણ યોગ્ય માત્રામાં યોગપૂર્વક લીધાથી અમૃત સમાન કામ આપે છે. કહ્યું છે કે:

> યોગાદપિ વિષં તીક્ષ્ણમુત્તમં ભેષજં ભવેત્,
> ભેષજં ચાપિ દુર્યુક્તં તીક્ષ્ણં સંપદ્યતે વિષમ્.

એટલે યોગ વિના, પ્રમાણ બહાર, સતત કોઇ 'સારી' ચીજ પણ લેવાનો અર્થ નથી. કોઈ ચીજ પૂર્ણ સારી નથી, ન કોઇ પૂર્ણ નઠારી. એટલે વરસોનાં વરસ, જિંદગીભર જાણે કે, આ નમકવાયુ પાણી સાથે પેટમાં લીધા કરવાનું પ્રજાકીય, સાર્વજનિક દૃષ્ટિએ કેટલું હિતાવહ છે તે કોયડારૂપ છે. મને લાગે છે કે નમકવાયુના આ વ્યાપક ઉપયોગ પરત્વે, સંશોધન કરાવી લેવાની ઘડી પાકી ગઈ છે.

બીજો એક વધારાનો આક્ષેપ પણ આ નમકવાયુ-ઉમેરણના કાર્ય

પર કરવાનું મારા મનમાં ઘોળાયા કર્યું છે. આપણે સવારે ઊઠીએ ત્યારે મોં ધોઇએ છીએ. નાહીએ ત્યારે આપોઆપ મોં ધોવાય છે. બપોરે ઊંઘીને ઊઠીએ ત્યારે, યા દુકાનેથી કે કચેરીમાંથી ઘેર જઇએ ત્યારે પણ ઘણી વાર મોં ધોઇએ છીએ. અને એ પ્રત્યેક વેળા આપણી આંખમાં નમકવાયુયુક્ત પાણી જાય છે. મારા જેવો કોઇ રોજ આંખે છાલક મારતો હોય તો વળી આંખમાં સવિશેષ નમકવાયુ જવા ભો રહે છે. આ રીતે વારંવાર નમકવાયુમિશ્રિત જળ આંખને લાગ્યા કરે, તેથી તેને નુકસાન થતું હશે ખરું કે નહિ? એ નુકસાન કદાચ અતિ અલ્પ થતું હોય, પણ તેનો સરવાળો થતાં થતાં એ અલ્પ કણિકાઓનો ડુંગર મોટો થઈ જાય કે નહિ? આ પ્રશ્ન પણ સંશોધવા જેવો છે.

આ જ રીતે, ગરમાગરમ ચા પીવાથી આંતરડાંમાં ગાંઠ(વિદ્રધિ) કે ચાંદાં પડવાની વાત પર ડૉ. બાકરે જે પ્રકાશ પાડચો છે તે આપણને વિચાર કરતા કરી મૂકે તેવો છે. આપણે ત્યાં પણ ગરમાગરમ રસોઈ ખાવાનો રિવાજ ઘરઘર-વ્યાપી છે. પૂરીઓ તળાતી જાય તેમ સીધી થાળીમાં પડતી જાય; ફૂલકા રોટલી ચૂલામાંથી કે શગડી પરથી નીકળે કે તુરત જ ભાણે જાય; ભજિયાં પણ ગરમાગરમ જ પીરસાય. અમારે ત્યાં સૂરતમાં તો આ માપબંધીનો જમાનો આવ્યો તે પૂર્વે જમણવાર હોય ત્યારે ભજિયાં 'લૂંટવાનો' રિવાજ હતો. જમણવાર શરૂ થતાં પૂર્વે, રસોડાને નાકે (બ્રાહ્મણિયા રસોઈ અભડાઈ ન જાય એટલે દૂર) ભજિયાંનો પેણો મંડાય, ને એક મોટી કથરોટ મૂકેલી હોય તેમાં તળનારો તળાઇને તૈયાર ધગધગતાં ભજિયાંનો ટોપલો ઠાલવે. પણ એ કથરોટની આસપાસ, બેવડ વાળેલી પત્રાળીઓ લઈ, જુવાન સ્ત્રીઓ કે છોકરાઓ—કેટલાક પૌઢા પણ ખરાં-ઊભેલાં હોય, તે 'મને, મને' કરતાં એ ઠલવાતાં ભજિયાં પોતાની પત્રાળીમાં લઈ લેવા મથે. એ રીતે ભજિયાંની લૂંટાલૂંટમાં કેટલાંક નિરાશ થાય ને કેટલાંક યશસ્વી બની ખુશ થતાં જાય, ને પછી પરિવાર યા બહેનપણીઓ દોસ્તો એ ભજિયાં, ગરમાગરમ શું ધગધગતાં, ખાય! એ પ્રથાનું ગૌરવ-અગૌરવ અહીં ચર્ચવું નથી, તેની આરોગ્યનાશકતા પ્રતિ ધ્યાન ખેંચવાનું છે. એટલો બધો ગરમગરમ ખોરાક ખાવો તે રોગને નોતરું દેવા બરાબર જ છે.

સંભવ છે કે આપણો દેશ ગરમ છે, એટલે કેટલેક અંશે ગરમ ખોરાક આપણને સુપથ્ય રહે (ગરમ પ્રદેશના લોકો જ મરચાં વધુ ખાઇ શકે છે, પચાવી શકે છે; ઠંડા પ્રદેશોના નહિ); પણ એ ગરમપણાને ય મર્યાદા તો હોય જ. આપણા શરીરના તાપમાન કરતાં પાંચસાત અંશ વધારે તાપમાનવાળી રસોઈ કદાચ આપણને હાનિકર્તા ન લેખાય. પણ એનાથી વધારે ગરમ વાનીઓ—પછી ચા, કૉફી, પીણાં, દાળભાત, દૂધપાક કે ભજિયાં, રોટલી—તો શરીરમાં નુકસાન કરે જ, આંતરડાંમાં ચાંદાં નિપજાવે એવું બને જ. ક્યા રોગો, શરીરના અમુક વિકારો કયે કારણે થયા છે એનું પૃથક્કરણ કેટલા કરી શકે છે? કેટલીક વાર તે શક્ય બને છે, ઘણી સાદી તકલીફ હોય ત્યારે પણ ઘણી વાર તે શક્ય બનતુ જ નથી, દાક્તરો પણ સમજી શકતા જ નથી. ઘણીખરી વાર, તો પાંચ દસ કે પંદર વરસના ભૂતકાળમાં એનાં મૂળ પડેલાં હોય!

અહીં એક જૂની આર્ય પ્રથા યાદ આવે છે: સવારના—એટલે કે અગિયારેક વાગ્યાના ભોજન વખતે બ્રાહ્મણો પહેલા પાંચ કોળિયા હવિષ્યાન્ન ખાતા તે. ચાર-પાંચ કોળિયા જેટલો ભાત, તેમાં બેએક ચમચી ઘી ભેળવીને ખાઈ જવાનો. તે પૂર્વે બીજું કશું ખવાય નહિ. તે પાંચ કોળિયા ખાધા પછી જ દાળ કે શાક જેવી મીઠાંમરચાં મિશ્રિત મસાલેદાર વાની (યા રોટલી)ના કોળિયા ભરવાના. આંતરડાં અતિ મુલાયમ યંત્ર છે. છેક શરૂમાં, પહેલે તડાકે જ એના પર મરચાં જેવા વિદાહી, ગરમ, કે રાઈ હિંગ જેવા તેજાનાઓનો ઢગલો પડે તો એ કોમળ નાજુક ભાગને એક પ્રકારનો આઘાત લાગે, તે એક જાતની ચમક અનુભવે. તેનો ઉપાય જ આમાં રહેલો છે: ઘી ને ભાત જેવા સૌમ્ય, શાંત, અલ્પમિષ્ટ, મસાલાહીન પદાર્થ વડે જ જમણની શરૂઆત કરવી. મને લાગે છે કે આંતરડાંમાં ચાંદાં પડતાં અટકાવવા માટે આ પ્રથા અતિ સારી છે. તે માત્ર બ્રાહ્મણ વર્ગ પૂરતી જ મર્યાદિત રાખવાને કંઈ કારણ દેખાતું નથી. દરેકે દરેક કુટુંબ પોતાને ત્યાં રોજેરોજ પાળવાના નિયમ તરીકે એ પદ્ધતિ દાખલ કરે તો નથી કંઈ ખર્ચ, નથી કંઇ તકલીફ, નથી કંઇ મગજમારી. અને રોગો સામે નહિ, તો એકાદ રોગ સામે થોડીઘણી ઢાલ ધરવાપણું તો જશે જ!

અનુસંધાન] **ફોટોગ્રાફી હરીફાઈ** [પૃ. ૪૫૪થી

વીખરાએલા વાળવાળા રડતા છોકરાની તસવીરમાં ભાઈ ગોવિન્દ ઉદેશીએ બાળકોના એક ચિરપરિચિત ભાવની સુંદર રજૂઆત કરી છે. સામાન્યરીતે લોકો બાળકના હાસ્યને ઝડપવા પ્રયત્નો કરે છે, પરંતુ તેના દર્દને મૂર્ત કરવાનું થોડાને જ સૂઝે કે ગમે છે. ચિત્રને નીચેની ધારથી દોઢ ઇંચ કાપવાથી સંયોજન જોરદાર બને.

ખજૂરીનાં બે ઝાડના 'યુગલ-ગાન'માં હેમેન્દ્ર શાહની ચિત્રવસ્તુની પસંદગી સારી અને નામ પણ કાવ્યમય હોવા છતાં ચિત્ર એટલું કાવ્યમય બની શક્યું નથી. ચિત્રવસ્તુને અનુરૂપ છાયાપ્રકાશ અને વાતાવરણનો અભાવ છે. ચિત્રનો દૃષ્ટિકોણ તથા સંયોજન પણ ભાવપૂર્ણ નથી. વહેલાં સવારે કે નમતે પહોરે આછા સૂર્યપ્રકાશમાં કે વાદળ-આચ્છાદિત જરા ઘેરા આકાશની પશ્ચાદ્ભૂમિમાં આ જ બે વૃક્ષ ફરી લેવાય તો સુન્દર ચિત્ર ઉપજાવી શકાય.

કલાકારો કુદરતપ્રેમી હોય છે, પણ પ્રાણીચાહક બહુ થોડા હોય છે. તેમાં યે ફોટો-કલાકારો ભાગ્યે જ પોતાની દૃષ્ટિ પ્રાણી કે પક્ષી તરફ દોડાવે છે. આ લેખકે આપણે ત્યાં એક પણ પાલતુ પ્રાણીની સુંદર તસવીર ભાગ્યે જ જોઇ છે. આન્તરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શનો અને ફોટોગ્રાફીનાં સામાયિકોમાં કોઇકોઇ વાર કૂતરાં, બિલાડીઓ કે પક્ષીઓના કલામય ફોટોગ્રાફો જોવા મળે છે, પણ આપણાં રોજિંદાં ઉપકારક દૂઝણાં પશુ(ગાય ભેંસ)નું સારું ચિત્ર સર્જાયાનું જાણ્યું નથી. ઢેલના છાયાચિત્રવાળા ભાઈ હાતિમ વોરાના 'એકાકી'ને કાપકૂપ કરી એન્લાર્જ કરવામાં આવે તો ચિત્ર આથી વધુ સારું બનશે.

ભાઈ શિરીષ મુનશીના 'પ્રતિબિમ્બ'ની ટેકનીક સારી છે. વીજળીના દીવાઓથી ઝગમગતાં અનેક આલીશાં મકાનો ન લેતાં તેમાંના એકાદ પ્રાસાદનું નજદીકથી ચિત્ર લીધું હોત તો?

મલાડના ભાઈ 'ચન્દ્રમે' મોકલેલાં છ ચિત્રો પરથી ભાઈ 'ચન્દ્રમ'માં ચિત્રદૃષ્ટિ છે એમ કહ્યા વિના રહેવાય નહિ, પરંતુ તેમનું ફોટોગ્રાફીની ટેકનીકનું જ્ઞાન ઊણું અને અસ્પષ્ટ જણાય છે. એક્સ્પોઝર જરા વધારે હોવું જોઈએ. સાથેસાથે ડેવલપમેન્ટ પણ ખામીભર્યું હશે. એન્લાર્જમેન્ટમાં 'સ્પૉટિંગ' કરવા પર ધ્યાન અપાય તો સારું.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'કસોટી'

'કસોટી'નો સંબંધ દેખીતી રીતે જ 'કસવું' સાથે છે. 'કસોટી' એટલે મૂળે તો સોનાનો કસ કાઢવાની પથરી. પછી, એ રીતથી સોનાની પરીક્ષા થાય, એટલે 'કસોટી' પણ 'પરીક્ષા' કે 'પરખ'ના અર્થમાં વપરાતો થયો : 'આફત મનુષ્યની કસોટી છે'; અને પછીથી 'આફતમાં જ મનુષ્યની કસોટી છે'—'કસોટી થાય છે', એમ વપરાતો થયો.

સંસ્કૃતમા कष્નો અર્થ 'કસવું' જ છે. પણ 'કસોટીના પથ્થર' માટે कषपाषाण છે, તેમ निकष ग्रावा) શબ્દ પણ છે. રઘુવંશમાં કાલિદાસ અતિથિ રાજાનું વર્ણન કરતાં કહે છે કે તેની પાસે ચંચળ લક્ષ્મી સ્થિર બનીને રહી — જેમ કસોટી ઉપર સુવર્ણરેખા રહે તેમ: निकषे हेमरेखेव. પછીથી निकष 'નિકષરેખા'ના અર્થમાં પણ વપરાતો થએલો.

પણ 'કસોટી' શબ્દનું ખરેખરું મૂળ તો कष पट्टिकाમાં ગણાય. સં० कष-पट्टिका, પ્રાકૃતમાં कस वट्टिआ, પછી ક્રમે કરીને 'કસોટી' થયું. કાલિદાસવાળી જ ઉપમા, પણ નાયક ને નાયિકાના શૃંગારિક સંદર્ભમાં, હેમચન્દ્રે નોંધેલા અપભ્રંશ ભાષાના એક પદ્યમાં મળે છે: नाइ सुवण्णरेह कसवट्टइ दिन्नी—'જાણે કે સોનાની રેખ કસોટી ઉપર ન પાડી હોય!' અહીં શબ્દ પુલ્લિંગમાં વપરાયો છે, સ્ત્રીલિંગમાં નહિ. 'કછોટી' (कक्षा पट्टिका) અને 'લંગોટી' (लिंग पट्टिका) જેવામાં પણ 'કસોટી'ની જેમ पट्टिका રહેલો છે. પણ એકમાં છે વસ્ત્રની પટ્ટી, ને બીજામાં પથ્થરની પટ્ટી.

—હરિવલ્લભ ભાયાણી

ભારતી સાહિત્ય સંઘ (અમદાવાદ)નાં

અજંપો : હૃદયસ્પર્શી અને સચોટ કાવ્યકડીઓના લખનાર તરીકે શ્રી શેખાદમ આબુવાલાને ગુજરાત ઓળખે છે, તે મુખ્યત્વે ગઝલના ક્ષેત્રમાં; પરંતુ તેઓ ગીતો ને છંદોબદ્ધ કાવ્યોના યે સારા લેખક છે તેની પ્રતીતિ 'ચાંદની' અને 'સોનેરી લટ' પછીના તેમના, ગીતો, ગઝલો, મુક્તકો અને વૃત્તબદ્ધ રચનાઓના આ સંગ્રહ પરથી થાય છે. પ્રસ્તાવનામાં શ્રી ઉમાશંકર જોશીએ યથાર્થ કહ્યું છે કે હૃદયના અજંપામાં કેવાકેવા રંગ ઊઘડે છે! પ્રણય એનો મુખ્ય રંગ છે. ક્વચિત્ એમાંથી વેદનાભર્યું ચિંતન પણ ટપકે છે. એકંદરે દરેક કૃતિમાં ઊર્મિની અને ઉક્તિની કાંઈ ને કાંઈ મુલાયમ શોભા ઊપસેલી જોવા મળે છે. છૂટા શેર પણ હૃદયંગમ છે. પાણીદાર મુક્તકોમાં શેખાદમની ઊંચા પ્રકારની છંદહથોટી વરતાય છે. કિંમત: રૂા. ૨-૨૫.

સૂની પડી રે સિતાર : સંગીતકાર અને કવિ સ્વ. શ્રી ઘનશ્યામ ઠાકરનાં કાવ્યો, ગીતો, ગઝલો, મુક્તકો ને સંગીતરૂપકોનો ('કલ્યાણ' 'પાંદડી' અને 'ફાલ્ગુની' પછીનો) છેલ્લો સંગ્રહ; જુદાજુદા લેખકો-કવિઓએ તેમની પ્રતિભાને આપેલી અંજલિઓ, અને પ્રો. રામચન્દ્ર પંડ્યા તથા શ્રી 'મસ્તમયૂરે' તેમની કવિતાના કરાવેલા પરિચય સાથે, ૨-૫૦; **અમરદીપ** : પોતાની નાનીમોટી વાર્તાઓ દ્વારા સારી પેઠે જાણીતા થએલા નવા વાર્તાકાર શ્રી ભૂપત વડોદરિયાની નવલકથા, શ્રી ઇન્દુલાલ ગાંધીએ કરાવેલા પરિચય સાથે, ૫-૦૦; **ઠોકર** : એવા જ બીજા નવા વાર્તાકાર શ્રી 'ઉમાકાન્ત'ની એ નામની લાંબી અને અન્ય દસ ટૂંકી વાર્તાઓ, ૬-૨૫; **આત્મવંચના** : શ્રી 'વિશ્વમિત્ર'ની એક વધુ નવલકથા, ૫-૫૦; **નવાં કલેવર ધરો હંસલા** : શ્રી ડાહ્યાભાઈ પટેલની નવી નવલકથા, રૂ. ૫.

સમાજદર્શનમાળા

વિદ્યાર્થીઓ, કિશોરો અને પ્રૌઢ શિક્ષણ પામેલા વાચકો માટે સુરુચિભર્યું અને ધ્યેયલક્ષી વાચન રજૂ કરતી પુસ્તિકાઓ : **પંચામૃત** : પ્રેરક તથા બોધક કથાનકો, પ્રસંગો, ફકરાઓ વગેરે, ૧-૨૫; **ભુલાય એ શેં કદી?** સામાન્ય જીવનમાંથી ઊંચકી લીધેલા ચાર પ્રેરક પ્રસંગો, ૧-૨૫; **આભના ટેકા** : શ્રી વિનોબા ભાવે સાથેની જીવનલક્ષી પ્રશ્નોત્તરી તથા બહુજનહિતૈષી સર્વશ્રી ગોરધનભાઈ અને વિશ્વનાથનો જીવન-પ્રબોધ, ૧-૦૦; **આંખ વિના અજવાળાં** : ચર્મચક્ષુ વિનાનાં છતાં જીવનમાં પ્રબળ પુરુષાર્થ ખેડનારાં સર્વશ્રી પં. સુખલાલજી, ડૉ. રાજેન્દ્ર વ્યાસ, શ્રી જગદીશ પટેલ અને કૃષ્ણબાળા ભટ્ટનો સરળ પ્રેરણાત્મક પરિચય, ૧-૨૫; ચારે પુસ્તિકાઓના લેખક: શ્રી ઈશ્વર પેટલીકર; **હૈયાઉકલત** : આપણી લોકકથાઓમાં વણાએલાં અનુભવજ્ઞાન અને કોઠાસૂઝના પ્રસંગોમાંથી અમુક ચૂંટીને શ્રી મનુભાઈ જોધાણીએ વાર્તાઓરૂપે કરેલી રોચક રજૂઆત, ૧-૨૫.

સંસાર : સરળ શૈલીમાં લખાએલી શ્રી ઝવેરચંદ મેઘાણીની ચાર વાર્તાઓ. 'નિવેદન'માં તેઓ કહે છે: 'મારી સળંગ ચાર વાર્તાઓમાંથી આ ચાર પ્રસંગો છે. પહેલામાં અનાથ-આશ્રમોની રૂઢિજડ નિષ્પ્રાણતા ને પ્રાણીપ્રેમી એક ભટકતા મદારીની માનવતા, બીજામાં એકનત્રલોહિયા ન્યાયકર્તાની હિંમત, ત્રીજામાં એક હિંદુ ને બીજું મુસ્લિમ એ બે કુટુંબોની હમદર્દી અને ચોથામાં લશ્કરી યુદ્ધનોકરીમાં જઈ આવેલા દેશી રંગરૂટોની અવદશા, એ ચાર મુદ્દા તરી આવે છે.' ૧-૨૫.

છકો અને મકો

બાલસાહિત્યકાર શ્રી જીવરામ જોષીએ પોતાને ક્ષેત્રે મબલખ પ્રમાણમાં સર્જન કર્યું છે અને તેમનું લખાણ ગુજરાતમાં એકસરખાં રસ અને રુચિ જન્માવી શક્યું છે. 'મિયાં ફુસકી' પછી 'છકો અને મકો' એ તેમની અત્યંત લોકપ્રિય નીવડેલી શ્રેણીબદ્ધ બાલવાર્તા છે. તેમાંનાં ચાતુરી, વિનોદ અને વ્યવહારુ ડહાપણની રજૂઆતની રસાળતા અવશ્ય નોંધપાત્ર છે. પુસ્તિકાઓ અનુક્રમે: **ચતુર પુરુષ બન્યા**, ૧-૪૦; **જગો ગોડિયો**, ૧-૬૦; **ભૂતિયો મહેલ**, ૧-૦૦; **ધનો ધંતરિયો**, ૧-૫૦; **ઉપાધિના ચક્કરમાં**, ૧-૮૦; **ઊલમાંથી ચૂલમાં**, ૨-૨૫; **તીરુવલ્લુ**, ૨-૦૦; **ભાંડની ભવાઇ**, ૨-૦૦.


મનીષા

સૉનેટની રચના એ કવિનાં કલા-કસબની કસોટી લેખાય છે. એ મહત્ત્વનો કાવ્ય-પ્રકાર આપણા સાહિત્યમાં સારી પેઠે ખીલ્યો છે, અને જેની ગુણવત્તા માટે આપણે મગરૂબી લઈ શકીએ એવાં ઘણાંક સૉનેટ આપણા કવિઓએ રચ્યાં છે.

'કુમાર'ના સુપરિચિત પ્રો. રમણલાલ ચી. શાહ અને શ્રી મીનુ દેસાઈએ કરેલો એવા સિત્તેર સૉનેટોનો આ સંગ્રહ પ્રતિનિધિરૂપ છે. સૉનેટનો વિકાસ અને તેનું સ્વરૂપ સમજાવતો સંપાદકોએ લખેલો લેખ અભ્યાસમંડિત છે. સૉનેટનો ઇતિહાસ અંગ્રેજી કવિતાના ઇતિહાસ સાથે સંકળાએલો છે, આથી અંગ્રેજી ભાષાનાં નમૂનેદાર ચોત્રીસ સૉનેટો પણ આ સંગ્રહમાં સમાવી લેવામાં આવ્યાં છે. આમ સૉનેટનો અભ્યાસ અને રસાસ્વાદ કરવા માટે પ્રસ્તુત એ એક મહત્ત્વનો અને આગવો ગ્રંથ છે. પ્રો. મનસુખલાલ ઝવેરીના 'પ્રવેશક' સાથે; કિંમત: રૂા. ૩-૦૦.

બાપુ : ગાંધીજીના જીવનકાર્યનો મહિમા ગાતી જાણીતા કવિ શ્રી મીનુ દેસાઈની હૃદયસ્પર્શી કરુણપ્રશસ્તિ, સચિત્ર, ૧-૨૫.

પ્રકાશક : આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ-૨.



માધુકરી

અલક્ષ્મી ગૈ ચાલી, ભૂલી પડી હતી આની અમથી,
અમાવાસ્યા દીપાવલિ પલટી એ જ્ઞાનદ્યુતિથી;
હવે તો ચોખ્ખાં છે નભ, થલ, નદી, સ્રોવર ભર્યાં,
હલેતા પ્રાણે શા પવન વહતા ઓઘ નરવા.
વીત્યા વર્ષે આવી અસુભગ થયું આપ જ પરું,
નવા વર્ષે હવે પુલકિત મુદે આતમ ભરું.

રતિલાલ ચોગી

સદ્ગત શ્રી હીરાલાલ અમૃતલાલ શાહ

'કુમાર'ના આદ્ય હિતચિંતકો અને પરિપોષકોની નામાવલીમાં અમારા મહાનુભાવ મિત્ર શ્રી 'હીરાભાઇ' અવિસ્મરણીય વ્યક્તિ હતા. 'કુમાર'ના બીજક–સમયથી મુંબાઇમાં તેમની હૂંફ, આશ્વાસન અને નિત્યના પ્રોત્સાહક આતિથ્યનો લાભ 'કુમાર'ના આદ્ય સંચાલક અને સહાયક કાર્યકરોને અવિરતપણે જીવનપર્યંત તેમણે આપ્યા કર્યો હતો. 'કુમાર' પરના એવા સીધા-આડકતરા તેમના ઉપકારોનું સ્મરણ કરતાં ગયા માસ (ઑક્ટોબર)ની ૨૩મી તારીખે મુંબાઈમાં થએલા તેમના અવસાનની નોંધ લેતાં કલમ શોકનો કંપ અનુભવે છે.

હીરાભાઇ સ્વભાવે એવા ધીરગંભીર પુરુષ હતા કે તેમની દેશ પ્રતિની લાગણી, અખંડ વિદ્યોપાસના, ઉદ્યોગોની પ્રક્રિયાનું જ્ઞાન અથવા વસીલાદાર મિત્રો સ્નેહીઓ અને નામી વિદ્વાનોના ગાઢ પરિચયનું અરમાન ભાગ્યે જ થોડા માણસો સમજી શક્યા હશે. વિશાળ કુટુંબના વત્સલ પરિપાલક, સગાંઓ પ્રતિ સહિષ્ણુ ગૃહસ્થ, અને કુલધર્મે જૈન હોવા છતાં સર્વ ધર્મો ને સંપ્રદાયોના મર્મશોધક હીરાભાઈનું વ્યક્તિત્વ અનોખું હતું. વ્યવહાર ને વેપારમાં પાકા ગણતરીબાજ, છતાં સમયસમય પર તેમણે મિત્રો તથા સંસ્થાઓને જાહેર અને ગુપ્ત સખાવતો આપી પોતાની સંપત્તિને સાર્થ બનાવી છે. અભ્યાસના કોઈ પણ વિષયમાં તેમને રસ લાગે એટલે તેનો તલસ્પર્શી ગ્રાહ મેળવવા અથાગ વાચન, પત્રવ્યવહાર, મુલાકાતો અને પરિશ્રમ કર્યા વિના છોડે નહિ.

જ્યોતિર્વિદ્યાના ઊંડા અભ્યાસી હોઈ તેમણે આકાશના ગ્રહો-નક્ષત્રો આદિ ઓળખવા



દૂરબીન લીધું, તેનાં અંતરો રંગો ને ભ્રમણ-માર્ગો આદિ જાણવા પુસ્તકો ને નકશા વસાવ્યા, અને સંસ્કૃત સાહિત્યના પોતાના પ્રગાઢ અભ્યાસમાંથી પુરાણ તથા સાહિત્ય-કથાઓ સાથે આકાશના વિહારોની એક-વાક્યતા શોધતા બની ગયા. ગ્રહો, તારાઓ, નક્ષત્રો અને નિહારિકાઓમાં તેમણે અનેક કથાઓનાં વૃત્તાંત ઉકેલવા માંડયાં, અને તે સમજાવતાં વર્ષો તથા ઋતુઓની પાર વગરની ગણતરીથી સાંભળનારને મુગ્ધ કરી દેતા. વિદ્વાનોની પરિષદોમાં તે પર તેમણે મહાનિબંધો રજૂ કરેલા. ઘણાને તેમની આ પ્રવૃત્તિ માત્ર ધૂન લાગતી, છતાં તેમની એકાગ્રતા, નિષ્ઠા અને પરિશ્રમ આગળ નમી પડતા. આ ધૂનમાંથી તેમને જ્યોતિષના ફલાદેશનો રસ લાગ્યો અને તેનાં અટપટાં ગણિત સાધ્ય કરવા ભારતીય તથા વિદેશી જ્યોતિષશાસ્ત્રીઓના ગ્રંથો



ચોપગાં પ્રાણીઓમાં સૌથી વિશાળ કાયા હાથીની. કુલ ત્રણ જાતો : આફ્રિકન, એશિયન (હિંદી), અને આફ્રિકાના કૉંગો-પ્રદેશમાં થતી વામન જાત. સિયામ–બ્રહ્મદેશમાં થતા સફેદ હાથી પવિત્ર મનાય છે. આપણો હાથી ભરાવદાર ભાંડા ને ખભાવાળો, સહેજ ચપટા ને ખાંચદાર માથાવાળો તથા નાના કાનવાળો. નર નવ ફૂટ ઊંચો; માદા એક ફૂટ નીચી.

ચાળીસ હજાર સ્નાયુઓ ધરાવતી નાજુક સૂંઢને છેડે આવેલા ટેરવા વતી તે ટાંકણી જેવી ઝીણીચીજ પણ ઉપાડી શકે. સૂંઢમાં બે નસકોરાં. તેના કાન નિરંતર હાલ્યા કરે. ઉપલા–નીચલા જડબાંની છેડે છ–છ દાંત, રાક્ષસી એકે નહિ. દેખાડવાના દાંત દંતૂશળ. નાનપણના દૂધિયા દાંત પડી જઈ પાકા દંતૂશળ ફૂટે. માદાને થોડા ઇંચ પૂરતા જ તે હોય છે. દંતૂશળ વિનાના નર હાથીને 'મકનો' કહે છે. પગનો ઘૂંટણ નીચેનો ભાગ મરજી મુજબ વાળી શકે. પગે પાંચ આંગળાં, તે જાડી ચામડી તથા ગાદીથી ઢંકાએલાં. આંખો ઝીણી, દૃષ્ટિશક્તિ કંગાળ, પણ સૂંઘવા–સાંભળવાની શક્તિ અનેકગણી તીવ્ર.

રહે ખાસ કરીને વાંસનાં ગીચ જંગલોવાળી ટેકરાળ જમીનના વિસ્તારમાં. ખાય ઘાસ-પાલો; વાંસ-પત્તીનો ભારે રસિયો. દિવસે ૫૦૦-૭૦૦ રતલ ખોરાક જોઇએ. ઊંઘે બપોરે ને મધરાત પછી. સૂર્યતાપ સહી ન શકે. ઊંઘે ઊભાંઊભાં, પાસાભેર થઇને ક્યારેક જ. પાણીનો ને તરવાનો યે જબરો શોખીન. ઝડપથી ચાલી યે શકે. આયુષ્ય સો વર્ષ જેટલું.

કુટુંબનાં, હારબંધ કૂચ કરતાં ૫ થી ૬૦–૮૦ સભ્યોના ટોળાની સરદારી માદાની. નર ભોગકાળ દરમ્યાન તેમાં ભળે. ત્યારે મદગળતા 'મસ્ત' માતંગના મસ્તક પરનાં બે છિદ્રોમાંથી કાળો ને તૈલી 'મદ' ઝરતો હોય છે. નિમકહલાલીમાં કૂતરા-ઘોડાથી યે ચડે. એટલી જ તીવ્ર માનાપમાનની લાગણી. ક્રોધ મહાકાળ જેવો.

એક બચ્ચું (ક્યારેક જોડિયાં) માના પેટમાં ૨૦ માસ રહે. બચ્ચાને બીજી માદા પણ સંભાળે. દસ વર્ષ સુધી બચ્ચું મા સાથે જ ફરે.

અને આંકડાશાસ્ત્રો સુસાધ્ય બનાવી પોતે જ તેની શક્તિમાં વિશ્વાસ રાખતા બની ગયા.

પણ માત્ર વિદ્યાગ્રંથો અને જ્યોતિષગ્રંથો જ નહિ, પોતાની એકબે બીમારીઓમાંથી ઊઠયા પછી વૈદ્ય-દાક્તરની ચિકિત્સાઓ અને ઔષધો ઉપર પણ સંશોધનાત્મક અનુભવપૂર્ણ અભિપ્રાય આપતા તે બની ગયા હતા. ગાંધીજીએ રેંટિયાશાસ્ત્રની પ્રતિષ્ઠા કરી ત્યારે હીરાભાઈ બેસી રહ્યા નહોતા. મિકૅનિકો પાસે તરેહતરેહની ત્રાકો અને ચક્કરો કરાવી ઘરની બાથરૂમમાં રાત્રે તે પર પ્રયોગો અને નોંધો કરતા.

હરિજનોનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે હરિજનોને અપનાવવા માટે એ લોકોને કાર્યસમયના અલગ પોશાક આપવા વગેરે બાબતોનો તેમનો ગાંધીજી સાથેનો પત્રવ્યવહાર 'નવજીવન'માં પ્રસિદ્ધ થયો છે.

સંસારસુધારાની બાંગો પોકારનારામાં થોડા જાણતા હશે કે હીરાભાઇએ તો પોતાના નિત્યજીવનમાં તેમજ કુટુંબના વ્યવહારમાં સંપૂર્ણ ઉદાર નીતિ અપનાવી હતી. પોતાનાં પુત્રપુત્રીઓને શકય તેટલી કેળવણી આપી આધુનિક વિશ્વનાગરિક જેવાં બનાવ્યાં ને સમય આવતાં પોતાની સુપુત્રી લીલીબહેનને ભારતના અનોખા રત્નસમા સદ્ગત ડૉ. અનંત પંડયા સાથે પરણાવ્યાં. પુત્રોને અમેરિકાની શ્રેષ્ઠ સંસ્થાઓમાં તેમનાં પસંદગીનાં ક્ષેત્રોમાં ઉચ્ચતમ તાલીમ તથા પદવી અપાવ્યાં. એક પુત્રે અમેરિકન પત્ની પસંદ કરી તે સન્નારીને પણ કુલવધૂ તરીકે સુયોગ્ય રીતે આદર આપ્યો. ત્રણ પુત્રો અને બે પુત્રીઓના બહોળા પરિવારને પોતાની છત્રછાયા નીચે આનંદ કરતાં જોવા દર રવિવારે પોતાની સાથે સૌ જમે જ એવો તે આગ્રહ સેવતા. તેમનું આવું સૌભાગ્ય ઊજળું બનાવનાર તેમનાં ધર્મપત્ની શ્રી મોંઘીબહેનને તેમના દરેક સામાજિક પ્રસંગમાં તેમની જોડાજોડ ફરતાંહરતાં જોઇને જૂનાં અને નવાં સર્વ સંબંધીજનો સાનંદાશ્ચર્ય અનુભવતાં. સંપ્રદાય કે ધર્મવિષયે પોતે અતિ ઉદાસી હોવા છતાં શ્રી મોંઘીબહેનની ધાર્મિક ઇચ્છાઓ અને સંકલ્પોને હીરાભાઈ વધાવી લઈ સર્વ પ્રકારે અનુકૂળ થતા અને પોતાનાં પિતાશ્રી તથા માતુશ્રીએ આદરેલાં ધર્મદાનો તથા કાર્યો તેમણે પાર ઉતાર્યાં હતાં.

સદ્ગ્રન્થો ને સામયિકોથી સમૃદ્ધ પુસ્તકાલય ધરાવવા ઉપરાંત સંસ્કારી સમારંભોમાં હાજરી આપવાનું પણ તે કદી ચૂકતા નહિ. ગુજરાતી સાહિત્ય પરિષદ હોય, PEN પરિષદ હોય, ભારતના કોઇ પણ ભાગમાં પ્રાચ્યવિદ્યા પરિષદ કે એવી વિદ્વત્સંસદો હોય, તેમાં ભાગ લેવા તે એકલપંડે નીકળી પડતા. આ જ રીતે એક સાદા અજાણ્યા પ્રવાસી તરીકે તેમણે ભારતમાં ઘણા ખૂણાના પ્રદેશો જોવામાં ખૂબ જ રસ અને કુતૂહલ માણ્યાં હતાં. શ્રીમંતો કે રાજવીઓ કે અમલદારોની એમણે ખુશામત કરી જાણી નથી. પોતાનાં બુદ્ધિકૌશલ્ય ને ગણતરીભરી દૂરંદેશીથી તેમણે વેપારઉદ્યોગને ખીલવી પિતા કરતાં અનેકગણી સંપત્તિ વધારી હતી; છતાં કૃષ્ણની જેમ વિદ્વાન સુદામા સમા મિત્રોને પોતાની સાથે સમાન-આસને બેસાડી તેમનું આતિથ્ય કરતા ને તેમના સંકલ્પ પૂરા કરવા ઉત્સુક રહેતા. શ્રી કાકાસાહેબ કાલેલકર, નાનાભાઈ ભટ્ટ, સ્વામી આનંદ કે મારા જેવા અદના મિત્રો માટે પણ મુંબાઇમાં તેમનું ઘર એક સ્વસ્થ આનંદપ્રદ આશ્રયસ્થાન હતું. ઘણી વાર કોઇ મિત્રની ચિઠ્ઠી-ભલામણથી પણ અતિથિ એ લાભ લેતા. આમ અનેકરીતે હીરાભાઈ પોતાનો આંતરબાહ્ય જીવનવૈભવ વિકસાવી ગુજરાતના એક અગ્રગણ્ય સપૂત ગણાવાના અધિકારી બન્યા હતા.

તેમનો જન્મ ઈ. ૧૮૯૪માં ભાવનગર પાસે વરતેજ ગામના એક જૈન કુટુંબમાં થયો હતો. એમના પિતા અમૃતલાલ શાહે રાધનપુરથી આવી ભાવનગરમાં કાપડનો વેપાર કરતાં મુંબાઈ સુધી જઈ મૂળજી જેઠા ને મંગળદાસ માર્કેટોમાં ભાગીદારીની દુકાનો જમાવી હતી ને ત્યારથી પોતાના આ એકના એક પુત્ર અને એક પુત્રી સાથે કુટુંબનો જાથુક વસવાટ મુંબાઈમાં રાખેલો. છતાં ભાવનગરને વતન ગણી, મકાન ત્યાં રાખી, વહેવારોમાં ત્યાં સતત આવતાજતા રહેતા. હીરાભાઈ મૅટ્રિકમાં હતા તે જ વખતે તેમનું લગ્ન ભાવનગરના પ્રસિદ્ધ કાપડ-વેપારી શ્રી ગીરધરભાઈ કાપડિયાનાં પુત્રી શ્રી મોંઘીબેન સાથે થયું. તે વખતે પણ એ યુગલ સુભાગી ગણાયું હતું. મારા બાળમિત્ર શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા અને મોંઘીબેન પિત્રાઈ ભાઇબેન થાય, એ નાતે મેં પણ શ્રી મોંઘીબેનને આજ સુધી બહેન માન્યાં છે.

મુંબાઈમાં હીરાભાઇના પિતાશ્રીએ બંને માર્કેટો નજીક પડે તે માટે છીપી ચાલના એક માળામાં નિવાસ રાખેલો હતો. એ યુગના શ્રીમંત વેપારીઓના માળા પણ અંધારા દાદરાવાળા અને આજની દૃષ્ટિએ બિનસુખાકારીવાળા, છતાં તેમાં વૈભવી કુટુંબો સમાસ કરીને રહેતાં. ઘાટી-રસોઇયા નજર આગળ ઘૂમતા હોય, બેસવાના, મળવાના, વાતો કરવાના ઓરડા એક જ હોય, એમાં એક ખૂણે હીરાભાઇનું ચોપડીઓથી ભરેલું ટેબલ લૅમ્પ અને ખુરશી સમાવેલાં હોય, અને તેમાં એ યુગની કુલવધૂઓની જેમ સાસુસસરાની મર્યાદા સાચવીને ફરતાં મોંઘીબેન ઘરના દરેક પ્રવૃત્તિ પર તથા મહેમાનો પર નજર રાખીને કૌશલ્યપૂર્વક સૌની માવજત કરતાં હોય.

હીરાભાઇ અભ્યાસનું કોઈ પણ વર્ષ નિષ્ફળ થવા ન દેતાં મુંબાઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાંથી મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને જ્યારે ૧૯૧૫માં સેન્ટ ઝેવીઅર્સ કૉલેજમાંથી બી.એ. થયા ત્યારે જુનવાણી વેપારી કુટુંબમાં આવો તેજસ્વી અભ્યાસી વિદ્યાર્થી હોય તેનું અમને આશ્ચર્ય થએલું ને અમે સૌ તેમના પર મુગ્ધ રહેતા.

હીરાભાઈ દુકાને જતાઆવતા થયા અને હજી વેપાર સમજ્યા ન સમજ્યા ત્યાં અતિ વહેલાં તેમના પિતાશ્રીનું અવસાન થયું. વર્ષબે વર્ષ વેપારનું સુકાન ભાગીદારોને હાથ રહ્યું, તે દરમ્યાન એ જોઈ શકયા કે પોતાના વિચારો ભાગીદારો સાથે અનુકૂળ થઈ નહિ શકે; એટલે તરત જ એ કાચી ઉંમરે પણ તેમણે હિસાબો કરી છૂટા થવા હિંમત બતાવી. તેમાં હિતોની વાટાઘાટ માટે કોર્ટમાં જવાનો વખત આવ્યો, છતાં હીરાભાઇએ એકલેપંડે હોશિયાર ગુમાસ્તાઓની મદદથી ચોપડા તપાસી તેમને મહાત કરી સમાધાનીથી ફેંસલો ઉતાર્યો અને સ્વતંત્ર થયા. એ વખતે તેમણે છીપી ચાલનું ઘર છોડી પ્રિન્સેસ સ્ટ્રીટમાં જાહેર રસ્તા પર ઉજાસ-મોકળાશવાળું ઘર ભાડે લીધું અને પોતાનું વ્યક્તિત્વ તથા પ્રભાવ વિસ્તાર્યાં.

*આમ તેમનો વ્યાપારધંધો સારી રીતે ચાલતો હતો. એમ છતાં ૧૯૩૦માં જ્યારે સવિનય સત્યાગ્રહની લડતનાં મંડાણ થયાં ત્યારે તેમના દિલમાં ઊગ્યું કે જ્યારે પરદેશી હકૂમતને આ દેશમાંથી નાબૂદ કરવા માટે આવું પ્રચંડ આંદોલન ઊભું થયું છે ને તે ખાતર આટલાં બધાં બલિદાન અપાઈ રહ્યાં છે ત્યારે પોતાથી હવે પરદેશી કાપડનો વ્યાપાર થઈ શકે જ નહિ; અને એ વિચાર આવવા સાથે જ પોતાનો જામેલો વ્યાપાર તેમણે સંકેલી લીધો!

થોડા જ વખતમાં તેમણે મનથી નિરધાર કરી લીધો કે આજે માર્કેટોના વેપારીઓ પરદેશી કારખાનાંના દલાલો માત્ર છે. અને હિંદમાં છાપેલો માલ બનતો થાય તો જ એ સ્થિતિ પલટાય. એમનું ચકોર મગજ કામે લાગ્યું ને બધી જાતના માલની જાત, ભાવ વગેરેમાં ઘણું જ્ઞાન મેળવ્યું. પછી પુત્રોની કેળવણીની યોજનાઓ ઘડી અને પ્રથમથી તે માટેની રકમો અલગ કરી નાખીને પોતે નવી દિશાઓમાં મગજ દોડાવવા માંડયું. યુરોપથી આવતો છાપેલો માલ અહીં જ તૈયાર થાય

હેમન્ત ને શિશિર એ બંને શીતકાળની ઋતુઓ છે. બંનેની વિધિ આચાર્યોએ એકસરખી જ સૂચવી છે. ઠંડીની આ બે ઋતુઓમાં શીતળ વાયુના સ્પર્શરૂપ સંબંધથી શરીરના જઠરાગ્નિની ઉષ્ણતા બહાર નીકળતી બંધ થાય છે. પાછી ફરેલી આ ઉષ્મા જઠરાગ્નિને બળ આપે છે. પ્રબળ થએલો જઠરાગ્નિ માત્રાદ્રવ્ય અને ગુરુદ્રવ્યને પચાવવાની ક્ષમતા ધરાવે છે. અર્થાત્ કાયમ લેતા હોય એના કરતાં વધુ માત્રા (પ્રમાણ)માં ખોરાક લઇએ તો એ પણ પચી જાય છે; ઉપરાંત પચવામાં ભારે હોય એ દ્રવ્યો પણ આ કાળમાં જઠરાગ્નિ પચાવી શકે છે. હેમન્ત અને શિશિર એ બળની ઋતુ છે. (સાલમપાક અને બદામપાક ખાવાની ઋતુ છે.) આ ઋતુઓમાં જઠરાગ્નિને યોગ્ય તૃપ્તિ ન મળે તો? આચાર્ય ચરક કહે છે: 'એ બળવાન અગ્નિ, યોગ્ય (આહારરૂપ) કાષ્ઠને જો ન મેળવે, તો દેહજન્ય રસધાતુનો નાશ કરે છે; એથી શીતકાળમાં શીતગુણયુક્ત વાયુ પ્રકોપ પામે છે.'

રસધાતુ એ આદ્ય ધાતુ છે. જો એનો ક્ષય થાય તો રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા ને શુક્ર એ છ ધાતુઓનાં પોષણ ને વૃદ્ધિ પણ અટકે. ધાતુઓ શરીરને ધારણ કરવાનું કામ કરે છે. એમનો ક્ષય થતાં કામ બરાબર બજાવી શકે નહિ. માટે પ્રદીપ્ત થએલા જઠરાગ્નિને યોગ્ય આહારથી તૃપ્ત કરવો જોઇએ.

સમયસર જમો

સમયસર તો દરેક ઋતુમાં જમવું જોઇએ; પણ આ ઋતુમાં તો એનો ખાસ આગ્રહ રાખવો. જ્યારે બરાબર ભૂખ લાગી હોય ત્યારે ભોજન નહિ કરવાથી જઠરાગ્નિ મંદ થઇ જાય છે. સમય કરતાં જમવાનું મોડું થઇ જાય છે ત્યારે આપણે 'ભૂખ મરી ગઈ છે' એમ કહીએ છીએ. વાગ્ભટ્ટનો ટીકાકાર અરુણદત્ત કહે છે: 'જે ક્ષુધાતુર માણસ આહારકાળે જમતો નથી તેનો જઠરાગ્નિ ઇંધણ વિનાના અગ્નિ માફક બુઝાઈ જાય છે.'

આ ઋતુકાળમાં રાત્રિ લાંબી હોવાથી સવારમાં ભૂખ લાગે છે. આપણા વેપારીઓ સવારના પહોરમાં દુકાને ચડી જાય તે બપોરે એક કે બે વાગ્યે ઘેર જમવા જાય. આવી પરિસ્થિતિમાં શિયાળામાં પણ 'ભૂખ બિલકુલ લાગતી નથી ને ખોરાક પચતો નથી' એવી ફરિયાદો કરનાર દર્દીઓ વધે એમાં શી નવાઈ?

આ ઋતુનો નાસ્તો

સવારે ભૂખ લાગે એટલે ચા સાથે ગરમ ફાફડા-ગાંઠિયા ખાઈ લેવા એવો નાસ્તાનો અર્થ રખે કોઈ કરતા. ફાફડા-ગાંઠિયાનો નાસ્તો કરવાની જે પ્રથા આજે પેસી ગઇ છે તે શરીરને ભયંકર હાનિ કરે છે. આ ઋતુમાં આચાર્યોએ મધુર, અમ્લ અને લવણ એ ત્રણ રસોનું સેવન કરવાનું કહ્યું છે. વાયડી વસ્તુઓનું સેવન આ ઋતુમાં કરવાથી વાતપ્રકોપ થાય છે; અને વાયુ શીત ગુણવાળો હોઈ શીતકાળમાં વાયુની વૃદ્ધિ થાય એવા પદાર્થોથી દૂર રહેવું જોઇએ. 'સ્વસ્થ' મનુષ્યે સ્નિગ્ધ અને ગુરુ દ્રવ્યો છૂટથી વાપરવાં. મધુર, અમ્લ અને લવણ એ ત્રણે રસો સ્નિગ્ધ છે. દૂધ, દહીં, માખણ, ઘી વગેરેનો ઉપયોગ છૂટથી કરવો. ચોખા ને અડદ જેવા મધુર અનાજનો રસ ને એમાંથી બનતી ચીજો વાપરવી. તલ પણ હિતકારી છે.

મધ્યમવર્ગના માણસો માટે સારામાં સારો નાસ્તો કોપરું અને ગોળ છે. રોજ સવારે નાનાંમોટાં સૌએ કોપરું અને ગોળ ચાવીચાવીને ખાવાં જોઇએ: શરીરમાં શક્તિ ને ઉષ્માનો સંચય થશે. સૌરાષ્ટ્રમાં કોપરું અને ગોળ ખાવાનો રિવાજ વર્ષોથી ચાલ્યો આવે છે. તલ અને ગોળનો નાસ્તો પણ એટલો જ

તે માટે કારખાનાની યોજના ઘડી, ને બીજા યુદ્ધ પહેલાં તેની મશીનરીના ઑર્ડર મૂક્યા. બજારમાંથી રંગ-સામાનનાં ગોડાઉનો ભરી લીધાં ને સામે પૂરે ચાલતા હોય તેમ યુદ્ધના આરંભકાળમાં વરલી પર જમીન લઈ નિષ્ણાતોની મદદ મેળવી કારખાનું શરૂ કર્યું. બીજી તરફ તેમના પુત્રો અમેરિકામાં ભવિષ્યના ઉદ્યોગપતિઓ થવાનું શિક્ષણ લઈ રહ્યા હતા. પરિણામે એમની એ વસંતવિજય મિલ્સમાં રંગેલું ને છાપેલું કાપડ હરીફાઇમાં સફળ થયું તેમાં એમની બજારની, વેપારીઓની અને તકોની સમજ મુખ્ય શક્તિ બન્યાં હતાં.

*ગાંધીજી અને તેમના સાથીઓ મહાદેવભાઈ, સ્વામી આનંદ, કાકાસાહેબ કાલેલકર વગેરે સાથે તેઓ ૧૯૧૮–૧૯ની સાલથી સમાગમમાં આવેલા ને તે પરિચય વર્ષો સુધી કાયમ રહેલો. ભાવનગરમાં શ્રી નાનાભાઈ ભટ્ટે શરૂ કરેલા શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પ્રવૃત્તિ સાથે તેઓ નિકટપણે સંકળાએલા હતા. શ્રી ગિજુભાઇએ શરૂ કરેલી બાલશિક્ષણને લગતી મૉન્ટેસોરી પદ્ધતિ તરફ તેઓ પ્રારંભથી જ ખૂબ આકર્ષાયા હતા અને તે પ્રયોગ સારીરીતે ફાલેફૂલે એ માટે તેમણે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની બાજુએ આવેલી ટેકરી ઉપર પૂરી સગવડવાળું એક મકાન બંધાવી આપેલું, જેનું ઉદ્ઘાટન સ્વ. કસ્તૂરબાના હાથે થયું હતું. ઈ. ૧૯૨૩માં ગાંધીજીને મંગળદાસ માર્કેટમાં ખાદી અને સ્વદેશીના પ્રચારાર્થે પોતાની પેઢી ઉપર તેમણે બોલાવેલા અને એ વખતે રૂા. ૨૫,૦૦૦ની રકમ તેમણે ગાંધીજીને અર્પણ કરેલી. તેમના પિતાનું (૧૯૧૪ કે ૧૯૧૫ની સાલમાં) અવસાન થયા બાદ મર્હૂમની ઇચ્છા મુજબ ભાવનગર ખાતે સ્ટેશન પાસે જૈન યાત્રાળુઓ માટે તેમણે એક મોટી ધર્મશાળા બંધાવેલી ને શત્રુંજય ખાતે એક દેરીમાં પ્રતિષ્ઠામહોત્સવ કરેલો. મુંબાઇની જાણીતી શિક્ષણસંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવહી સાથે તેમનો ગાઢ સંબંધ રહેલો અને તે સંસ્થાને રૂા. ૧૦,૦૦૦ની રકમ આપીને તેના પૅટ્રન પણ તેઓ બનેલા. તેમણે સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમને પણ રૂા. ૧૦,૦૦૦ની રકમ કેટલાંક વર્ષો પહેલાં આપેલી. હમણાં જ એક મિત્ર કાશી બાજુએ થઇને આવેલા ત્યાં ૨૦-૨૫ વર્ષ પહેલાં બંધાએલા સારનાથ બુદ્ધના એક ભવ્ય મંદિરના ફાળાની યાદીમાં શ્રી હીરાભાઈ તરફથી રૂા. ૫,૦૦૦ની રકમ મળ્યાની નોંધ હોવાનું તેઓ જણાવતા હતા. તેઓ પ્રસિદ્ધિથી હમેશાં દૂર રહેતા હોઇને કેટલી યે સખાવતો ને મદદો તેમના હાથે થતી રહી હતી જેની બહારની દુનિયાને કોઈ જાણ નથી. આમ, સેવા અને સંસ્કારનાં અનેક ક્ષેત્રોને તેમની ઉદારતા સારા પ્રમાણમાં સ્પર્શતી રહેલી ને અનેક વિદ્વાનોને તેમજ સંચાલકોને ટેકારૂપ બનેલી.

સદા સ્મિતવાળી મુખમુદ્રાવાળા, શરીરે પુષ્ટ અને વાણીમાં ધીરગંભીર હીરાભાઇ ખાવે-ખવડાવ્યે મોજ સમજનારા ને ધંધે નિશ્ચિત વ્યવહારથી આગળ ધપ્યે જનારા હતા તથા ભવિષ્યમાં ઘણું કરવાના મનસૂબા રાખતા હતા. માંદગીના છેલ્લા દિવસોમાં તે સ્વજનભૂખ્યા, કુટુંબઝંખતા પારચિંતન કરતા એક દુર્બળ રોગી બની ગયા એ વિધિની

ઋતુચર્યા

હેમન્ત અને શિશિર

લેખક · લાભશંકર ઠાકર

હિતકારી છે. ઉત્તરાયણને દિવસે તલસાંકળી ખાવાનો જે રિવાજ છે તે આના પ્રતીક રૂપ સૂચન છે, એટલે એ રિવાજ એ દિવસ પૂરતો મર્યાદિત ન રાખતાં આખો શિયાળો એનું સેવન કરવું જોઇએ.

'સ્વસ્થ' શ્રીમંતોએ તો આ ઋતુમાં વસાણાંઓનું સેવન કરવું. ગુંદર, ઘી, ઘઉંનો લોટ, ગોળ કે સાકર એ વસાણાનાં સામાન્ય દ્રવ્યો છે. બદામ, મુશળી, સાલમ વગેરેના ઘી-સાકરથી ભરપૂર પાકના આહારથી શરીરને સંપૂર્ણ સ્નિગ્ધ અને વાતહર ખોરાક મળી રહે છે. જે લોકો આ ન મેળવી શકે એમણે તલ, કોપરું અને ગોળનો ઉપયોગ કરવો. લાભની દૃષ્ટિએ આ ત્રણે વસ્તુઓ જરા યે ઊતરતી નથી.

વસાણાની કડાકૂટમાં જેમણે ન પડવું હોય એમણે રાત્રે ૫ થી ૧૦ બદામ પાણીમાં પલાળી રાખવી. સવારે તેનાં ફોતરાં કાઢી નાખી પથ્થર પર એને ઝીણી લસોટી નાખવી અને સાકરવાળા દૂધમાં એ મેળવી દૂધ ગરમ કરી પીવું. શક્તિ પ્રમાણે ઘરનાં સૌ કોઇને આપી શકાય. બદામ વાયુનો નાશ કરનાર, બલપદ અને જ્ઞાનતંતુઓને કર્મકુશલ બનાવનાર છે. કમરના દુખાવાની ફરિયાદ કરતી અને ચીડિયા સ્વભાવની બની ગએલી સ્ત્રીઓને આખો શિયાળો દૂધ સાથે બદામનું સેવન કરવામાં આવે તો ઘણો જ ફાયદો થાય.

ચેતવણી

ઉપરનું લખાણ વાંચીને હોંશમાં ને હોંશમાં ફાવે તેટલો નાસ્તો કરવા મંડવો તે ઉચિત નથી. જે 'સ્વસ્થ' હોય અને જેનો જઠરાગ્નિ પ્રબળ હોય એણે જ આ બધાંનો 'ઉચિત' ઉપયોગ કરવો. ભૂખ લાગી ન હોય છતાં, 'શિયાળો છે એટલે ચાલો સ્નિગ્ધ પદાર્થોનું સેવન કરીએ' એમ વિચારીને ખાવા માંડવાથી તો લાભને બદલે હાનિ જ થાય. એટલે ભૂખ ન લાગી હોય તો ભૂખ લાગે એને માટે પ્રયત્ન કરવો.

વ્યાયામ

આ ઋતુમાં જઠરાગ્નિ પ્રબળ હોય છે. માટે ખોરાક વધુ લઇને એને તૃપ્ત કરીએ એ વાત સાચી; પણ માત્ર એટલાથી જ શરીર સારું નહિ થઈ જાય. શરીરમાં માત્ર ચરબી વધવાથી સ્ફૂર્તિ કે કર્મસામર્થ્ય નહિ આવે. એને માટે તો વ્યાયામ ને અભ્યંગ (તેલમાલિશ)ની જરૂર છે. સવારમાં વહેલાં ઊઠીને વધુ નહિ તો સૂર્યનમસ્કાર કે થોડું દોડીએ તો યે ઘણું છે. વ્યાયામ કર્યા પછી આખા શરીરે તેલનું મર્દન કરવું જોઇએ. ત્યાર બાદ સ્નાનવિધિ પતાવી નાસ્તો કરી કામ પર ચડી જાઓ, અને જુઓ કે કેટલા ઉત્સાહ અને સામર્થ્યથી તમે કામ કરી શકો છો.

ગરમ પાણીનું સ્નાન

ખૂબ વ્યાયામ કરનાર ઠંડા પાણીનું સ્નાન કરી શકે, પણ સામાન્ય માણસો ઠંડું પાણી આ ઋતુમાં સહન ન કરી શકે. એમને માટે ગરમ પાણીનું સ્નાન જ હિતકર છે. 'શૌચકાર્યે સુખોદકમ્' અર્થાત્ દેહશુદ્ધિના કામમાં 'સાધારણ ગરમ' પાણીનો ઉપયોગ કરવો એવું વાગ્ભટનું સૂચન છે.

વળી શિયાળામાં ગરમ ભોજનનો આગ્રહ રાખવો જોઇએ. ઠંડું પડી ગએલું વાસી ભોજન વાયુકારક છે. પાણી પણ ત્રાંબાના વાસણમાં ભરી રાખેલું પીવું જોઇએ. માટલાનું પાણી અતિશય ઠંડું હોય છે. શરદીના દર્દીએ તો એથી ખાસ ચેતવું.

વિચિત્રતા લાગે છે. જીવનનાં ૬૬ વર્ષ એમને જણાતાં નહોતાં, પણ વ્યાધિની કાતરે ત્યાં જ કાપ મૂક્યો!

●છેલ્લાં બે વર્ષથી તેઓ ડાયાબીટીસ ને તેમાંથી ફૂટતી શારીરિક ઉપાધિઓથી પીડિત હતા. માંદગીના બિછાને પણ તેમનો અભ્યાસ અને સંશોધનકાર્ય ચાલુ જ હતાં. માંદગી દરમિયાન તેમણે પોતાની ખગોળ ને પુરાણને લગતી શોધોને એકસાથે રજૂ કરતો એક વિશાળ નકશો તૈયાર કર્યો હતો ને તે વિષયમાં રસ ધરાવતો જે કોઇ સ્નેહી કે મિત્ર આવે તેને તેની વિગતો સમજાવવામાં તેઓ શ્રમ કે સમયને ભૂલી જતા. સાથે સાથે પોતાનાં માતુશ્રી તથા પિતાશ્રીના સ્મરણને સંકલિત કરતા જૈન સમાજ માટેના જોડાજોડ બે આરોગ્યનિવાસો ભાવનગર ખાતે તેઓ તૈયાર કરાવી રહ્યા હતા, જેનો અંદાજ આશરે સવા લાખ રૂપિયાનો વિચારાયો છે. મૃત્યુ સમીપ જઈ રહેલા હોવા છતાં આ આરોગ્યનિવાસો તૈયાર થએલા જોવાની ઝંખના તેઓ સેવી રહ્યા હતા, પણ કાળને એ ઇષ્ટ નહોતું. લાંબી માંદગીના પરિણામે ક્ષીણ થઈ રહેલી કાયાએ ઑક્ટોબરની ૨૩મી તારીખે સવારે સાડાનવ વાગ્યે છેલ્લો શ્વાસ ખેંચ્યો ને એ રીતે અનેક ક્ષેત્રોને સ્પર્શતી અને પોતાની મૌલિક પ્રતિભા વડે ઉજ્જવલ કરતી, સમૃદ્ધ બનાવતી એક તેજસ્વી કારકિર્દીનો અંત આવ્યો.
—રવિશંકર રાવળ


●આ ત્રણ ફકરા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ 'પ્રબુદ્ધજીવન'માં આપેલા અંજલિલેખમાંથી સાભાર ઉદ્ધૃત કર્યા છે.

રાખમાંથી રાષ્ટ્ર રચનારો

ગયે અઠવાડિયે ભારતની યાત્રા કરવા દિલ્હીમાં એક એવી વ્યક્તિ ઊતરી કે જેની વિદ્વત્તાનો ખયાલ માત્ર પ્રશંસાના શબ્દોથી નહિ આવી શકે. પશ્ચિમ જર્મનીના માજી પ્રમુખ પ્રોફેસર ડૉ. થીઓડોર હોઇસ જર્મનીના 'રાષ્ટ્રપિતા' કહેવાય છે. તેઓ એક પ્રખર ઇતિહાસકાર છે, કુશળ ચિત્રકાર છે, સફળ પત્રકાર છે, સિદ્ધ રાજપુરુષ છે. બીજા વિશ્વવિગ્રહથી બદનામ થએલા જર્મનીને તેમણે સન્માન ને પ્રતિષ્ઠા અપાવ્યાં.

૭૬ વર્ષ પહેલાં ઈ. ૧૮૮૪ના જાન્યુઆરીની ૩૧મી તારીખે લુડવિગ હૉઇસ નામના ઈજનેરને ત્યાં જર્મનીના વૂર્ટેનબર્ગ રાજ્યના આકનહામ નગરમાં થીઓડોરનો જન્મ થયો ત્યારે ઇતિહાસમાં પહેલી જ વાર બિસ્માર્કે સર્જેલું જર્મન રાષ્ટ્ર તરવરિયા કૈસરની આગેવાની નીચે પ્રગતિના પંથે હરણફાળ ભરી રહ્યું હતું. વીસમી સદીના ઉદયકાળને અજવાળે થીઓડોરે સરસ્વતીની આરાધના કરી. એ તેમનો તપશ્ચર્યાકાળ હતો. એમના શૉખના વિષય હતા રાજકારણ, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન. બર્લિન અને મ્યૂનિક વિદ્યાપીઠોમાં અભ્યાસ કરીને તે રાજકારણ ઉપર મહાનિબંધ લખી ડૉક્ટર (વિદ્વાન) બન્યા.

છતાં જીવનની શરૂઆત તેમણે પત્રકાર તરીકે કરી. પહેલા વિશ્વયુદ્ધના અંતે તે અર્વાચીન ઇતિહાસના પ્રાધ્યાપક થયા. હિટલર સત્તામાં આવવા નાત્સી ઝુંબેશ લડી રહ્યો હતો ત્યારે તસુએ તસુ લોકશાહી માનસ ધરાવતા હૉઇસ પ્રજાને હિટલરના નાત્સીવાદના ભય સામે સતત



ચેતવણી આપી રહ્યા હતા. ૧૯૩૩માં હિટલરે સત્તા પર આવી તેમને બરતરફ કર્યા, એટલે તે પાછા લેખક ને પત્રકાર બની ગયા.

બીજા વિશ્વવિગ્રહમાં જર્મનીનો અભૂતપૂર્વ નાશ થયો. આથી તેણે ઘણો પ્રદેશ ગુમાવ્યો અને બાકીના જર્મનીના બે ટુકડા થયા. પૂર્વ જર્મની રશિયાની સત્તા નીચે ગયું. પશ્ચિમના ટુકડામાં ઇતિહાસ, રાજકારણ અને અર્થશાસ્ત્રના નિષ્ણાત ડૉ. થીઓડોર હૉઈસ બહાર આવ્યા. શૂન્યમાંથી નવી સૃષ્ટિ રચવાની હતી. તેઓ ૧૯૪૫માં વુર્ટેમ્બર્ગ–બાડન રાજ્યના સાંસ્કૃતિક પ્રધાન બન્યા. ૧૯૪૭માં વળી પાછા તેઓએ ૬૩ વર્ષની વયે અધ્યાપનમાં જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. પરંતુ લિબરલ ડેમૉક્રેટિક પક્ષે તેમને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢ્યા ને બીજે વર્ષે તો જર્મન પ્રજાએ પશ્ચિમ જર્મનાના ફેડરલ પ્રજાસત્તાકના તેમને પ્રમુખ બનાવ્યા. ૧૯૫૪માં બીજી વખત તેઓ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. બંધારણ પ્રમાણે એક જ વ્યક્તિ ત્રીજી વાર પ્રમુખ બની શકે નહિ, તેથી જર્મન પ્રજા બંધારણ સુધારવા અને ૧૯૫૯મા તેમને ત્રીજી વાર પ્રમુખ તરીકે ચૂંટી કાઢવા તૈયાર થઈ; પરંતુ નિર્ભેળ લોકશાહીમાં માનનારા ડૉ. હૉઇસે સાફ ના પાડી. પણ એ દરમ્યાન એમણે વિનાશની રાખમાંથી જર્મનીનું નવું રાષ્ટ્ર રચી કાઢ્યું હતું.

જર્મનોમાં જે કંઈ શ્રેષ્ઠ છે તેના પ્રતીક સમાન ડૉ. થીઓડોર હૉઇસ જર્મનીના સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે ભારત આવેલા છે. તેઓ ભારતનાં પ્રાચીન મંદિરોની મુલાકાત લેશે અને તેમનાં રેખાંકન કરશે. તેમણે લખેલાં ૫૦ જેટલાં પુસ્તકો વિવેચકોની મુક્ત પ્રશંસા પામ્યાં છે. તેઓ ડૉ. રાધાકૃષ્ણનને મળ્યા ત્યારથી જ તેમના મિત્ર બની ગયા છે, કારણકે બંને ફિલસૂફ છે. (પ્રવાસી)

બલપ્રદ બદામ

શિયાળો એ બળની ઋતુ હોઇ આ ઋતુમાં બદામનો વૈદ્યકીય પરિચય ઉપયોગી થશે. બદામનો પાક કાશ્મીરમાં સારો થાય છે.

બદામ ગરમ, સ્નિગ્ધ, ભારે, વાતપિત્ત હરનાર ને કફ કરનાર છે. રક્તપિત્તના દર્દીઓ માટે તે સારી નથી. બદામમાં ૫૫ ટકા તેલ છે. તે શક્તિપ્રદ છે. આપણે ત્યાં બદામનો પાક તથા બદામની પૂરીઓ બનાવવામાં આવે છે; પણ બદામનો ઉપયોગ કરવાની સાદી અને સરળ રીત આ સાથે ઋતુચર્યામાં આપી છે. શિયાળાના ત્રણચાર મહિના એ પ્રમાણે દૂધ પીવામાં આવે તો શરીરમાં શક્તિ અને ગરમાવો મળી રહે છે. કેટલાંક બાળકો દૂધ નથી પીતાં, તેમને પાણીમાં બદામ લસોટી એમાં થોડી સાકર નાખી પાતળી રબડી બનાવી પીવા આપવું. જો ભાવશે તો દૂધની અવેજીમાં બદામ દ્વારા સારું પોષણ મળી રહેશે. ઉપરાઉપરી સુવાવડો અને ઘરના કામકાજના બોજાથી જે સ્ત્રીઓનું શરીર ઘસાતું જતું હોય, કમરના દુખાવાની અને અશક્તિની ફરિયાદ રહેતી હોય એવી સ્ત્રીઓને પણ રાત્રે પલાળી રાખેલી બદામને લસોટીને દૂધ સાથે મેળવી પીવા આપવી. ઘડીઘડીમાં ઉશ્કેરાઇ જતા જ્ઞાનતંતુઓ થાકી જતા હોય, કામના બોજાથી ચિત્ત સતત વ્યગ્રતા અનુભવતું હોય એવા આજના બુદ્ધિજીવી માનવી માટે બદામનું સેવન હિતકર છે. વળી બદામના ઉપયોગથી આંખનું તેજ વધે છે. બદામનું તેલ સંધિવાઉપર ચોળવાથી ફાયદો થાય છે. અન્ય વસાણાં ભેળવી બદામના વિવિધ પાક બનાવવામાં આવે છે. પણ એવી કડાકૂટમાં ઊતર્યા વગર ઉપરનો ઉપયોગ કરવામાં પણ ઘણો લાભ મળશે. બદામનો ઉપયોગ કરતાં પહેલાં ચાખી જોવી. કડવી બદામ ખૂબ ઝેરી હોય છે અને હાઇડ્રોસિયાનિક ઍસિડના જેવી ખરાબ અસર કરે છે.

(ગુજરાત સમાચાર) —લાભશંકર ઠાકર

એકો - વન

ગયે મહિને પહેલી જ વાર મનુષ્યે અવકાશમાં તરતો મૂકેલો ગ્રહ 'એકો-વન' અમે નજરે જોયો. તા. ૩જી ઑક્ટોબર ૧૯૫૭ને રોજ જ્યારે રશિયાએ પ્રથમ ગ્રહ સ્પુટનિક અવકાશમાં તરતો મૂક્યો ત્યારે અમને થતું હતું કે જાતે એ જોવાનો શુભ અવસર ક્યારે આવશે? એ ક્ષેત્રમાં પહેલ રશિયાએ કરી છે ખરી, પણ નરી આંખે આટલો બધો સ્પષ્ટ દેખાય એવો ગ્રહ ફરતો મૂકવાનું માન અમેરિકાને ઘટે છે.

એને તરતો મૂકવાની આવશ્યકતા એવી રીતે થઇ, કે રેડિયો અને ટેલિવિઝનનાં મોજાં જે અવકાશમાં સીધાં જાય છે તેને, પૃથ્વી ગોળ હોઈ પૃથ્વી પરથી પકડવાં મુશ્કેલ પડે છે. જેમ કે ટેલિવિઝનના પ્રસારણ માટે થોડેથોડે અંતરે રિલે સ્ટેશન મૂકે તો જ લાંબા અંતર સુધી ટેલિવિઝનનો લાભ મેળવી શકાય. આથી વિચાર આવ્યો કે જો અવકાશમાંથી કોઇ ચીજની સપાટી પર મોજાંને અથડાવી તેનો પડઘો મેળવી શકાય તો ઘણા લાંબા અંતર લગી સંદેશા મોકલી શકાય. પરિણામે આ સો ફૂટનો ગોળો અવકાશમાં મોકલાયો તથા તેની સપાટી પરથી પડઘા ઝીલ્યા પણ ખરા. એથી જ એનું નામ 'એકો' રાખ્યું છે.

આ 'એકો વન' એ હલકો ફૂલ જેવો પોલો ફૂલકો જ માત્ર છે. ચાલુ ધન ગ્રહ સાથે આ પ્લાસ્ટિકના ફૂલકાનું બીડું વાળી તેને ઉપર મોકલાયો. પછી તેને આપોઆપ છૂટો પડાવીને તેમાં ભરેલા પાઉડર મારફત ગૅસ ભરાયો ને તે મોટો ગોળો બની ગયો. તેમાં સંદેશા પ્રસારિત કરતાં થોડાં સાધનો પણ છે. તેનું મુખ્ય કામ તો મોકલેલા સંદેશાનાં મોજાંના પડઘા પાડી પૃથ્વી પર તે સંદેશા પાછા મોકલવાનું છે.

(ગુજરાત સમાચાર) –'ફિલસૂફ'

•

જોકે સૂર્યનાં કિરણો રોજના સાડા ત્રણ માઈલની ગતિએ તેને પૃથ્વી તરફ પાછો ધકેલી રહ્યાં છે, છતાં ૧૦૦ ફીટનો એ ગોળો, જો તેનું ગોળાકાર સ્વરૂપ જાળવી રાખે તો, આ ગતિએ પણ લગભગ એક વર્ષ સુધી કક્ષામાં રહેશે ને ત્યાર પછી પૃથ્વીના વાતાવરણમાં ખેંચાઈ જઇ તેનો નાશ થશે. માનવીએ અવકાશમાં કક્ષામાં આજ સુધીમાં છોડેલો આ સૌથી મોટામાં મોટો પદાર્થ છે ને આ પહેલાં છોડવામાં આવેલા અન્ય કૃત્રિમ ઉપગ્રહો કરતાં તેનું કદ લગભગ એક હજારગણું મોટું છે. તેના આ અસાધારણ કદને કારણે સૂર્યનાં કિરણોના હળવા દબાણની તથા વાતાવરણની તેના પર બહુ અસર પડે છે. આ દબાણને પરિણામે તેના માર્ગનું સ્વરૂપ ફરી ગયું છે. શરૂઆતમાં તે લગભગ ગોળાકાર કક્ષાએ ફરતો હતો તે આજે લંબગોળ કક્ષાએ ફરે છે અને આગામી થોડા મહિનામાં સૂર્યનાં કિરણોનુ દબાણ ફરી એને ગોળાકાર કક્ષામાં ફરતો કરી મૂકશે. જોકે ત્યારે એની કક્ષા નાની હશે. પછી તે પૃથ્વી પર નીચો ઊતરી આવશે ત્યાં સુધી ગોળાકાર કક્ષામાં જ ફરતો રહેશે.

એકો-વનની યાત્રા શરૂ થઈ ત્યારે અવકાશમાં તેર અમેરિકન ને એક રશિયન મળી કુલ ચૌદ કૃત્રિમ ગ્રહો પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહ્યા




પૃથ્વીથી દૂર હજારેક માઇલ ઊંચે એકો-વન રૉકેટમાથી છૂટું પડી અવકાશમાં મુકાતું હશે તે વેળાનું એક કલ્પનાલેખન. અહીં તેને સમાવનાર ૨૮ ઇંચ વ્યાસના ગોળાનાં બે અડધિયાં છૂટા પડી જઈ અવકાશમાં ફેંકાઇ જઈ અને અંદરનો માત્ર ૧૩૬ રતલનો 'એકો-વન'નો સંકોડાએલો ગંજાવર ફુક્કો બહાર છૂટો પડે છે. ડાબી બાજુ દૂર એ ગોળાને અવકાશમાં લઈ જનાર રૉકેટના છેલ્લા તબક્કાનો ભાગ છે. પૃથ્વી પરથી એ ગોળો ધ્રુવના તારા કરતાં લગભગ સાતગણો પ્રકાશિત લાગે છે.

હતા. તેમાંથી અમેરિકન ગ્રહ 'વૅન્ગાર્ડ-વન' જ્યારથી અવકાશમાં મુકાયો ત્યારથી હજી સુધી તેના પરના સંદેશા નિયમિત મળતા રહ્યા છે. વિજ્ઞાનીઓ તેની આવરદા ૨૦૦ વર્ષની લેખે છે! પૃથ્વીનો આકાર જામફળ જેવો છે એ તેણે કરેલાં સંશોધનોમાંની અગત્યની શોધ છે.

'વૅન્ગાર્ડ ટુ'એ વાદળોના થરની મોજણી કરી છે. 'વૅન્ગાર્ડ-થ્રી'એ પૃથ્વીના ચુંબકત્વનું ક્ષેત્ર તથા સૂર્યનાં ક્ષ-કિરણોનું પ્રમાણ કાઢ્યું છે. 'મિડાસ-ટુ' ઉપરથી મળતા સંકેતો જોકે બે દિવસમાં જ આવતા અટકી ગએલા, પણ તે દરમિયાન તેના 'ઈન્ફ્રા રેડ સેન્સરે' પૃથ્વી પરના અન્ય કોઈ પણ સ્થળેથી છૂટતાં રૉકેટોની જાણ કરી દેવાની પોતાની શક્તિનું પ્રમાણ બતાવી આપેલું. 'ટિરોઝ-વન'ની કામગીરી હવામાનને લગતાં સંશોધનો માટેની હોઈ તેણે પૃથ્વી ફરતાં વાદળોના થરના ૨૨,૦૦૮ ફોટોગ્રાફો પૃથ્વી પર મોકલ્યા છે. એ પછી એની કામગીરી અટકી હતી.

'એક્ષ્પ્લોરરર-વન,-ફોર અને-સેવને' વાન ઍલન રૅડીએશનના થરની શોધ કરી; પૃથ્વીના ચુંબકત્વનું ક્ષેત્ર માપ્યું; ને અવકાશ-યાત્રા દરમ્યાન પોતાની આસપાસના વિસ્તારનો અભ્યાસ તથા હવામાનને લગતાં અન્ય સંશોધનો કર્યા છે. 'ટ્રાન્ઝિસ્ટ-વન, બી' અને 'ટ્રાન્ઝિસ્ટ ટુ-એ', એ બંને નૌકાયાન વિષેનાં સંશોધનો માટે મોકલાએલા ગ્રહો છે. દરિયામાં કોઈ પણ સ્થળે જહાજ બરાબર કઈ જગ્યાએ છે એની સચોટ માહિતી મેળવવાની શક્યતા તેમનાથી સાબિત થઇ છે. આમાં યે સૂર્યનું રૅડીએશન માપવા માટે 'ટ્રાન્ઝિસ્ટ ટુ-એ'ના મથાળેથી વળી 'પિગી બૅક' નામે એક અન્ય ટચૂકડો ગ્રહ પણ છોડવામાં આવેલો.

આ પછી 'એકો-વન' ને 'ડિસ્કવરર થર્ટીન' અવકાશમાં મુકાયા. આ ઉપરાંત, સૂર્યને ફરતી પ્રદક્ષિણા લેતા બીજા બે અમેરિકન ને એક રશિયન એમ કુલ ત્રણ અન્ય ગ્રહો પણ અવકાશમાં ઘૂમે છે. આમાથી અમેરિકન ગ્રહ 'પાયોનિયર-ફાઇવ' તો અવકાશમાં ૨,૪૦,૦૦,૦૦૦ માઇલ દૂરથી પણ અમૂલ્ય માહિતીઓ પૃથ્વી પર મોકલીને આ ક્ષેત્રમાં વિક્રમ સ્થાપ્યો છે. હાલ એ શુક્રની દિશામાં ધપી રહ્યો છે.



એકો-વન પાસે માણસનું કદ

549 માં છાપો

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(149) Sanatkumar K. Dave—15, C/o Head Master, Vankaner High School, Sheth Nivas, Vankaner (Saur.), Stamps, Photography. (150) Mahendra Kantilal Shah—17, Habib Terrace, 2nd Floor, Room No. 13 A, Lal Baug, Bombay-12, Touring, Photography, Stamps; (151) Babulal P. Jhaveri—22, Gopal Nivas, 4th Floor, Room No. 14, Princess Street, Bombay-2, Stamps, Touring, Politics: (152) Parimalkumar G. Vaidya—17, 1227 K Krishnanagar, Bhavnagar (Saur.), Sports, View Cards, Cycling; (153) Jayshree H. Pandya—20, C/o H. C. Pandya, Panchnath Mandir Block 4, Rajkot Sadar (Saur.), Music, Reading, Swimming; (154) Ashwinkumar Gopalji Bhinde—17, TBX No. 11, Adipur (Kutch), Stamps, Coins, In-door Games; (155) Kanu S. Mehta —20, C/o The Champion Dairy, New Petit Mansion, Sleater Road, Bombay-7, Stamps, Photography, Travelling; (156) Rasik J. Tanna—20, C/o Post Office, Dhoraji (Saur.), Stamps, Penfriendship; (157) Amarshibhai Ramjibhai Virani—20, Thakkar Bapa Kumar Chhatralaya, Race Cource, Rajkot (Saur.), Stamps, Novels, Photography. (ચાલુ)

બારીન્દ્રકુમાર ઘોષ...[અનુસંધાન પાછળના પૃષ્ઠ ૪૪૩થી]

અંગ્રેજોનાં ખૂનના વ્યૂહ

આમ સારી જેવી તૈયારી પછી બારીન્દ્રે ભારતમાંથી બ્રિટિશ હકૂમતને ફેંકી દેવા માટે વ્યૂહ રચાવા માંડ્યા. તેમાં પ્રથમ નવા રચાએલા પૂર્વ બંગાળ અને આસામના નામચીન લેફ્ટેનન્ટ ગવર્નર સર બૅમ્ફીલ્ડ ફુલરના પ્રાણ હણવાનો ઘાટ ઘડાયો. પણ એમાં નિષ્ફળતા મળી, એટલે ૧૯૦૭ના નવેમ્બરમાં પશ્ચિમ બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નર ઍન્ડ્રયુ ફ્રેઝરને મારવાનું ઠર્યું. એમાં ઉલ્હાસકર દત્ત, નરેન્દ્ર ગોસ્વામી અને બારીન્દ્રે મુખ્ય ભાગ ભજવ્યો. છતાં એમાં યે સફળતા ન મળી.

ફરી એક વાર એ જ ગવર્નરની ટ્રેન ઉડાવી દેવાની યોજના ઘડાઈ. બારીન્દ્ર, વિભૂતિ સરકાર, ઉલ્હાસકર, પ્રફુલ્લ ચાકી વગેરે તરફથી માનકુન્ડુ અને ચન્દ્રનગર વચ્ચે બૉંબ મૂકવામાં આવ્યો; પણ ટ્રેન એ રસ્તેથી ન જતાં બીજો જ માર્ગ લીધો! ફરી ૧૯૦૭ના ડિસેમ્બરમાં નારાયણગઢ પાસેના રેલવે-પાટા વચ્ચે ખાડામાં બૉંબ ગોઠવાયો. ટ્રેન આવી અને થોડે દૂરથી એમણે એનો ધડાકો સાંભળ્યો. બૉંબ ફૂટ્યો ખરો, ટ્રેનને એણે થોડી ઉડાવી યે ખરી, પણ છતાં ગવર્નર બચી ગયા!

હવેનું લક્ષ્ય કલકત્તાનો પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટ કિંગ્સફોર્ડ બન્યો; કેમકે તે રાજદ્વારી કેદીઓને નિર્દયતમ સજા કરતો. એણે જ—એ જ મૅજિસ્ટ્રેટે બ્રહ્મબાંધવ ઉપાધ્યાયને સજા કરી હતી ને એ સજા ભોગવતાં પહેલાં જ ઑસ્પિટલમાં એ શહીદ થયા હતા. પણ કિંગ્સફોર્ડનો મોટો અપરાધ બીજો હતો. 'વંદેમાતરમ્'માં રાજદ્રોહી લેખ લખવા માટે શ્રી અરવિંદની ધરપકડ થએલી ત્યારે તેના વિરોધમાં કલકત્તામાં સરઘસ નીકળેલું. એમાં નિર્દોષ માણસો પર લાઠી વીંઝનારા એક ગોરા સાર્જન્ટનો સામનો પંદર વર્ષના એક છોકરાએ કરેલો. એ ગુના માટે એ કુમળા છોકરાને એણે પોતાની સામે જંગલી ફટકામારની સજા કરેલી ને તે અધમૂઓ થઈ ગયો ત્યાં સુધી તેના પર એણે ચાબખા મરાવેલા.

એ ઘાતકી કિંગ્સફોર્ડની બદલી હવે બિહારમાં મુઝફ્ફરપુર ખાતે થઈ હતી. એટલે ત્યાં એને ખતમ કરવાનો હવે વ્યૂહ રચાયો. એ માટે પ્રફુલ્લ ચાકી અને ખુદીરામ બોઝ પસંદ થયા. તે બને ૧૯૦૮ની ૩૦મી એપ્રિલે રાત્રે, તેના ઘર પાસે છુપાઇને ઊભા. થોડી વારે બંગલામાંથી કિંગ્સફોર્ડની ગાડી જેવી જ ગાડી બહાર આવી. એમાં કિંગ્સફોર્ડ તથા એનાં કુટુંબીજનો હશે એમ માની તેના પર બૉંબ ફેંકાયો. ભયંકર ધડાકા સાથે બૉંબ ફૂટ્યો, પણ હેતુ પાર ન પડ્યો. એમાં તો કિંગ્સફોર્ડને બદલે કોઈ બિચારાં શ્રીમતી કેનેડી રિંગ્લે અને તેનાં પુત્રી હતાં. એ બંને નિર્દોષ મા–દીકરી કિંગ્સફોર્ડને મળવા ગઈ હતી.

આમ ધારેલો શિકાર તો છટકી ગયો પણ એથી દેશનું વાતાવરણ ગરમ થઈ ગયું. પાણીદાર જુવાનોના રોમાંચ ખડાં થઈ ગયાં. સાથેસાથે એણે સરકારની આંખ પણ ઉઘાડી દીધી. પોલિસ હવે ચકોર બનીને કામે લાગી ગઈ: ઝનૂની બનીને તે ગુનેગારોની શોધમાં પડી.

આ સમાચાર મળતા જ શ્રી અરવિંદે બારીન્દ્રને માણેકતોલા બાગના કાર્યકરો અને શસ્ત્રસામગ્રી અન્યત્ર ખસેડી મૂકવાની સલાહ આપી. પણ બારીન્દ્રે એ સંપૂર્ણ અંશે અમલમા મૂકી નહિ. એણે કેટલાકને સલામત સ્થળે મોકલી દીધા પણ પોતે ત્યાં જ રહ્યો. બૉંબ-સામગ્રી તથા હથિયાર પણ ત્યાં જ હતાં. તા. ૨જી મેએ તપાસ શરૂ થઈ. ઘરઘરમાં જપ્તીઓ થઈ; સંખ્યાબંધ ધરપકડો થઈ; માણેકતોલા બાગનો ખૂણેખૂણો ખૂંદી વળાયો. મુરારિપુકુરવાળુ બારીન્દ્રનું પૈતૃક ઘર પણ હાથ લાગી ગયું. તેના ભોંયરામાંથી બૉંબ અને શસ્ત્રો મળી આવ્યાં અને બારીન્દ્ર તથા તેના થોડા સાથીઓ ઝડપાયા.

શ્રી અરવિંદને ઘેર પણ ધાડ પડી. ઉત્તર કલકત્તાની 'ગ્રે સ્ટ્રીટ'માં આવેલા એ ઘરનાં બંગાળી દૈનિક 'નવશક્તિ'ની કચેરી પણ હતી. (શ્રી અરવિંદ 'વંદેમાતરમ્' ઉપરાંત આ 'નવશક્તિ' પણ ચલાવવાના હતા.) સવારના પહોરમાં શ્રી અરવિંદને નિદ્રામાંથી જ ઝડપ્યા. એમની કમ્મરે દોરડાં બધાયાં (પણ પછી સવાલ નેતા શ્રી ભૂપેન્દ્રનાથ બસુના કહેવાથી એ દોરડાં કાઢી નંખાયાં હતાં) ને એમને લાલબજાર પોલીસ થાણે અને પછી અલીપુર જેલમાં મોકલવામાં આવ્યા.

ઐતિહાસિક મુકદ્દમો

અને હવે એ ઐતિહાસિક મુકદ્દમાની તપાસ શરૂ થઇ. અલીપોરના સેશન્સ જજ મિ. સી. પી. બીચક્રૉફ્ટ સમક્ષ મુકદ્દમા ચાલ્યા. આ ખટલા 'અલીપોર બૉંબ કેસ', 'માણેકતોલા બૉંબ કેસ' અને 'મુરારિપુકુર કાવતરા કેસ' તરીકે જાણીતા થયા. એમાં ૩૬ આરોપી, ૨૦૬ સાક્ષી, ૪૦૦૦ દસ્તાવેજો ને ૫૦૦૦ પુરાવા આવ્યા. પુરાવાઓમાં બૉંબ હતા, રિવૉલ્વરો હતી, શસ્ત્રસરંજામ હતો, ઝેરી ઍસિડ હતો, ભાંગફોડની સામગ્રી હતી—ઘણું બધું હતું. એક આખુ વર્ષ કેસ ચાલ્યો ને આખુ વર્ષ સૌ કાચી કેદમાં રહ્યા. શ્રી અરવિંદ તથા કેટલાકને તો મહિનો ને મહિનો એકાંત ઓરડીમાં પૂરી રાખતા.

થોડા વખત પછી બધાને એક મોટા ખંડમાં સાથે રખાયા. ત્યાં જ શ્રી અરવિંદે તો કેટલાકને સૌ પ્રથમ ઓળખ્યા. પણ એવામાં એક બીજી ઘટના બની. સત્યેન્દ્ર બસુ અને કનૈયાલાલ દત્ત નામના બે ક્રાંતિકારીએ તાજના સાક્ષી બનેલા નરેન્દ્ર ગોસ્વામીને જેલમાં જ ખતમ કર્યો! (એ સત્યેન્દ્ર બસુ અને કનૈયાલાલ દત્તની જવાંમર્દીની તુલના એક બ્રિટિશ અખબારે, ગ્રીસની ખ્યાતિવાળા હાર્મોડિયસ ને એરિસ્ટોગેઇટાન સાથે કરી હતી.) આ ઘટના પછી આરોપીઓને ફરી છૂટાછૂટા એકાંતવાસમાં રાખવામાં આવ્યા.

કેસમાં બારીન્દ્ર, ઉલ્હાસકર દત્ત, હષીકેશ કંઝીલાલ ને ઉપેન્દ્ર બંદોપાધ્યાયે ગુનાનો એકરાર કર્યો. એમણે ક્રાંતિવાદી મંડળી સાથેના સંબંધો, બૉંબનાં ઉત્પાદન, તેનાં કારખાનાં વગેરેને લગતો સંપૂર્ણ વૃત્તાંત અદાલતમાં છતો કર્યો. એની પાછળ બીજા નિર્દોષ નાગરિકોને પરેશાન થતા બચાવી લેવાનો ઉચ્ચાશય હતો.

છતાં તપાસ દરમ્યાન સરકારને પ્રતીતિ તો થઈ ગઈ કે ક્રાંતિની આ પ્રવૃત્તિના મૂળમાં અરવિંદ ઘોષ જ છે. સમગ્ર રાષ્ટ્રમાં નવી રાષ્ટ્રીય અસ્મિતા ત્વરિત ગતિએ દઢ થતી જાય છે તે એમને જ કારણે. એમણે જ દેશના દૂધમલ જુવાનોને ફકીરી પ્રતિ પ્રેર્યા હતા. પરંતુ આટલી બધી હકીકતો તાદશ થતી હોવા છતાં સરકાર શ્રી અરવિંદ સામે પર્યાપ્ત પુરાવા લાવી ન શકી એ દેશનું—બલ્કે જગતનું સદ્ભાગ્ય.

દેશબંધુ ચિત્તરંજન દાસ

આ મુકદ્દમાની એક વિશિષ્ટતા એ હતી કે શ્રી અરવિંદના મિત્ર અને સાથી, એક કવિ અને શ્રેષ્ઠ દેશભક્ત, કલકત્તાના પ્રથમ કક્ષાના પ્રતિભાસંપન્ન ધારાશાસ્ત્રી સ્વ. ચિત્તરંજન દાસે આ મુકદ્દમો ચલાવ્યો હતો. આ સંબધી શ્રી અરવિંદે જ લખ્યું છે: ' જે માણસે પોતાના બધા વિચાર જાતથી પર રાખ્યા છે અને ધીકતી વકીલાત છોડી છે, જે માણસે મને બચાવવાને માટે મહિનાઓ સુધી સતત ઉજાગરા કર્યા છે અને પોતાની કાયા ભાંગી નાખી છે તેનું—શ્રી ચિત્તરંજન દાસનું નામ તો તમે સાંભળ્યું છે. પહેલા તો મને વિચાર આવ્યો કે કેસ વિષે એમને સૂચનાઓ આપું. પણ પછી મારા ભીતરનો અવાજ આવ્યો: 'આ જ એક માણસ છે જે તારા પગમાં નંખાએલી જંજીરમાંથી તને બચાવશે. પેલા બધા કાગળો બાજુ પર મૂકી દે. એને સૂચના આપનાર તું નથી; હું એને સૂચના આપીશ.'

એ વિદ્વાન દાસબાબુએ, શ્રી અરવિંદનો મુકદ્દમો ચલાવનાર

ન્યાયાધીશ શ્રી બીચક્રૉફ્ટને અને જ્યૂરીને અપીલ કરતાં, પોતાની વક્તૃત્વશક્તિને ચરમ સીમાએ લઇ જઇને જે કહ્યુ તે તો કદાચ ઇતિહાસને પાને લખાએલું અનન્ય વક્તવ્ય હશે. એમણે કહ્યું :

'મારી આપને જે અપીલ છે તે આ છે કે આ ચર્ચા ઠંડી પડી ગઈ હશે તે પછી, એમની (જેલની) યાતના વીતી ગઈ હશે તે પછી, આ આંદોલન બંધ પડી ગયું હશે તે પછી ઘણે લાંબે ગાળે–એઓ અવસાન પામ્યા હશે અને આ જગતમાંથી ચાલી ગયા હશે તે પછી ઘણે લાંબે સમયે, દેશભક્તિ ગાનાર એક કવિ રૂપે, રાષ્ટ્રવાદના પયગંબર રૂપે અને માનવતાના પ્રેમી રૂપે એમની પ્રશસ્તિ થશે. એમના ગુજરી ગયા અને ચાલ્યા ગયાને વર્ષો વીતશે તે પછી એમના શબ્દોના પડઘા અને પ્રતિપડઘા પડયા કરશે; અને તે માત્ર ભારતમાં જ નહિ, પરંતુ દૂરદૂરનાં સાગર ને ધરતીની પેલે પાર! તેથી હું કહું છું, કે એવા દરજ્જાનો માણસ માત્ર આ જ અદાલતના ન્યાયાધીશ સમક્ષ નથી ઊભો, પરંતુ ઇતિહાસની અદાલતના ન્યાયાધીશો સમક્ષ ઊભેલો છે.'

રાજકારણમાંથી અધ્યાત્મવાદ

શ્રી અરવિંદને લગભગ આરંભથી જ પોતાના અંતરાત્મા તરફથી ખાતરી મળી હતી કે પોતે છૂટી જશે. તેથી તેમણે અદાલતમાં કાંઈ પણ નિવેદન કર્યું નહિ. અદાલતના પ્રશ્નોના ઉત્તર સુદ્ધાં આપ્યા નહિ. આખો યે કેસ ચાલ્યો તે દરમ્યાન તેઓ કેસ પ્રતિ નહિવત્ ધ્યાન આપતા, ભાગ્યે જ જુબાની સાંભળતા અને મુખ્યત્વે ધ્યાનસ્થ રહેતા.

અરવિંદ ઘોષનાં બહેન શ્રીમતી સરોજિની ઘોષની અપીલને કારણે આ કેસના બચાવ માટે ફાળો થયો હતો. તેમાં ઇંગ્લંડના શ્રી અરવિંદના મિત્રોથી માંડી સાર્વજનિક સંસ્થાઓએ, અંધ ભિક્ષુકોએ અને ગરીબ વિદ્યાર્થીઓએ પણ એક ટંકનું ભોજન જતું કરીને પૈસા આપ્યા હતા.

શ્રી અરવિંદે જેલમાં ગીતાનો અભ્યાસ કર્યો. મુકદ્દમો ખાસ્સો એક વર્ષ ચાલ્યો. એ દરમ્યાન જેલમાં જ એક ખૂણે એ યોગસાધના કરતા. સહ કેદીઓનાં સંગીત, અવાજ અને ઘોંઘાટ સુદ્ધાં એમને ધ્યાનભંગ ન કરી શકતાં. જેલમાં માથામાં નાખવાનું તેલ તો મળતું નહોતું, છતાં અરવિંદના શ્યામલ વાળ ચમકતા હતા. યોગના પ્રાબલ્યને પ્રતાપે એમનામાં શારીરિક પરિવર્તનની પ્રતીતિ થતી હતા. શ્રી અરવિંદના એક જેલસાથી શ્રી ઉપેન્દ્રનાથ બંદોપાધ્યાયે લખ્યું છે કે જ્યારે એક વાર મેં એમનું દર્શન કર્યું ત્યારે એમની આંખ કાચના લખોટા જેવી લાગી. મેં બીજાઓને બોલાવી અરવિંદની આ ઝાંખી કરાવી. શ્રી અરવિંદ પાસે કોઈ જઈ પણ ન શકે એવી સ્થિતિ લાગી. આખરે સચીને સાહસ કર્યું. એણે જઇને પૂછ્યું : 'આધ્યાત્મિક સાધનાથી તમે શું પ્રાપ્ત કર્યું?'

શ્રી અરવિંદે તેને ખભે હાથ મૂકી કહ્યું : 'શું?...જેની હું ઝંખના કરતો હતો તે.' પછી તેમણે કહ્યુ કે મેં વૈદિક અને તાંત્રિક યોગસાધના કરી છે. એટલે સૌએ એમને પૂછ્યું :'આ ખટલા સંબંધી તમને શું લાગે છે?'

'હું છૂટી જઈશ.' ઉત્તર મળ્યો.

અને એ આગાહી સાચી પડી. એક વર્ષે ચુકાદો આવ્યો : ઉલ્હાસ અને બારીન્દ્રને ફાંસી, દસને જીવનભરની આંદામાનની કાળાપાણીની કેદ, બીજાઓને પાંચથી દસ વર્ષની સખત કેદ, અરવિંદને મુક્તિ.

ઉલ્હાસ હરખઘેલો થઈ ગયો! એ હસતો હસતો બોલ્યો : 'ઈશ્વરનો ઉપકાર; આખરે આ તમાશો પૂરો થયો.' આ સાંભળીને એક ગોરા વૉર્ડરે પોતાના બીજા સાથીને કહ્યુ : 'જો તો ખરો; આ માણસને ફાંસી થવાની છે અને છતાં હસે છે.' પેલો સાથી આઈરિશ હતો. તેણે કહ્યુ : 'હા રે; હું જાણું છું. એ બધા મૃત્યુ પ્રતિ હસે છે.'

શ્રી અરવિંદ ઘોષ ૧૯૦૯ના મેની પાંચમી તારીખે છૂટયા. તે પછી ૪થી એપ્રિલ ૧૯૧૦ને દિને પૉંડિચેરી પહોંચ્યા. ત્યાં એમણે પૂર્ણયોગ સાધ્યો, આશ્રમ સ્થાપ્યો અને પોતાનું જીવનધ્યેય પરિપૂર્ણ કર્યું.

બારીન્દ્ર હવે ફાંસીને બદલે માંડલેમાં કાળાપાણીની સજા ભોગવતા હતા. ૧૯૦૯થી ૧૯૧૯ સુધી તે એ એકાંત દોઝખમાં જ રહ્યા. અહીં એમણે લોકમાન્ય ટિળકને પગલે લેખનકાર્ય કર્યું. 'દ્વીપાંતરેર બંશી' નામે કાવ્યસંગ્રહ ને પોતાની આત્મકથા યે લખી, જેમાં રસિક પ્રવાહી અને જોશીલી શૈલીમાં ક્રાંતિકારી તરીકેના અનુભવો તથા દૂરસુદૂરના એ એકાંતવાસનાં વિચારમંથનો છે.

મુક્તિ

૧૯૧૯માં પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયું ને નવું બંધારણ આવ્યું. તેમાં ભારતને થોડા સુધારા મળ્યા. એના શુભ પ્રારંભને નિમિત્તે કાળાપાણીમાંથી ક્રાન્તિવાદીઓ છૂટયા. તેમાં બારીન્દ્ર, ઉપેન્દ્રનાથ બૅનરજી, અવિનાશ ભટ્ટાચાર્ય ને બીજા પણ છૂટયા.

બારીન્દ્ર ભારત આવીને દેશબંધુ દાસે સ્થાપેલા 'નારાયણી' પત્રના તંત્રી થયા. એ બંધ પડતાં 'બસુમતી'ના તંત્રી થયા અને છેક ૧૯૫૭ સુધી એ દૈનિકનું સંપાદન કરતા રહ્યા. તે દ્વારા જુસ્સાદાર નિર્ભય પત્રકાર તરીકેની આજીવન ખ્યાતિ એમણે મેળવી. ગાંધીજીએ અસહકાર શરૂ કર્યો ત્યારે બારીન્દ્રે વચ્ચે 'બિજલી' શરૂ કર્યું હતું, જેમાં એમના નિકટવર્તી સાથી ઉપેન્દ્રનાથ બૅનરજી પણ હતા. જૂના 'જુગાન્તર' પત્રનું એ સારું જેવું વારસ થયું હતું.

ઉપરાંત બારીન્દ્રે ઘણાં પુસ્તકો પણ લખ્યાં. એમાં 'અગ્નિયુગ' મુખ્ય છે. થોડો વખત એ અરવિંદ આશ્રમમાં પણ ગએલા, પણ ત્યાં એમને ઝાઝું ગોઠયું નહિ. બારીન્દ્રનાં પુસ્તકો પૈકી બે તો ૧૯૧૯–૧૯૨૦ના અરસામાં ગુજરાતીમાં ગાંડીવ સાહિત્ય મંદિરે પ્રકટ કર્યા હતાં : 'કાળાપાણીની કથા' અને 'બૉંબયુગનું બંગાળા'. એમાં બારીન્દ્રની મંડળીનાં કાર્યો અને અનુભવોનું રસપ્રદ બયાન આવે છે.

એ ઉપરાંત ગાંડીવે 'પંજાબનું પ્રચંડ કાવતરું' પણ પ્રકટ કર્યું હતું. ગાંધીજીના અસહકારયુગ ને ઊગમકાળે આ પુસ્તકોએ ગુજરાતમાં દેશભક્તિ પ્રેરવામાં ઓછો ફાળો નથી આપ્યો. પછી તો એ પુસ્તકોની ઘણી આવૃત્તિઓ પણ થઈ. પરિણામે ૧૯૩૨માં સરકારે ગાંડીવ પ્રકાશનમંદિર પર છાપો માર્યો ને છાપખાનું તથા પુસ્તકો જપ્ત કર્યાં.

બારીન્દ્રનું જીવન

બારીન્દ્રનું જીવન એટલે બેસતી વીસમી સદીના રાજકારણનું મુખ્ય પ્રકરણ. એમનાં પુસ્તકો એટલે ઉદ્દામ રાષ્ટ્રવાદ, ઉત્કૃષ્ટ દેશભક્તિ અને બ્રિટિશ શાસકોની સિતમગીરીનો સચોટ વૃત્તાંત. આખા બંગાળને બલકે સમસ્ત રાષ્ટ્રને, સમગ્ર બ્રિટિશ નોકરશાહીને પોતાની પ્રવૃત્તિ પ્રતિ ખેંચી રાખતા જુવાન બારીન્દ્રના જીવનનો પરિચય પ્રેરક છે.

આ માણસ! જે દસ દસ વર્ષ માથું હાથમાં રાખીને ઝૂઝ્યો, જેણે અકથ્ય સંકટોનો સામનો કર્યો, ભીષણ પ્રતિજ્ઞાઓ લીધી, લેવડાવી ને પાર પાડી, એના હૃદયના આતશની ગરમી દેશથી જીરવાય એમ નહોતું. જાણે એ એના કાળથી વહેલો જન્મ્યો ન હોય, જાણે એનો આદેશ ઝીલવા પ્રજા એકબે દાયકા મોડી પડી ન હોય!

બારીન્દ્ર ભડવીર ત્યાગી પુરુષ હતા. ભારતના સ્વાતંત્ર્યસંગ્રામનો ઇતિહાસ લખવા માટે ભારત સરકારે જે પ્રયાસ કર્યો તે અંગે એમને બંગાળ પ્રદેશ કૉંગ્રેસ સમિતિ ને શ્રી પ્રફુલ્લચન્દ્ર ઘોષ સાથે મતમતાંતર પડયા હતા. લગભગ બે વર્ષ પર દિલ્હીમાં જૂના ક્રાંતિવાદીઓની સભા ભરાઈ ત્યારે યોગ્ય રીતે જ તેનું અધ્યક્ષસ્થાન બારીન્દ્રને અપાયું હતું. એ સભામાં દેશના સ્વાતંત્ર્યસંગ્રામના જીવંત તંતુ રૂપે એક જુદો જ ઇતિહાસ લખવાનો ઠરાવ થયો હતો.

બારીન્દ્ર વાજબી રીતે જ બંગાળની—ભારતની ઉદ્દામ સશસ્ત્ર

ક્રાંતિના પિતા હતા. આટલું ઉગ્ર કાર્ય કર્યાં છતાં સ્વભાવે એ બહુ જ ઠરેલ, મળતાવડા ને ઉપકારક હતા. આ લેખના લેખકને ગુજરાતની વીસમી સદીના પહેલા દાયકાની ક્રાંતિકારી પ્રવૃત્તિની તવારીખના થોડા આંકડા મેળવવા નિમિત્તે ૧૯૫૪-૫૫માં એમની સાથે પત્ર દ્વારા પરિચય કરવાનો પ્રસંગ મળ્યો હતો. તે સમયે, વૃદ્ધ વયે અને નબળી આંખની કઠણાઈ હતી તો યે, એમણે જે વૃત્તાંતો અનુભવો અને હકીકતો લખી મોકલ્યાં હતાં તે એમનાં દેશપ્રેમ અને ઈતિહાસનિષ્ઠાને ધન્ય કરે છે. એ આખી ઇતિહાસનોંધ આજે મુંબાઈ સરકારને દફતરે પડી છે. કદાચ ભાગ્યે જ પ્રકટ થશે!

બારીન્દ્રનો શારીરિક બાંધો તદ્દન એકવડો, અને જેલમાં એમણે ૧૨ વર્ષ અસાધારણ કષ્ટ બરદાસ્ત કરેલાં, છતાં એમનું આરોગ્ય સંતોષપ્રદ રહ્યું હતું. એમનું બુદ્ધિબળ પણ એટલું જ તેજસ્વી ને પારદર્શક રહ્યું હતું. એમની લેખનશૈલી ઠેઠ સુધી ઉગ્ર, ઊર્મિલ અને પ્રેરક રહી હતી. કલકત્તામાં એક પણ અંગ્રેજી યા બંગાળી સામયિક એવું નહોતું જેણે એમના લેખ પ્રકટ કરવામાં ઉત્સાહ ન સેવ્યો હોય. એમની શૈલીથી જ એમના લેખ પકડાઈ જતા.

જીવનભર દેશકાર્ય કરતાંકરતાં બારીન્દ્રનું શરીર હવે થાક્યું હતું. એમને હૃદયરોગના હુમલા શરૂ થયા અને આંખો અતિશય નબળી પડી ગઈ. અવસાનના થોડા સમય પૂર્વે તો એમનું લેખનવાચન પણ બંધ થયું હતું. એમની આર્થિક સ્થિતિ યે કરુણાજનક હતી.

અવસાન

અંતે હિંદના એ અગ્નિયુગના પ્રથમ કક્ષાના જવાંમર્દનું ૭૯ વર્ષની જૈફ વયે હૃદયરોગના હુમલામાં અવસાન થયું. ૧૯૫૯ની ૧૮મી એપ્રિલે બૉંબયુગનો એ બહાદુર પ્રણેતા માભોમને છેલ્લી વાર નીરખી ગયો.

કલકત્તામાં સન્નાટો છાઈ ગયો! કલકત્તાની કારાણી આસ્પિટલમાંથી એમનો મૃતદેહ કૉંગ્રેસ ભવનમાં લઈ જવામા આવ્યો ત્યાં રાતભર એ હુતાત્માનાં દર્શન કરી બંગાળે એને છેલ્લી અંજલિ આપી. રવિવાર તા. ૧૯મીની સવારે એમની સ્મશાનયાત્રા કલકત્તાના મુખ્ય વિસ્તારોની પ્રદક્ષિણા ફરી કેયોરતોલા ઘાટ પર પહોંચી. બંગાળ કૉંગ્રેસ ને બારીન્દ્ર વચ્ચે મેળ નહોતો, છતાં બંગાળ કૉંગ્રેસે એમને આખરનું બધું માન આપવામાં લેશમાત્ર કચાશ ન રાખી.

સ્વરાજના પુણ્યસાધક

બારીન્દ્ર પોતાના પત્નીને મૂકી ગયા છે. જીવનનાં ૭૯ વર્ષમાંથી સાઠ વર્ષ એમણે દેશની મુક્તિ માટે અર્પણ કર્યાં હતાં. એમણે તન, મન, ધન અને પોતાનું સમગ્ર કૌવત દેશને ન્યોછાવર કર્યું હતું. દેશને સ્વરાજ મળ્યું તે એ ઇમારતના પાયામાં પોતાનાં હાડ, ચામ અને ખૂન સીંચનાર બારીન્દ્ર સમા પુરુષોની ન્યોછાવરીને સાટે! એટલે જ કવિની પેલી ચાર પંક્તિઓ બારીન્દ્રના જીવનનો પયગામ ગાઈ રહી છે:

ઝિંદગી અપની ફસાના હૈ ઝમાનેકે લિયે,
ગુમ હુએ હૈં હમ યહૅાંસે, યાદ આનેકે લિયે;
મર ગયે, લેકિન ઝમીં પર નામ પૈદા કર ગયે,
જાન જાને કે લિયે હૈ, મોત આને કે લિયે.

ગણિતગમ્મત

ઑક્ટોબર-'કુમાર'માં પોતે આપેલી 'ગણિતગમ્મત'માં શ્રી સુરેશ મોદીએ ૨, ૩,... અને ૯ વડે ભગાતી સંખ્યાઓ, ક્રમબદ્ધ શોધી રજૂ કરી છે એ માટે એ પ્રશંસા અને અભિનંદનના અધિકારી છે.

એ સંખ્યાઓ કઈ રીતે શોધવી એ એક ઉદાહરણથી સમજવું ઠીક પડશે. ધારો કે આપણે ગમે તેટલા અંકવાળી એક એવી સંખ્યા શોધવી છે કે જેને ૪ વડે ભાગતાં, ભાગાકાર બીજી કોઈ સંખ્યા નહિ પણ શોધવાની છે એ મૂળ સંખ્યાનો જ આરંભનો અંક ખસેડીને અંતે મૂકવા માત્રથી બનતી સંખ્યા જ હોય. ખ્યાલમાં રાખવા જેવી વાત એ છે કે જ્યારે ભાગાકાર ૪ વડે કરવાનો છે ત્યારે શોધવાની સંખ્યાનો આરંભેથી અંતે ખસેડવાનો અંક પણ ૪ જ છે-બીજો નહિ. આવું જ ૨ થી ૯ સુધીના અંકો વડે ભગાતી સંખ્યાઓ માટે પણ છે. આ જ ધારણાને ઊલટરીતે વિચારતાં એનો અર્થ એ થયો કે આપણે એક એવી સંખ્યા શોધવી છે કે જેને ૪ વડે ગુણતાં, ગુણાકાર બીજી કોઈ સંખ્યા નહિ પણ શોધવાની છે એ સંખ્યાનો જ અંતનો અંક આરંભે ખસેડવા માત્રથી બનતી સંખ્યા જ હોય.

ભાગાકારરૂપ આ પ્રમાણે મળે છે:

૪૧૦૨૫૬÷૪=૧૦૨૫૬૪.

તેને જ ગુણાકારરૂપે ગોઠવતાં મળે છે:

૧૦૨૫૬૪×૪=૪૧૦૨૫૬

આ ગુણ્ય, ગુણક અને ગુણાકારના અંકો જુઓ. હવે જેને ૪ વડે ભાગવી છે એ મૂળ સંખ્યા ૪૧૦૨૫૬ કેવી રીતે મેળવી શકાય છે તે ધ્યાનથી સમજીએ: ગુણાકારરૂપમાં ગુણ્યનો છેડેનો અંક ૪ રહેશે, ગુણક અંક ૪ છે અને ગુણાકારનો શરૂઆતનો અંક ૪ રહેશે, એ આપણે જાણીએ છીએ. આટલી જાણ પરથી ગુણ્યના બાકીના અને ગુણાકારના બધા જ અંકો મેળવી શકાય છે. એ તો ચોખ્ખું છે કે ગુણ્યનો છેડેથી બીજો અંક ગુણાકારનો છેડેનો અંક જ હોય, ગુણ્યનો છેડેથી ત્રીજો અંક ગુણાકારનો છેડેથી બીજો અંક જ હોય અને એ જ રીતે આગળ બધા અંકો આવે એવી જ સંખ્યા આપણે શોધવાની છે. હવે ગુણાકારનો છેડેનો અંક ૬ આપણે મેળવી શકીએ છીએ; કારણ કે ૪ (ગુણ્યનો છેડેનો અંક)×૪ (ગુણક અંક)=૧૬નો ૬, (વધી પડ્યો ૧), આ ૬ પરથી આપણે કહી શકીએ કે ગુણ્યનો છેડેથી બીજો અંક ૬ જ છે. ગુણ્યના છેડેના ૪ની આગળ ૬ મૂકી ગુણાકાર આગળ કરો. હવે ગુણાકારનો છેડેથી બીજો અંક ૫ આપણે મેળવી શકીએ છીએ; કારણ કે ૬ (ગુણ્યનો છેડેથી બીજો અંક) ×૪ (ગુણક અંક)=૨૪ અને વધી પડેલો તે ૧ એટલે ૨૫નો ૫, (વધી પડ્યા ૨). આ રીતે આગળ વધતાં ગુણાકારનો છેડેથી ત્રીજો, ચોથો, પાંચમો-એમ આગળ અંકો મેળવતાં, જ્યારે પણ ૪ આવે અને વધી પડે નહિ ત્યારે આપણું કામ પૂરું થાય છે. મેળવેલા ગુણાકારરૂપને ઉલટાવી ભાગાકાર રૂપે લખો.

જોઈતી સંખ્યા ૪૧૦૨૫૬નું જ ઉદાહરણ ટૂંકાણ અને સરળતા માટે લીધું છે.

—કનુ રા. ડાભી

કૈ૦ મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન ઇનામી નિબંધ · ૧૯૬૦-૬૧

કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન-સમિતિ તરફથી 'અગ્નિ-એશિયામા ભારતીય વસાહતો' એ વિષય ઉપર બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ અને સૂરત જિલ્લાના કોઈ પણ વતનીને, ઇનામી નિબંધ લખી તા. ૧૫મી જૂન ૧૯૬૧ સુધીમાં મોકલવા આમંત્રણ છે. શ્રેષ્ઠ નિબંધના લેખકને રૂા. ૩૦૦નું ઇનામ અપાશે. નિબંધ ફૂલ્સ્કૅપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે, દસ હજારથી પચીસ હજાર શબ્દોમાં, ગુજરાતી, હિંદી કે મરાઠી એ ત્રણમાંથી એક ભાષામાં લખેલો હોવો જોઇએ. સરનામું: મંત્રી, કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન-સમિતિ, પ્રાચ્ય વિદ્યામંદિર, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી બિલ્ડિંગ, વડોદરા.

આ માસ(નવેમ્બર) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : સર વિન્સ્ટન ચર્ચિલ

આ છેલ્લી અરધી સદી દરમ્યાન ઇંગ્લંડનાં ગૌરવ અને વિજયની સતત પ્રસ્થાપના કરતા



રહીને વિશ્વમાં નવો જ ઇતિહાસ રચનાર, વિશ્વસમસ્તના સમર્થતમ રાજદ્વારી પુરુષ સર વિન્સ્ટન લિયૉનાર્ડ સ્પેન્સર ચર્ચિલનો જન્મ ઈ. ૧૮૭૪ની ૩૦મી નવેમ્બરે થયો હતો. પિતા રૅન્ડૉલ્ફ રાજકારણમાં અગ્રણી વ્યક્તિ હતા. માતા જેની જેરોમ ન્યૂ યૉર્કનાં હતાં.

વિન્સ્ટને પ્રારંભિક અભ્યાસ તો હૅરો સ્કૂલમાં કર્યો. પણ તોફાની ને ભણવામાં ઠોઠ હોવાથી પિતાએ તેને સૅન્ડહર્સ્ટની લશ્કરી કૉલેજમાં મૂક્યો, જ્યાંથી નીકળ્યા બાદ ૨૧ની વયે 'ફૉર્થ હુસાર્સ' ટુકડીમાં તેને જગ્યા મળી. પછી યુદ્ધ ખબરપત્રી બનીને તે ક્યૂબા અને ઇજિપ્ત ગએલો, તથા વચ્ચે હિંદ આવતી ત્રણ બ્રિગેડોમાં પણ શામેલ થએલો.

સૌ પ્રથમ ૧૮૯૯ની પાર્લમેન્ટ ચૂંટણીમાં તે ઊભો રહ્યો, પણ હાર્યો. એટલે બોઅર યુદ્ધના ખબરપત્રી તરીકે ૧૯૦૦માં દક્ષિણ આફ્રિકા ગયો ત્યાં એ કેદ પકડાએલો, પણ અજબ સિફત વાપરી ભાગી છૂટેલો. એ જ સાલમાં બીજા પ્રયત્ને તે પાર્લમેન્ટમાં ચૂંટાયો અને પાંચ વરસમાં તો ૧૯૦૫માં લિબરલ સંસ્થાનમંત્રીના હાથ નીચે સંસ્થાનોનો નાયબમંત્રી બન્યો. ૧૯૦૮ના સપ્ટેમ્બરમાં પ્રેમાળ, સમજદાર ને સ્વતંત્ર-ઉદાર વિચાર ધરાવતી ક્લીમેન્ટીન ઓગિલ્વી સ્પેન્સર સાથે તેનું લગ્ન થયું.

વિચક્ષણ ને વિલક્ષણ ચર્ચિલની શક્તિને બ્રિટને હવે તો નાણી લીધી હતી. ૧૯૧૧માં નૌકાખાતામાં તેની નિમણૂક થતાં તેણે નૌકાદળને સુસજ્જ બનાવ્યું, અને પહેલા મહાયુદ્ધ વખતે ૧૯૧૭ની ૧૭મી જુલાઇએ તેની શસ્ત્ર-સરંજામ ખાતાના પ્રધાન તરીકે નિમણૂક થઈ. ત્યાંથી તે સંસ્થાનખાતામાં ગયો. પછીની બ્રિટનની સામાન્ય ચૂંટણીમાં તે હારી ગએલો.

૧૯૦૪માં છોડેલા કૉન્ઝર્વેટિવ પક્ષમાં ફરી ૧૯૨૪માં જોડાઇને તે નાણામંત્રી બન્યો. પણ ૧૯૩૧માં અસ્તિત્વમાં આવેલી રાષ્ટ્રીય મિશ્ર સરકારમાં જોડાવા તેને આમંત્રણ મળેલું નહિ.

બીજા મહાયુદ્ધમાં ૧૯૪૦ની ૧૦મી મેએ હૉલેન્ડ અને બેલ્જિયમ પર એકીસાથે હલ્લો કરીને જર્મન લશ્કર ફ્રાન્સ તરફ આગળ વધતું હતું, ત્યારે બરાબર એ જ દિવસે બ્રિટનનાં સત્તાસૂત્ર ચર્ચિલને સોંપી તેને વડો પ્રધાન નીમવામાં આવ્યો. બ્રિટનની એ અંધારઘેરી પળે તેણે પ્રજાને સાફ જણાવી દીધું: 'મારી પાસે તમને આપવા માટે ખૂન, જહેમત, આંસુ અને પસીના સિવાય કશું જ નથી.' અમર બનેલા તેના આ નિખાલસ-પ્રેરક શબ્દોએ બ્રિટનની નૈતિક તાકાતને વધારી દીધી.

૧૯૪૧માં બીજા મહાયુદ્ધની ભીષણ પળે તેણે પ્રે. રૂઝવેલ્ટ સાથે આટલાન્ટિક કરાર કર્યા. ૧૯૪૩ના નવેમ્બરમાં તહેરાન ખાતે રૂઝવેલ્ટ-ચર્ચિલ-સ્તાલિનની એવી જ પહેલી મૈત્રી-મુલાકાત થઈ. ૧૯૪૫માં જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારતાં યુદ્ધની પૂર્ણાહુતિ થઈ, તેમાં ચર્ચિલની પ્રકાંડ મુત્સદ્દીગીરી, સમયસૂચક નિર્ણયશક્તિ અને વ્યૂહરચનાની આગવી પ્રતિભાનો મોટો ફાળો છે. યુદ્ધ પૂરું થતાં સરકારમાંથી સમાજવાદીઓ ખસી જતાં તેણે 'રખેવાળ' સરકાર રચી, પણ ૧૯૪૫ની ૨૬મી જુલાઈની ચૂંટણીમાં સમાજવાદીઓ જીતતાં ક્લીમેન્ટ એટલીને માટે તેણે જગ્યા કરી આપી.

ફરી ૧૯૫૦ની ચૂંટણીમાં કૉન્ઝર્વેટિવ પક્ષ જીતતાં તે વડા પ્રધાનને પદે આવ્યો, અને ઇંગ્લંડને ફરી શસ્ત્રસજ્જ બનાવવાનો કાર્યક્રમ અપનાવ્યો. ચર્ચિલ આજે અંગ્રેજી ભાષાનો સ્વામી ગણાય છે. તેણે રચેલાં પુસ્તકો છે: 'મેમ્વર્સ ઑવ ધ ગ્રેટ વૉર(૧૯૧૪-૧૮)', 'લાઈફ ઑવ માર્લબરઅ', 'ધ સેકન્ડ વર્લ્ડ વૉર' (૬ ભાગમાં, ૧૯૪૮-૫૪) વગેરે. ૧૯૫૩નું સાહિત્ય માટેનું નૉબેલ પારિતોષિક તેને અપાએલું.

સાહસ, અડગતા, યુયુત્સા અને સામ્રાજ્યરક્ષાનું તે પ્રતીક મનાય છે. સ્વદેશની ૬૦ વર્ષ સુધી જગત-ઇતિહાસમાં સીમાંકિત, અપ્રતિમ વિજય-ગૌરવભરી સેવા બજાવીને ૧૯૫૫થી તે રાજકારણમાંથી નિવૃત્ત છે.

દિનવિશેષ

તા. ૧ ૧૪૦ વર્ષે મુક્ત બનેલી ભારતમાંની ફ્રેન્ચ વસાહતોનો વહીવટ ભારતને સોંપાયો, ૧૯૫૪.
તા. ૩ વિશ્વખ્યાત નાટ્યકાર ને અમોઘ શક્તિસંપન્ન વક્તા જ્યૉર્જ બર્નાર્ડ શૉનું અવસાન, ૧૯૫૦.
તા. ૪ દિલ્હી મુકામેથી કૉંગ્રેસની કારોબારી સમિતિએ વિદેશી કાપડનો બહિષ્કાર કર્યો, ૧૯૨૧.
તા. ૬ ફત્તેસિંહરાવ ગાયકવાડ સાથે સંધિ કરીને અંગ્રેજોએ અમદાવાદ મેળવ્યું, ૧૮૧૭.
તા. ૧૦ બંગાળી સ્વાતંત્ર્યવીર કન્હાઈલાલ દત્ત અને સત્યેન્દ્ર દત્તને ફાંસીની સજા કરાઈ, ૧૯૧૭.
તા. ૧૧ કથકલી નૃત્યના ઉદ્ધારક 'કેરળ કોકિલ'-કવિ વળ્ળત્તોળ નારાયણ મેનનનો જન્મ, ૧૮૭૮.
તા. ૧૨ સર્જરીમાં આશીર્વાદરૂપ, બેહોશીની દવા ક્લૉરોફૉર્મ પ્રથમ અમલમાં મુકાઈ, ૧૮૪૧.
તા. ૧૪ વિશ્વશાંતિની આજની આશા–આપણા વડા પ્રધાન પં. જવાહરલાલનો જન્મ, ૧૮૮૯.
તા. ૧૯ સુએઝની નહેર બાંધનાર પ્રખ્યાત ફ્રેન્ચ ઇજનેર ફર્ડિનાન્ડ દ લેસેપ્સનો જન્મ, ૧૮૦૫.
તા. ૨૦ સર્વકળાઓમાં જીવનાલક્ષના સાધનના દ્રષ્ટા સાહિત્યર્ષિ ટૉલ્સ્ટૉયનું અવસાન, ૧૯૧૦.
તા. ૨૯ પીડિતો-પછાતોના એકનિષ્ઠ સેવક-ઉદ્ધારક અમૃતલાલ ઠક્કર(બાપા)નો જન્મ, ૧૮૬૯.

પ્રસંગવિશેષ : પહેલા વિશ્વયુદ્ધનો અંત, ૧૧મી નવેમ્બર ૧૯૧૮

ઈ. ૧૯૧૪ની ૧લી ઑગસ્ટથી આરંભાએલા પ્રથમ વિશ્વયુદ્ધમાં ઇંગ્લંડ–ફ્રાન્સ એ બે મુખ્ય મિત્રરાજ્યોનો પક્ષ ઉત્તરોત્તર સબળ ને વિશાળ થતો ગયો, જ્યારે તકસાધુ ઇટાલીની (પાછળથી તે મિત્રરાજ્યોમાં ભળી ગએલું) અને નાનકડા ઑસ્ટ્રિયાની સહાયવાળું જર્મની વાસ્તવમાં એકલું જ રહ્યું હતું. ૧૯૧૭ના જાન્યુઆરીમાં જર્મનીએ દરિયાના અમુક ભાગોમાં તટસ્થ દેશોનાં પણ વહાણો ડુબાડવાની કરેલી જાહેરાતથી છેડાઇને અમેરિકા પણ ૧૯૧૭ના એપ્રિલમાં યુદ્ધમાં ઊતરતાં જર્મન પક્ષ મુકાબલે નબળો બન્યો. જો કે ૧૯૧૮ના માર્ચમાં જર્મની અંગ્રેજો તથા ફ્રેન્ચોની હરોળ ભેદીને માર્ન નદીના કિનારા સુધી કૂચ કરી ગયું હતું, પણ ત્યાં તો અમેરિકાથી સૈન્ય આવી પહોંચ્યું. બધાં મિત્ર-સૈન્યો ફ્રાન્સના માર્શલ ફૉશના સરસેનાપતિપદ નીચે મુકાયાં. પહેલ મિત્રસૈન્યોએ કરી, જર્મની હવે થાકી ગયું હતું. ચોથી નવેમ્બરે જર્મન નૌકાસૈન્યે નામનું બંડ કર્યું. અંતે જર્મની હાર્યું, તે દિવસે ૧૯૧૮ની ૧૧મી નવેમ્બરે અમેરિકન પ્રમુખ વૂડ્રો વિલ્સને ઘડેલા ચૌદ મુદ્દાઓ પર આધારિત તહકૂબીની શરતો પર સહીઓ થઈ, ને યુદ્ધની પૂર્ણાહુતિ થઈ.

ચાળણી થોથાં રાખીને કાઢી નાખે સાર;
સૂપડું સાર જ સંઘરે, છાંડે માંહ્યથી ધાર.

પોતાના પ્રામાણિક અને સ્વતંત્ર મતને વળગી રહેવા માટે સર ટૉમસ મોરને ઇંગ્લંડના રાજા આઠમા હેન્રીએ જ્યારે કારાવાસમાં નાખ્યો ત્યારે તેની મુલાકાતે આવેલી તેની પ્રેમાળ પત્નીએ ત્યાંનાં દુ:ખ તથા દુર્દશા જોઈ દ્રવતે અંતરે કહ્યું કે 'તમે તમારી નાહક જિદ્દથી આ દુ:ખ ભોગવી રહ્યા છો. નહિતર જીવનની આ ઉત્તરાવસ્થામાં આપણા મહેલમાં સુખ-ચેનમાં રહેત.' પત્નીનો ઊભરો ઠલવાયા પછી મોરે તેને શાંતિથી પૂછ્યું, 'પરંતુ આ કેદખાનું પણ આપણા મહેલ જેટલું જ પ્રભુના દરબારની નજીક નથી?'

અનેકાર્થી શબ્દ: **ગોળ**=શેરડીના રસમાંથી બનતો ખાદ્ય પદાર્થ; વર્તુળ; ગોળ આકાર; નક્કર ચક્રાકાર પદાર્થ; પરસ્પર કન્યાની લેવડ-દેવડ માટે નક્કી કરેલું જ્ઞાતિનું જૂથ; ફ ચદો; મંડળ, સમૂહ, ટોળું; હદ, મર્યાદા; ગાયોનું સ્થાન–ગોંદરો; એક જાતનું મોટું વૃક્ષ; એક જાતની માછલી; ગોળ આકારનું.

ગમ્મતભર્યો સરવાળો

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
	૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
								વત્તા	૨
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨

આની ચાવી તમને સમજાઈ હશે તો આવી ઘણી ગમ્મતો એમાંથી ઉપજાવી શકશો.

કહેવતો કેમ પડી? 'વૉટરકહેતાં મરી ગયો' –સૂરત જિલ્લાના ગામડાના એક ખારવાને કોઈ અંગ્રેજ નોકર તરીકે વિલાયત લઇ ગએલો તે પાછો પોતાને ગામ આવ્યો ત્યારે ઠાંસમાં ને ઠાંસમાં બને તેટલા અંગ્રેજી શબ્દો જ વાપરે. એવામાં એ માંદો પડચો, તેમાં પણ એ લત છૂટી નહિ, અને આકરો તાવ ભરાતાં તરસ લાગી તેમાં પણ 'વૉટર' શબ્દ જ લવ્યા કરે. તે તેનાં અભણ કુટુંબીઓ કાંઈ સમજે નહિ, પાણી તો ખાટલા નીચે જ પડયું હતું, તો યે એ 'વૉટર વૉટર' કરતો મરી ગયો, તે પરથી એ પ્રદેશમાં ખોટી ઠાંસ મારવામાં હેરાન થનાર માટે કહેવત ચાલે છે કે 'એલાર ગિયો પેલાર ગિયો, ને શીખી લાવ્યો ફુહાણી, વૉટરકહેતાં જાન ગયો ને ખાટલા હેઠળ પાણી.' ૪૭૮ ('કુમાર' અંક ૪૪૩)



વિકસતું વિજ્ઞાન: સ્ટીલના પાઈપની ખુરશીઓમાં કાચના રેષાઓની બનાવેલી આ બેઠકો અને પીઠ અવનવા રંગોમાં તો મળે છે જ, પણ એને ગમે ત્યારે બદલી પણ શકાય છે. પાણીની અસર, ઉષ્ણાતામાનની ગમે તેવી વધઘટ અને જીવાતથી તે તદ્દન સુરક્ષિત રહે છે.



કલાકણિકા: પોખરાજના નંગ જેટલું સોનાચાંદી ને ત્રાંબાની મિશ્રકારીગરીવાળું તિબેટનું એક પૂજાપાત્ર, ઘાટ પર ચીની કળાની અસર છે.

યુવાનોએ સાધુચરિત, આરૂઢઅભ્યાસી, આશાવંત, દઢનિશ્ચયી ને કાર્યસંપન્ન બનવું જોઇએ. એવા યુવાનો માટે સમગ્ર પૃથ્વી દ્રવ્યપૂર્ણ બની જાય છે.
(તૈત્તિરીય ઉપનિષદ)

હિરકચા (અરધા કાચા ને અરધા પાકા) પોપૈયાને વચ્ચેથી ચીર્યા પછી તેની કપાએલી કિનાર ઉપર રસના જે મોતિયા બાઝે છે તે સ્વચ્છ રૂ ઉપર લઈલઇને હરસ પર લગાડવાથી જરા તમતમશે; પણ સૂકા કે દૂઝતા ગમે તેવા હરસ માટેનો એ પણ એક ઇલાજ છે.

ઇસ્ત્રી કરતી વખતે કપડાં પર પાણી છાંટવા માટે પહોળા મોંની પેચવાળા ઢાંકણાવાળી નાની બરણી કામ લાગશે. માત્ર તેના ઢાંકણા પર ઝીણાંઝીણાં કાણાં પાડી લેવાનાં.



પાકિસ્તાનમાં લશ્કરી શાસન સ્થપાયું એ 'ક્રાંતિદિન'ની બીજી સંવત્સરી નિમિત્તે ગઈ તા. ૨૭મી (ઑક્ટોબર)ના રોજ ખાસ ફર્સ્ટ ડે કવર સાથે બહાર પડેલી બે પૈકીની આ ટિકિટ ઉપર 'પાયાની લોકશાહી, જમીન-સુધારણા અને નિર્વાસિતોની વસાહત'ના કાર્ય-ક્રમનું નિરૂપણ વિવિધ પ્રતીકો દ્વારા કર્યું છે. જમણી બાજુની ઇમારતના પાયામાં પહેલો થર આઠ કરોડ જનસંખ્યાનો અને બીજો ૮૦ હજાર પાયાના લોકપ્રતિનિધિઓ દર્શાવે છે. મધ્યસ્થ સત્તાના પ્રતીકરૂપી શિખર છે. એ સિવાય જમીન-વહેંચણી દર્શાવતાં ખેતરો અને વસાહતનું પ્રતીક મકાન છે.

કનુ: કાકા, પૈસો.
કાકા: આવડો મોટો થયો ને પૈસો માગતાં શરમ નથી આવતી?
કનુ: કાકા, રૂપિયો!







વડોદરાનાં વૂડકટ

(જુઓ કલાવાર્તા)

'વાંદરાં' : દામોદર ગજ્જર

'પાળેલું પંખી' : વિનોદ પટેલ


'ફળવાળો' : એ. એમ. શાહ

'યુગલ' : પી. જે. દવે

'દ્વંદ્વ'









આ અંકમાં આપેલી 'ફોટોગ્રાફી હરીફાઈ' માટે આવેલાં ભાઈ હેમેન્દ્ર શાહ (અમદાવાદ)નાં બે ચિત્રો:
ડાબી બાજુ–'ગોષ્ઠિ' (પહેલું ઇનામ પ્રાપ્ત કરનાર) અને જમણી બાજુ: 'ઊંચે આસને' પ્રાણી અને
પ્રકૃતિની રમણીયતા નિરૂપતું પ્રશસ્ય ચિત્ર



...જે ભૂમિની પવિત્ર નદીઓને કાંઠે મંદિરોની હાર શોભી રહી છે...

...અને દક્ષિણસાગર જેનાં મંદિરોનો ચરણસ્પર્શ કરી રહ્યો છે...

